પાના ૮, કિંમત રૂ.૨, તા. ૧૭-૦૨-૨૦૨૬-મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૫૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનનું મુંબઈમાં આગમન

## ભારત-ફ્રાન્સ વચ્ચે ૩.૨૫ લાખ કરોડની ડિફેન્સ ડીલ : ભારતને વધુ ૧૧૪ રાફેલ વિમાન મળશે

**નવી દિલ્હી, તા. ૧૭**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન આજે મુંબઈમાં મુલાકાત કરશે. આ દરમિયાન બંને દેશો વચ્ચે ૩.૨૫ લાખ કરોડ રૂપિયાની ડિફેન્સ ડીલ થશે. કિંમતના હિસાબે આ ડીલ ભારતની સૌથી મોટી સૈન્ય ખરીદી હશે. આ અંતર્ગત ભારતને ૧૧૪ રાફેલ ફાઈટર જેટ મળશે.

આજની બેઠકમાં સંરક્ષણ, દરિયાઈ સહયોગ, ઈન્ડો-પેસિફિક વ્યૂહરચના, ઉભરતી ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા થશે. આ બેઠક બપોરે ૩:૧૫ વાગ્યે મુંબઈના લોક ભવનમાં યોજાશે.

બંને નેતાઓ સાંજે ૫:૧૫ વાગ્યે ભારત-ફ્રાન્સ ઈનોવેશન યર ૨૦૨૬નું ઉદ્ઘાટન કરશે. સાથે જ બંને દેશોના ઉદ્યોગપતિઓ, સ્ટાર્ટઅપ સ્થાપકો, સંશોધન નિષ્ણાતો અને ઈનોવેશન સાથે સંકળાયેલા લોકોને સંબોધિત કરશે.રાષ્ટ્રપતિ મેક્રોન ૧૭ થી ૧૯ ફેબ્રુઆરી સુધી ભારતના પ્રવાસે રહેશે. આ દરમિયાન તેઓ દિલ્હીમાં AI ઈમ્પેક્ટ સમિટમાં પણ ભાગ લેશે.

રાષ્ટ્રપતિ બન્યા પછી મેક્રોંનો આ ચોથો ભારત પ્રવાસ છે. આ પહેલા તેઓ માર્ચ ૨૦૧૮માં પહેલીવાર ભારત આવ્યા હતા. ત્યારબાદ તેઓ સપ્ટેમ્બર ૨૦૨૩માં ૪૨૦ સમિટ માટે અને જાન્યુઆરી ૨૦૨૪માં ગણતંત્ર દિવસ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે આવ્યા હતા.ભારત અને ફ્રાન્સ વચ્ચે ૧૯૯૮થી વ્યૂહાત્મક ભાગીદારી છે અને બંને દેશો સંરક્ષણ, ટેકનોલોજી,



અવકાશ અને ઊર્જા જેવા ક્ષેત્રોમાં સાથે કામ કરે છે. આ પ્રવાસ પણ આ સહયોગને આગળ વધારવાની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.ભારત અને ફ્રાન્સ વચ્ચેની રાફેલ ડીલની સૌથી ખાસ વાત એ છે કે તેમાંથી ૨૪ વિમાન 'સુપર રાફેલ' હશે. આ એડવાન્સ્ડ જેટને F-૫ વર્ઝન કહેવામાં આવી રહ્યું છે, જેને ફ્રાન્સની કંપની દસોલ્ટ એવિએશન બનાવી રહી છે.

હાલમાં ભારતીય વાયુસેના પાસે જે રાફેલ છે, તે F-૩ વેરિઅન્ટ છે અને ૪.૫ જનરેશન ફાઈટર માનવામાં આવે છે. તેમાં સ્ટેલ્થ ફીચર્સ અને પરમાણુ હથિયારો લઈ જવાની ક્ષમતા પણ છે. નવી ડીલમાં મળનારા મોટાભાગના જેટ F-4 વર્ઝનના હશે, જે વધુ એડવાન્સ સિસ્ટમ અને અપગ્રેડ ટેકનોલોજી સાથે આવશે.

જણાવવામાં આવી રહ્યું છે કે યુરોપિયન સ્ટાન્ડર્ડ મુજબ F-૫ રાફેલને વધુ એડવાન્સ કેટેગરીમાં રાખવામાં આવી રહ્યા છે. આ હાલમાં ડેવલપમેન્ટ ફેઝમાં છે. પ્લાન મુજબ F-૪ જેટની ડિલિવરી ૨૦૨૮-૨૯ થી શરૂ થશે, જ્યારે ૨૦૩૦ પછી મળનારા જેટ F-5 એટલે કે સુપર રાફેલ હશે.

આ ડીલ પછી ફ્રાન્સ ઉપરાંત ભારત તે પસંદગીના દેશોમાં સામેલ થઈ જશે, જેમની પાસે આટલી એડવાન્સ ક્ષમતાવાળા રાફેલ ફાઈટર જેટ હશે. આનાથી વાયુસેનાની તાકાત અને ટેકનોલોજી લેવલ બંનેમાં મોટો વધારો માનવામાં આવી રહ્યો છે.

# આવતી કાલે વિધાનસભામાં રાજ્યનું ૪૧મું બજેટ રજૂ થશે

### નાણામંત્રી કનુભાઈ દેસાઈના બજેટ કદ રૂ. ૪ લાખ કરોડથી વધુ હશે

ગાંધીનગર, તા. ૧૭

ગઈકાલથી પ્રારંભ થઈ રહેલા ગુજરાત વિધાનસભા બજેટ સત્રમાં હવે આવતીકાલે રજુ થનારા રાજ્યના બજેટનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે અને નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા તેમનું ચોથુ અને ગુજરાતનું ૪૧મું બજેટ રજુ કરશે

વ્યાપાર અને ઉદ્યોગ ક્ષેત્રે ગુજરાતે જે રીતે દેશમાં સૌથી અગ્રણી રાજ્ય તરીકે સ્થાન મેળવ્યું છે તે જોતા રાજ્યમાં આગામી સમયમાં વિકાસને વેગ આપવા માટે બજેટનું કદ રૂા.ચાર લાખ કરોડથી પણ વધી શકે છે અને ખાસ કરીને અમેરિકાના ટેરીફના કારણે વ્યાપાર ઉદ્યોગમાં અનિશ્ચિતતાની પરિસ્થિતિ સર્જાઇ હતી તેના કારણે ગુજરાતના અનેક ઉદ્યોગકારોને સહન કરવું પડ્યું છે તે સંદર્ભમાં સરકાર પાસેથી વેરા અંગેની કોઇ વધુ ઉદાર યોજનાની પણ અપેક્ષા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાખવામાં આવી છે અને ખાસ કરીને રાજ્યમાં ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસને મહત્વ આપવામાં આવશે.

ખાસ કરીને નાના વેપારીઓ કે જેણે હવે મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમીલનાડુ, પંજાબ, કર્ણાટક અને કેરળમાં જે વ્યાપારીઓ માટે ઉદાર વેરા માફી યોજનાઓ આવી છે તે જ ગુજરાતમાં આવતીકાલના બજેટમાં જોવા મળે તેવી શક્યતા છે. ગુજરાતમાં અગાઉ જે રાજ્ય

અનુસંધાન પાના ૭ પર

# યુએસ દ્વારા બેન કરેલા આઈએમઓ નંબર મેચ થતા મુંબઈમાં ત્રણ તેલ ટેન્કર જપ્ત

## મુંબઈમાં જપ્ત કરાયેલા તેલ ટેન્કરો સાથે કોઈ નિસ્બત નથી : ઈરાને કરેલો ખુલાસો

**નવી દિલ્હી, તા. ૧૭**

ભારતે આ મહિને મુંબઈના દરિયાકિનારે ત્રણ તેલ ટેન્કર જપ્ત કર્યા છે. ઈન્ડિયા ટુડે અને રોઈટર્સના અહેવાલ મુજબ, આ જહાજોના IMO નંબર અમેરિકા દ્વારા પ્રતિબંધિત જહાજો સાથે મેળ ખાય છે અને તેમનો ઈરાન સાથે સંબંધ હોવાની શંકા છે.

જોકે, ઈરાનની નેશનલ ઈરાનિયન ઓઈલ કંપની (NIOC) એ આ જહાજો સાથે કોઈપણ પ્રકારના સંબંધનો ઈનકાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જહાજોના નામ સ્ટેલર રૂબી, એસ્ફાલ્ટ સ્ટાર અને અલ જફઝિયા (Stellar Ruby, Asphalt Star y™u Al Jafzia) છે.તેમને મુંબઈના દરિયાકિનારેથી લગભગ ૧૦૦ નોટિકલ માઈલ પશ્ચિમમાં શંકાસ્પદ ગતિવિધિઓ પછી રોકવામાં આવ્યા હતા. બાદમાં તપાસ માટે મુંબઈ પોર્ટ પર લાવવામાં આવ્યા છે. જણાવવામાં આવ્યું છે કે આ જહાજો ઓળખ છુપાવવા માટે વારંવાર પોતાનું નામ, ધ્વજ અને અન્ય ઓળખ બદલી રહ્યા હતા. આ જહાજોની માલિક વિદેશી કંપનીઓ છે. ભારતીય અધિકારીઓએ આ કાર્યવાહીની માહિતી ૬ ફેબ્રુઆરીએ ઠ પર આપી હતી, પરંતુ બાદમાં તે પોસ્ટ હટાવી દેવામાં આવી હતી. ઈરાનના સરકારી મીડિયાએ નેશનલ ઈરાનિયન ઓઈલ કંપનીને ટાંકીને જણાવ્યું હતું કે આ જહાજો કે તેમના કાર્ગોનો કંપની સાથે કોઈ સંબંધ નથી.

સૂત્રો અનુસાર, આ ઘટના પછી ઈન્ડિયન કોસ્ટ ગાર્ડે દેખરેખ વધુ સઘન બનાવી દીધી છે. ૨૪ કલાક ભારતના દરિયાઈ ક્ષેત્રમાં દેખરેખ રાખી રહ્યા છે. આ માટે લગભગ ૫૫ જહાજો અને ૧૦-૧૨ વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે.

શિપિંગ ડેટા સાથે સંકળાયેલા સૂત્રો અનુસાર, અલ જફજિયાએ ૨૦૨૫માં ઈરાનથી જિબુતી સુધી ફ્યુઅલ ઓઈલ

અનુસંધાન પાના ૭ પર

# બાંગ્લાદેશમાં નવા ચૂંટાયેલા સાંસદોનો શપથ ગ્રહણ સમારંભ

### આંજે તારિક રહેમાન વડાપ્રધાન પદના શપથ લેશે

નવી દિલ્હી, તા. ૧૭

બાંગ્લાદેશની ૧૩મી રાષ્ટ્રીય સંસદના નવા ચૂંટાયેલા સભ્યોએ મંગળવારે સંસદના સાઉથ પ્લાઝા ખાતે શપથ લીધા. મુખ્ય ચૂંટણી કમિશનર એએમએમ નાસિર ઉદ્દીને સવારે ૧૦:૪૨ વાગ્યે (સ્થાનિક સમય મુજબ) સાંસદોને શપથ લેવડાવ્યા હતા.

બાંગ્લાદેશી મીડિયા પ્રથોમ ઓલો અનુસાર, શપથ ગ્રહણ સમારોહ કડક સુરક્ષા વચ્ચે યોજાયો હતો અને તેમાં ૧,૦૦૦થી વધુ સ્થાનિક અને વિદેશી મહેમાનો હાજર રહ્યા હતા. શપથ ગ્રહણ સમારોહ પહેલા કુરાન વાંચવામાં આવી હતી.

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) લગભગ બે દાયકા પછી આજે ફરી સત્તામાં પાછી ફરી રહી છે. આજે ઢાકાની સંસદ ભવનના સાઉથ પ્લાઝામાં તારિક રહેમાન વડાપ્રધાન પદના શપથ લેશે.

મુખ્ય સમારોહ સાંજે ૪ વાગ્યે શરૂ થશે. રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન નવનિર્વાચિત વડાપ્રધાન તારિક રહેમાન અને તેમના પ્રારંભિક મંત્રીમંડળને પદના શપથ લેવડાવશે.

શપથ ગ્રહણ સમારોહ માટે ૧૩ દેશોને સત્તાવાર આમંત્રણ મોકલવામાં આવ્યું છે, જેમાં ભારત, ચીન, પાકિસ્તાન જેવા મોટા નામ સામેલ છે. ભારત તરફથી લોકસભા સ્પીકર ઓમ બિરલા જઈ રહ્યા છે. તેમની સાથે વિદેશ સચિવ વિક્રમ

અનુસંધાન પાના ૭ પર

# ગિગ વર્કર્સના પ્રતિનિધિ મંડળ સાથે રાહુલ ગાંધીની મુલાકાત

### બીજેપીની સરકાર ગિગ વર્કર્સ સાથે અન્યાય કરવામાં આવે છે : વિપક્ષ નેતા

નવી દિલ્હી, તા. ૧૭

કોંગ્રેસે સોશિયલ મીડિયા X પર રવિવારે રાહુલ ગાંધીની ગિગ વર્કર્સના પ્રતિનિધિમંડળ સાથેની મુલાકાતનો વીડિયો શેર કર્યો. રાહુલે કહ્યું કે રાજ્યો અને કેન્દ્રમાં સત્તામાં બેઠેલી ભારતીય જનતા પાર્ટી (BJP)ની સરકાર ગિગ વર્કર્સ સાથે અન્યાય કરી રહી છે.તેમણે કહ્યું કે BJPની સરકારો આ અન્યાયને અવગણી રહી છે. ગિગ કંપનીઓ માટે કોઈ મજબૂત કાયદા નથી, કોઈ સામાજિક સુરક્ષા નથી અને કોઈ જવાબદારી નથી.રાહુલના મતે આ મુલાકાત થોડા દિવસો પહેલા થઈ હતી. તેમણે કહ્યું કે થોડા દિવસો પહેલા, હું જન સંસદમાં ગિગ વર્કર્સના એક પ્રતિનિધિમંડળને મળ્યો. તેમણે કહ્યું કે ગિગ સેક્ટરમાં વર્કફોર્સનો એક મોટો હિસ્સો દલિત અને આદિવાસી સમુદાયમાંથી છે. આ સિસ્ટમમાં તેમની સાથે વર્ગ અને જાતિના આધારે ભેદભાવ થાય છે.

સંસદમાં ૨૯ જાન્યુઆરીએ રજૂ કરાયેલા ઈકોનોમિક સર્વેમાં ગીગ ઈકોનોમી પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. સર્વે મુજબ, ભારતમાં લગભગ ૪૦% ગીગ વર્કર્સ એટલે કે ફૂડ ડિલિવરી, ક્વિક કોમર્સ અને અન્ય પ્લેટફોર્મ સાથે જોડાયેલા કર્મચારીઓની માસિક કમાણી ૧૫ હજાર રૂપિયાથી પણ ઓછી છે.

રિપોર્ટમાં સરકારને ભલામણ કરવામાં આવી છે કે ગીગ વર્કર્સ માટે પ્રતિ કલાક અથવા પ્રતિ ટાસ્ક આધારિત 'મિનિમમ અર્નિંગ' નક્કી કરવી જોઈએ. આ ઉપરાંત, કામની રાહ જોવા દરમિયાન લાગતા સમય માટે પણ પેમેન્ટ આપવાનો સુચન સર્વેમાં કરવામાં આવ્યું છે.

ઈકોનોમિક સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ગીગ વર્કર્સની ફિક્સ્ડ ઈનકમ ન હોવાને કારણે તેમને બેંકમાંથી લોન મેળવવામાં અથવા અન્ય ફાઈનાન્સિયલ સર્વિસનો લાભ લેવામાં મુશ્કેલી પડે છે. સરકારનું

અનુસંધાન પાના ૭ પર

# દેશનો જીડીપી વધતા કેશ-ટુ-જીડીપી રેશિયો ઘટી ૧૧.૨ ટકા

### સિસ્ટમમાં રોકડનું પ્રમાણ વધી રૂ. ૪૦ લાખ કરોડે આંબી ગયું

નવી દિલ્હી, તા. ૧૭

દેશમાં વધતા જતા ડીજીટલ વ્યવહારો હવે શાકભાજીવાળો પણ કયુઆર કોડથી નાણા વસુલે છે તેવા દ્રશ્યો વચ્ચે પણ હજુ રોકડ વ્યવહાર ઘટયા નથી કે સીસ્ટમમાં રોકડની કુલ સકર્યુલેશન ઘટયું નથી તે આંકડાઓ કહે છે. એક સમયે નોટબંધીથી ભારતીયોના હાથમાંથી રોકડ તેમના બેન્ક ખાતામાં જમા થઈ ગઈ અને ઘરમાં જે બચત હતી તે પણ બહાર કાઢવાની ફરજ પડી હતી પણ તે તબકકાવાર ફકત ચલણી નોટોનો કલર જ બદલ્યો છે તેની સંખ્યા ઉલટાની વધી છે.

હાલમાં જ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ બહાર પાડેલા આંકડા દર્શાવે છે કે ભારતમાં રોકડ સકર્યુલેશન ૧૧% વધીને રૂા.૪૦ લાખ કરોડ નોંધાયુ છે. જો કે ભારતની જીડીપી વધી રહી છે તેની કેશ-ટુ-જીડીપી રેશિયો જે કોરોના સમયે ૧૪.૪નો હતો તે હવે ઘટીને ૧૧.૨%નો થયો છે જે દર્શાવે છે કે ડીજીટલ પેમેન્ટ વધ્યા જરૂર છે છતાં લોકો હજુ મોટા પાયે રોકડ રાખી જ રહ્યા છે.નોટબંધીના કારણે ભારતમાં રોકડ સકર્યુલેશન ઘટીને રૂા.૧૩.૪ લાખ કરોડ થયું હતું પણ તે ફરી

અનુસંધાન પાના ૭ પર

# જીનીવામાં ઈરાન સાથે મંત્રણામાં ડોનાલ્ડ ટ્રમ્પ પરોક્ષ રીતે હાજર

### આ વખતે વાતચીત માટે ઈરાન ગંભીર હોવાનો ટ્રમ્પનો દાવો

નવી દિલ્હી, તા. ૧૭

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે કહ્યું કે તેઓ અમેરિકા અને ઈરાન વચ્ચે થનારી પરમાણુ કાર્યક્રમ પરની વાતચીતમાં પરોક્ષ રીતે સામેલ રહેશે. તેમણે એર ફોર્સ વનમાં પત્રકારો સાથેની વાતચીત દરમિયાન આ વાત કહી.

આ નિવેદન ઈરાન સાથે પરમાણુ કાર્યક્રમને લઈને બીજા તબક્કાની વાતચીત પહેલા આવ્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા તબક્કાની વાતચીત આજે (૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬) જીનીવા (સ્વિટ્ઝર્લેન્ડ)માં થઈ રહી છે. આ પહેલા ઓમાનમાં ૬ ફેબ્રુઆરીએ પહેલી બેઠક થઈ હતી.ટ્રમ્પે કહ્યું, 'હું તે વાતચીત પર નજર રાખીશ.' તેમણે સંકેત આપ્યો કે ઈરાન આ વખતે સમજૂતીને લઈને ગંભીર છે. ડીલની સંભાવના પર ટ્રમ્પે કહ્યું કે ઈરાન તેને લઈને કડક વલણ અપનાવતું રહ્યું છે, પરંતુ ગયા વર્ષે અમેરિકા દ્વારા ઈરાનના પરમાણુ ઠેકાણાઓ પર બોમ્બમારો કરવાથી તેમને બુદ્ધિ આવી.તેમણે ચેતવણી આપતા કહ્યું, 'મને નથી લાગતું કે તેઓ સમજૂતી ન કરવાના પરિણામો ભોગવવા ઈચ્છશે.'એસોસિએટેડ પ્રેસ (AP) અનુસાર, ઈરાને સોમવારે થોડા જ અઠવાડિયામાં બીજી વખત નૌકાદળનો અભ્યાસ શરૂ કર્યો. આ અભ્યાસ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ, પર્શિયન ગલ્ફ અને ગલ્ફ ઓફ ઓમાનમાં થઈ રહ્યો છે. તેનો હેતુ ગુપ્તચર અને ઓપરેશનલ ક્ષમતાઓની તપાસ કરવાનો છે.

દરિયાઈ સુરક્ષા કંપની EOS રિસ્ક ગ્રુપે જણાવ્યું કે આ વિસ્તારમાંથી પસાર થતા જહાજોને રેડિયો પર ચેતવણી આપવામાં આવી કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝના ઉત્તરીય માર્ગમાં મંગળવારે લાઈવ-ફાયર ડ્રિલ થઈ શકે છે. જોકે ઈરાની સરકારી ટીવીએ લાઈવ-ફાયર અભ્યાસનો ઉલ્લેખ કર્યો નથી.જાન્યુઆરીના અંતમાં થયેલા આવા જ અભ્યાસ દરમિયાન અમેરિકી સેન્ટ્રલ

અનુસંધાન પાના ૭ પર

## પંજાબના સીએમને ઘાતક કેમિકલ પોલોનિયમ આપવાનો દાવો

# મુખ્યમંત્રી માન દાખલ છે તે ફોર્ટિસ હોસ્પિટલને ફુંકી મારવાની ધમકી

## મોહાલીની શાળાઓમાં બોમ્બ ધડાકા કરવા ધમકી ભર્યા ઈ-મેલ મળતા અફરા તફરી

**નવી દિલ્હી, તા. ૧૭**

પંજાબના સીએભગવંત માન મોહાલીની જે ફોર્ટિસ હોસ્પિટલમાં દાખલ છે, તેને બપોરે ૧.૧૧ વાગ્યે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ધમકીભર્યા ઈમેલમાં સીએમ માન વિશે લખવામાં આવ્યું છે કે ભાઈ દિલાવર સિંહના વારસદારોએ તેમને પોલોનિયમથી સંક્રમિત કર્યા છે.જો તેઓ બચી જશે તો બેઅંત જેવી હાલત કરશે. ફોર્ટિસ હોસ્પિટલમાંથી CM ભગવંત માનનો મૃતદેહ જ બહાર આવશે. પંજાબના દિવંગત પૂર્વ CM બેઅંત સિંહને ચંદીગઢ સચિવાલયમાં માનવ બોમ્બથી ઉડાવી દેવામાં આવ્યા હતા.પોલોનિયમ એક દુર્લભ રેડિયોએક્ટિવ પદાર્થ છે, જે અત્યંત ઝેરી હોય છે. ધમકી મળ્યા બાદ પંજાબ પોલીસ અને ઈન્ટેલિજન્સ એજન્સીઓ હાઈ એલર્ટ પર છે. હોસ્પિટલને ચારેય બાજુથી પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓએ ઘેરી લીધી છે.અહીં ૫ બોમ્બ સ્કોવર્ડ સક્રિય કરવામાં આવ્યા છે. મોહાલીના જી દિલપ્રીત સિંહે જણાવ્યું કે હજુ સુધી CMને બીજી હોસ્પિટલમાં ખસેડવાની કોઈ વાત નથી. CM સિક્યોરિટી સાથે પોલીસ ટીમો એલર્ટ પર છે.ફોર્ટિસ હોસ્પિટલની સાથે મોહાલીની ૧૬ શાળાઓને પણ ધમકી મળી છે. જ્યાં તાત્કાલિક રજા જાહેર કરી દેવામાં આવી છે. જણાવી દઈએ કે CM પહેલા રવિવારે બ્લડ પ્રેશર વધવાને કારણે મોહાલી હોસ્પિટલમાં દાખલ થયા હતા.

અનુસંધાન પાના ૭ પર



# અમેરિકામાં હાઈસ્કૂલની હોકી મેચમાં આડેધડ ફાયરિંગ

### પતિએ પત્ની અને ૨ બાળક ઉપર ગોળીબાર કરી પોતે આત્મહત્યા કરી

નવી દિલ્હી, તા. ૧૭

અમેરિકાના રોડ આઈલેન્ડમાં સોમવારે બપોરે હાઈસ્કૂલ હોકી મેચ દરમિયાન ગોળીબાર થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ હુમલામાં હુમલાખોર સહિત ૨ લોકોનાં મોત થયાં છે. અન્ય ત્રણ લોકોની હાલત ગંભીર છે. ઘટના બપોરે લગભગ ૨:૩૦ વાગ્યે બની હતી. પોલીસ પ્રમુખ ટીના ગોન્કાલ્વેસે તેને 'ટાર્ગેટ હુમલો' ગણાવ્યો છે. પ્રારંભિક માહિતી અનુસાર, આ મામલો પારિવારિક વિવાદ સાથે સંબંધિત હોઈ શકે છે, જોકે હેતુ હજુ સ્પષ્ટ નથી.

પોલીસ પ્રમુખ ટીના ગોન્કાલ્વેસે પ્રેસ-કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે બંને ટીમો સિનિયર નાઈટની ઉજવણી કરી રહી હતી ત્યારે ગોળીબાર શરૂ થયો. મેદાનમાં બે ટીમ સામસામે હતી. આ ટીમોમાં આસપાસની ઘણી શાળાઓના ખેલાડીઓ સામેલ હતા. ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. મેયર ડોનાલ્ડ આર. ગ્રેબિયને આ ઘટનાને ખૂબ જ ભયાનક અનુભવ ગણાવી. તેમણે કહ્યું, 'આ હાઈસ્કૂલનાં બાળકો હતાં, પરિવારો તેમની સાથે મેચ જોઈ રહ્યા હતા. ખુશીનો માહોલ અચાનક ડર અને દહેશતમાં બદલાઈ ગયો.'

ફોક્સ ન્યૂઝ અનુસાર, રોડ આઈલેન્ડમાં એક હોકી ગેમ દરમિયાન એક વ્યક્તિએ કથિત રીતે તેની પત્નીની હત્યા કરી અને તેનાં બે બાળકને ગોળી મારીપહુમલાખોર તેની પત્ની સાથે મૃત્યુ પામ્યો છે, પરંતુ બાળકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હોવાના અહેવાલ છે. CCTVમાં જોવા મળ્યું કે તે વ્યક્તિએ કુલ ૧૪ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું.

અનુસંધાન પાના ૭ પર



# અટોદરા ગામમાં મહાશિવરાત્રી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી

## સુરત જિલ્લા ભાજપ એસસી મોરચા પ્રમુખ પ્રવિણ મકવાણાનું સન્માન

સુરત, તા.૧૭

અટોદરા ભીડભંજન મહાદેવ મંદિર ખાતે યુવાન,કર્મનિષ્ઠ,ઉત્સાહી,સતત કાર્યશીલ,એવા નવનિયુક્ત સુરત જીલ્લા ભાજપ એસ સી મોરચા ના પ્રમુખ પ્રવિણ મકવાણા નું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું

ઓલપાડ તાલુકા નાં અટોદરા ગામે સને ૧૯૭૪ ની સાલ થી એટલે કે આશરે ૫૨ જેટલાં વર્ષ થી અટોદરા ગામની ભૂમિ પર પ.પૂ રમણબાપુ થકી અને ગ્રામજનો નાં સાથ સહકારથી દર વર્ષ નવું ગોકુળ અટોદરા શ્રી ભીડ ભંજન મહાદેવ અને સંતોષી માતાજીની મંદિર નાં પટાગણમાં મહાશિવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવે છે.દર વર્ષ ની પ્રણાલીકા મુજબ આ વર્ષ બ્રહ્મલીન સદગુરૂ રમણબાપુ નાં ચરણરજ રજની બાપુનાં માર્ગદર્શન હેઠળ શ્રી ભીડભંજન મહાદેવ અને જય સંતોષી માતાજી મંદિરનાં પટાગણમાં મહાશિવરાત્રી પર્વ ની ધૂમ-ધામ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.અને સાથોસાથ વિવિધ કાર્યક્રમ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વહેલી સવારે આરતી બાદ શિવજી ની શોભાયાત્રા ભીડભંજન મંદિર ખાતેથી પ્રારંભ કરવામાં આવ્યો હતો. અને આ શોભાયાત્રા આખા ગામ માં ફેરવામાં આવી હતી.અને આખુ ગામ જાણે શિવમય માં લીન થઈ ગયું હોય તેવું શિવજી ની શોભાયાત્રા માં માહોલ જોવાં મળ્યો હતો.આ શોભા યાત્રામાં ગ્રામજનો સહિત આજુબાજુના ગ્રામ જનો મોટી સંખ્યા માં જોડાયા હતાં.ત્યાર બાદ સાંજે ભક્તજનો એ મહાપ્રસાદી નો લાભ લીધો હતો ખાસ કરી ને સમગ્ર કાર્યક્રમમાં સંતો-મહંતો ની વિશેષ ઉપસ્થિત રહી હતી અને ઉપસ્થિત રહી ભક્તજનોને આર્શીવચનો પાઠવ્યા હતા.ઉપસ્થિત રહેનાર તમામ સંતો મહંતોને ભમલીન પ.પૂ બ્રહ્મલીન રમણ બાપુના પરિવારજનો સહિત ગ્રામજનો દ્વારા સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું.અને રાત્રે લોક ડાયરા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમા જમીયત પટેલ,સીતાબેન પરમાર,મનીષભાઈ ચૌહાણ સહિત નાં સાથી કલાકારો એ ભજન-સંત વાણી ની રમઝટ બોલાવી હતી.અને રાત્રે ૧૨:૦૦ કલાકે મંદિર માં બ્રહ્મલીન પ.પૂ સદગુરુ શ્રી રમણ બાપુના ચરણ રજ આર્ટિસ"રજની બાપુ"દ્વારા શુદ્ધ દેશી ઘી માંથી કમળ બનાવી દર્શનાથી માટે ખુલ્લું મુકવામાં આવ્યું

અનુસંધાન પાના ૭ પર

# રાજ્યકક્ષા જીમ્નાસ્ટિક સ્પર્ધામાં ગજેરા વિદ્યાભવન સ્કૂલની સિધ્ધિ

## મેડલ મેળવનાર વિદ્યાર્થીઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા

સુરત, તા.૧૭

ખેલમહાકુંભ રાજ્યકક્ષા જીમ્નાસ્ટિક સ્પર્ધા તા.૦૬/૦૨/૨૦૨૬ થી તા.૧૦/૦૨/૨૦૨૬ ના દિવસો દરમ્યાન છોટુભાઈ પુરાણી ડિગ્રી કોલેજ, રાજપીપલા, નર્મદા ખાતે યોજાયેલ હતી. આ સ્પર્ધામાં ગજેરા વિદ્યાભવન સ્કૂલ, કતારગામ ના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને શાળાનું નામ ગૌરવપૂર્ણ રીતે રોશન કર્યું હતું. અંડર-૧૪ બહેનો અને અંડર-૧૭ ભાઈઓની આર્ટિસ્ટિક જીમ્નાસ્ટિક્સ કેટેગરીમાં આરવી મેરુલિયાએ વોલ્ટિંગ અને બીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ, અને પ્રીત વાઘેલા એ ફ્લોર એક્સરસાઈઝ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો, તેમજ અંડર-૧૭ બહેનોની રિધમિક જીમ્નાસ્ટિક્સ કેટેગરીમાં ક્રિષા ડાભેલવાલા રિબીન અને ક્લબ્સ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ, અને માહી પટેલ એ હૂપ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાતમાં ગજેરા વિદ્યાભવન શાળાનું નામ રોશન કરેલ છે, જે બદલ ખેલાડીઓ અને પ્રશિક્ષણ પૂરું પાડનાર કોચશ્રીઓ અનુપમ ચેટરજી, દીપા પોલેકર અને મનીષા જોરાવિયા ને શાળા ના ટ્રસ્ટીશ્રી ચુનીભાઈ ગજેરા તથા તમામ વિભાગના આચાર્યશ્રીઓ તેમજ શાળા પરિવારે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે.





# એક્સપ્રીમેન્ટલ સ્કૂલ દ્વારા માતૃ-પિતૃ વંદના કાર્યક્રમ

## શિક્ષણવિધ દીપક રાજ્યગુરુએ વિધિસરનું પૂજન કરાવ્યું

સુરત, તા.૧૭

R.S.M. Poonawala Sarvajanik Experimental School દ્વારા માતૃ-પિતૃ વંદન અવસર કાર્યક્રમ નું આયોજન આજ રોજ તારીખ ૧૪ ફેબ્રુઆરી ના રોજ કરવામાં આવ્યું હતું.

શાળા ના આચાર્ય શ્રી કિશોરભાઈ જાની સાહેબ અને તેમની ટીમ દ્વારા આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.વિશ્વ આજે જ્યારે Valentine Day ને ઉજવી રહ્યું છે ત્યારે શાળા દ્વારા માતા અને પિતા નું પૂજન તેમના જ દીકરા અને દીકરી ઓ દ્વારા કરવામાં આવે એવા ઉચ્ચ વિચાર સાથે કઈક અલગ કરવાના ઉમદા હેતુથી આજનો આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જાણીતા શિક્ષણવિદ શ્રી દીપકભાઈ રાજ્યગુરુ ની વિશેષ ઉપસ્થિતિ માં તેઓ દ્વારા ખૂબ સુંદર રીતે બાળકો પાસે તેમના માતા-પિતા નું પૂજન વિધિસર કરાવવામાં આવ્યું હતું જેમાં બાળકો એ માતા પિતા ના પગ ધોઈ ચાંદલો કર્યો અને ફુલહાર પહેરાવી તેમનું મો મીઠું કરાવ્યું હતું. હાજર તમામ વાલીઓ અને બાળકો એકબીજા ને ગળે ભેટ્યા ત્યારે માહોલ ખૂબ ભાવુક બની ગયો હતો. ઘણા માતા-પિતા અને બાળકો આંખ માં આંસુ રોકી શકતા ન હતા. અંતે બાળકો ને જીવન માં પ્રગતિ કરે એવા શપથ લેવડાવ્યા અને રાષ્ટ્ર ગાન કરી કાર્યક્રમ પૂર્ણ થયો. કાર્યક્રમ ને સફળ બનાવવા બદલ આચાર્ય શ્રી કિશોરભાઈ જાની સાહેબ અને તેમની સમગ્ર ટીમ એ ખૂબ મહેનત કરી હતી. કાર્યક્રમ માં ડૉક્ટર દીપકભાઈ રાજ્યગુરુ, વાલીમંડળ ના મંત્રી શ્રી મુકેશભાઈ પરમાર, પૂર્વ પ્રમુખશ્રી જતીનભાઈ પંચોલી અને શ્રી સમીરભાઈ પાનવાલા તેમજ વાલી મંડળ ના સભ્ય મિત્રો એ વિશેષ હાજર રહી વિદ્યાર્થીઓ નો ઉત્સાહ વધાર્યો હતો. અંતે વાલીમંડળ વતી શ્રી મુકેશભાઈ પરમાર એ આચાર્યશ્રી કિશોરભાઈ જાની સાહેબ તેમજ તમામ શિક્ષકમિત્રો નો આભાર વ્યક્ત કરી ભવિષ્ય માં પણ આવા કાર્યક્રમો થતા રહે એવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# સમાજ પર ઔદ્યોગિકકરણની અસર વિષે યુનિવર્સિટીમાં સેમિનાર યોજાયો

## સમાજશાસ્ત્ર વિભાગના સેમિનારમાં નિષ્ણાંત વક્તાઓનું માર્ગદર્શન

સુરત, તા.૧૭

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગમાં પી.એમ ઉષા અંતર્ગત માનનીય કુલપતિશ્રી ડૉ.કિશોરસિંહ ચાવડા સાહેબ અને રજીસ્ટાર ડૉ.આર.સી.ગઢવી સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ 'ભારતીય સમાજ પર ઔદ્યોગિકીકરણની અસરો' થીમ ઉપર એક દિવસીય રાષ્ટ્રીય સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમીનારમાં મુખ્ય બીજ રૂપ વક્તા તરીકે ડો. બાલાજી કેન્દ્રે , વિશેષ વક્તા તરીકે ડૉ. રમેશ મકવાણા, તથા અન્ય મહેમાનોમાં ડો. જે.સી પટેલ, ડો. એચ.એલ ચાવડા, ડો. કાશીરામ ભોયે, ડો. જયપ્રકાશ ત્રિવેદી ઉપસ્થિત રહી વિષય આનુષંગિક વક્તવ્ય આપ્યું હતું. સદર સેમીનારના સંયોજક અને વિભાગીય અધ્યક્ષ ડૉ. એમ. એન. ગાયકવાડએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. સેમીનારનાં સહસંયોજક ડૉ. અરુણ પંડ્યાએ કાર્યક્રમના હેતુ અને મુદ્દા અંગે જાણકારી આપી હતી. કાર્યક્રમનાં મુખ્ય મહેમાન કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી સાહેબે ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્દબોધન કર્યું હતું. સેમીનારમાં બીજ રૂપ વક્તવ્ય મુંબઈ યુનિવર્સિટીના પ્રોફેસર ડો. બાલાજી કેન્દ્રે દ્વારા આપવામાં આવ્યું, જેમાં ઔદ્યોગિકરણ અને તેની સમાજ પર થયલી અસરોની ચર્ચા કરી હતી. વિશેષ વ્યાખ્યાનમાં ડૉ. રમેશ મકવાણાએ ઔદ્યોગિકરણ અને સ્થાનિક સમુદાયો પર પડતા પ્રભાવ અને પડકારોની રજૂઆત કરી હતી. ભોજન બાદ યોજાયેલી પેનલ ચર્ચાઓમાં ઔદ્યોગિકીકરણ અને સામાજિક સંસ્થાઓ", "ઔદ્યોગિકીકરણ અને પર્યાવરણ"

અનુસંધાન પાના ૭ પર

# શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજ દ્વારા આંતર કોલેજ સ્પર્ધા

સુરત, તા.૧૭

સુરત એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી શંભુભાઈ વી. પટેલ કોલેજ ઑફ કમ્પ્યુટર સાયન્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, સુમુલ ડેરી રોડ, સુરત દ્વારા આંતર કોલેજ સ્પર્ધા "Impetus ૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં આઈ.ટી., મેનેજમેન્ટ તેમજ ફન ઈવેન્ટ્સની કુલ ૧૪ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૨૦ થી વધુ સુરત શહેરની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

જેમાં દરેક વિજેતા સ્પર્ધકને પ્રમાણપત્ર તેમજ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુરત એજ્યુકેશન સોસાયટીના સહમંત્રી શ્રી સનીલભાઈ પટેલ, કોલેજના ઇ. આચાર્ય સી. એચ. ઠક્કર. તથા સમગ્ર કોલેજ સ્ટાફ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.




# પદ્મશાલી યુવાજન સંઘ દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓને 'ઓલ ધ બેસ્ટ કીટ' વિતરણ

## બોર્ડના વિદ્યાર્થીઓને સફળતા માટે શુભેચ્છા પાઠવાઈ

સુરત, તા.૧૭

ગુજરાત પ્રાંત પદ્મશાલી યુવાજન સંઘ દ્વારા આગામી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે 'ઓલ ધ બેસ્ટ કીટ' વિતરણ કાર્યક્રમનું ભવ્ય આયોજન સહજાનંદ સોસાયટી, ગોડાદરા ખાતે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત એડવોકેટ અજયભાઈ જાંગીડે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે બોર્ડની પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે આત્મવિશ્વાસ ખૂબ જ જરૂરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સખત પરિશ્રમ જ સફળતાની એકમાત્ર ચાવી છે અને વિદ્યાર્થીઓએ અત્યારથી જ પોતાની કારકિર્દીના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ પણ વિદ્યાર્થીઓને એકાગ્રતા સાથે પરીક્ષાની તૈયારી કરવા અને સફળતાના શિખરો સર કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમના મુખ્ય ભાગરૂપે, તમામ વિદ્યાર્થીઓને ભગવાન માર્કંડેયના આશીર્વચન સાથે વિશેષ 'ઓલ ધ બેસ્ટ કીટ' નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કીટ વિતરણ પાછળનો હેતુ બોર્ડના વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવાનો અને તેમને પરીક્ષા માટે સજ્જ કરવાનો હતો. સંઘના હોદ્દેદારો અને આગેવાનોએ વિદ્યાર્થીઓને આશીર્વાદ આપતા તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી. વાલીઓએ પણ સંઘની આ પ્રશંસનીય પહેલને આવકારી હતી, જે વિદ્યાર્થીઓમાં પરીક્ષા પૂર્વે એક નવો આત્મવિશ્વાસ જગાડવામાં સફળ રહી હતી.

# ઓલપાડના સિવાણ ગામે રહેતા આધેડે કરેલો આપઘાત

સુરત, તા.૧૭

મુળ સુરત શહેરના લંબે હનુમાન રોડ વિસ્તારના પાટીચાલનો વતની હરેશકુમાર બળવંતભાઈ પટેલ (ઉ.વ.૪૧)હાલમાં ઓલપાડ તાલુકાના સિવાણ ગામની સીમમાં આવેલ મહેક રેસીડન્સી- ૦૨ સોસાયટીના મકાન નં.૩૨૩ માં રહેતો હતો. હરેશકુમારે ગત રવિવાર,તા.૧૫ ના રોજ કોઈ અગમ્ય કારણસર તા.૧૫ બપોરે-૧૧:૩૦થી ૧૩:૪૫ કલાકના સમય ગાળા દરમ્યાન પોતાના બેડરૂમમાં પંખો ફીટ કરેલ લોખંડની હુક સાથે દુપટ્ટાનો એક છેડો બાંધી બીજો છેડો પોતાના ગળે બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. આ બાબતે સોસાયટીમાં રહેતા અનિકેત રાકેશ રાઠોડે ઓલપાડ પોલીસને જાણ કરી હતી.જેના પગલે પોલીસે કાયદેસરનો ગુનો નોંધી મરનારના આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ અ.હે.કો.વિક્રમ વર્ધાજી કરી રહ્યા છે.



# કેપી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામ

સુરત, તા.૧૭

અડાજણ ખાતે આવેલી મહાપાલિકા સંચાલિત સુમન હાઈસ્કૂલ નં.૪ માં વાર્ષિકોત્સવ તેમજ ઈનામ વિતરણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શૈક્ષણિક ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપી રહેલા સુરતના કેપી હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન (કેપી ગ્રુપ) દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂ પાડવાના ઉદ્દેશથી ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. વાર્ષિક અભ્યાસ, સાંસ્કૃતિક તેમજ અન્ય પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૯૫ જેટલા વિદ્યાર્થીઓને ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કેપી હ્યુમન ફાઉન્ડેશન વતી શ્રીમતી આયેશા પટેલ સહિતના મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રેરકબળ પુરૂ પાડ્યું હતું.

# રમઝાનમાં મોડી રાત સુધી ખાણી-પીણીની દુકાનો ચાલુ રાખવા માંગ

## વિવિધ રાજકીય તથા સામાજીક અગ્રણીઓ દ્વારા પોલીસ કમિશનર સમક્ષ રજૂઆત

સુરત, તા.૧૭

આગામી તા.૧૮/૨/૨૦૨૬ થી શરૂ થતાં પવિત્ર રમઝાન માસમાં મુસ્લિમ વિસ્તારોમાં ખાણી પીણીની દુકાનો મોડી રાત સુધી ચાલુ રહે તે બાબતે સુરત પોલીસ કમિશનર શ્રી અનુપમસિંહ ગેહલોત સાહેબ ને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી.અસદ જી કલ્યાણી (માજી કોર્પોરેટર), મુસ્તાક કનુગા, હબીબ.વોહરા કાદર સેલોત, સલીમ પઠાણ, શરીફ. શેખ, શાહિલ લાકડાવાલા, માજીદ પટેલ,તૌસીફ અન્સારી,હબીબ ભાઈ



વોહરા,શરીફ. શેખ, તુફેલ પટેલ હુનેફ શેખ,આરીફ સાનાગર સાથે દલિત આગેવાન નિકુંજ પારનેરીયા સહિત તમામ હોદ્દેદાર અને યુવા અગ્રણી ઉપસ્થિત રહ્યાં હતાં.

# સુ.મો.વ અઠવા પંચ મહિલા મંડળની આરોગ્ય મીટીંગ

સુરત, તા.૧૭

KRJ ડાયગ્નોસ્ટિક સેન્ટર, વિવેન્ટા મોલની ગલીમાં, એલ.પી.સવાણી રોડ માં ફિઝીયોથેરાપિસ્ટ ડિપાર્ટમેન્ટમાં એચ.ઓ.ડી તરીકે ફરજ બજાવતા ડો. ગૌરાંગી યશ લવાણા ઉપસ્થિત રહી સ્વસ્થ જીવન શૈલી આરોગ્ય જાગૃતિ સાથે કમર અને ઘૂંટણ ની સંભાળ અંગે ની ટીપ્સ

અનુસંધાન પાના ૭ પર

# પ્રેમના આકર્ષણમાં ગેરમાર્ગે દોરાયેલી દીકરીનું પરિવાર સાથે સુખદ મિલન

## સગીર દીકરીને ધીરજપૂર્વક સમજાવવામાં સફળતા મેળવી

સુરત, તા.૧૭

સુરતની એક ૧૭ વર્ષીય સગીરા દૂરના સંબંધીના પુત્ર સાથે પ્રેમસંબંધમાં બંધાઈ હતી. યુવક યોગ્ય ન હોવાથી માતા-પિતાએ વિરોધ કર્યો હતો, પરંતુ પ્રેમમાં પાગલ યુવતીએ પરિવાર સાથે રહેવાનો ઈનકાર કરી ગત ૯/૧૧/૨૦૨૫ના રોજ લિંબાયત પોલીસ સ્ટેશનમાં પિતા વિરુદ્ધ અરજી કરી હતી. યુવતી સગીર હોવાથી તેને ચિલ્ડ્રન હોમ-રાંદેર ખાતે આશ્રય આપવામાં આવ્યો હતો. ત્યાં સમજાવવાના અનેક પ્રયત્નો નિષ્ફળ રહ્યા બાદ, તેને 'સખી વન સ્ટોપ સેન્ટર'માં રિફર કરવામાં આવી

અનુસંધાન પાના ૭ પર



# અંકલેશ્વરની પીપી સવાણી સ્કૂલમાં ગ્રાન્ડ પેરન્ટ્સ ડેની ઉજવણી કરાઈ

અંકલેશ્વર, તા.૧૭

પી. પી. સવાણી સ્કૂલ ખાતે ગ્રાન્ડપેરન્ટ્સ ડે ભાવભીનાં અને ઉત્સાહભર્યા માહોલમાં ઉજવાયો. કાર્યક્રમનો હેતુ બાળકોમાં માતા-પિતા અને દાદા-દાદી પ્રત્યે માન, સ્નેહ, સંસ્કાર અને કૃતજ્ઞતાની ઊંડી ભાવના વિકસાવવાનો હતો. બાળકોને સમજાવવામાં આવ્યું કે વડીલોનો આશીર્વાદ જીવનની અમૂલ્ય સંપત્તિ છે અને સફળતાનું મજબૂત આધારસ્તંભ છે. નાનકડા વિદ્યાર્થીઓએ મનમોહક નૃત્ય, ગીત અને રજૂઆતો કરી સૌનું દિલ જીતી લીધું તેમજ સ્વહસ્તે બનાવેલ શુભેચ્છા કાર્ડ અર્પણ કરીને પ્રેમ વ્યક્ત કર્યો. રમતો, હાસ્ય અને આનંદભરી પળોમાં સૌએ અમૂલ્ય યાદો સંચિત કરી અને દિવસનો સંપૂર્ણ આનંદ માણ્યો. સમગ્ર વાતાવરણ લાગણી, ગૌરવ અને પરિવારિક એકતાથી ઓતપ્રોત બન્યું.

# પ્રકૃતિના જતનનો માર્ગ; રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વિનાની 'પ્રાકૃતિક ખેતી'

## ભૂમિ અન્નપૂર્ણા છે, ખેતી પાકોની વૃદ્ધિ માટે જરૂરી ૯૮ ટકા તત્વો હવા, પાણી અને સૂર્યપ્રકાશ દ્વારા કુદરત મફત આપે છે

સુરત, તા.૧૭

પ્રાકૃતિક કૃષિ શું છે? આ પ્રશ્નનો ઉત્તર મેળવતા પહેલા આપણે કુદરતની અજાયબી પર નજર કરીએ. જંગલના ઘટાદાર વૃક્ષોને કોઈ યુરિયા કે ડી.એ.પી. આપવા જતું નથી, કોઈ જંતુનાશક દવાઓનો છંટકાવ કરતું નથી કે નથી કોઈ પાઈપલાઈન દ્વારા પાણી પાતું. તેમ છતાં, વર્ષો વર્ષ આ વૃક્ષો મબલખ અને મીઠા ફળો આપે છે. લેબોરેટરી ટેસ્ટમાં પણ આ વનસ્પતિઓમાં ક્યારેય પોષક તત્વોની ઊણપ દેખાતી નથી. જંગલની આ સહજ અને સ્વાભાવિક વ્યવસ્થાને ખેતરમાં અમલી બનાવવી એટલે જ 'પ્રાકૃતિક ખેતી'.

**સહજીવી ખેતી મુખ્ય પાક સાથે બોનસની આવક**

પ્રાકૃતિક ખેતીમાં મુખ્ય પાકની સાથે સહજીવી પાક ઉગાડવામાં આવે છે. આ પાકો એકબીજાને પોષણ આપે છે. ખેડૂતનો મુખ્ય પાક લેવાનો ખર્ચ તો આ સહજીવી પાકની આવકમાંથી જ નીકળી જાય છે અને મુખ્ય પાક એક 'બોનસ' સમાન બની રહે છે. આ પદ્ધતિનો નારો છે: "ગામનો પૈસો ગામમાં અને શહેરનો પૈસો પણ ગામમાં." કારણ કે ખેતી માટે જરૂરી તમામ સંસાધનો ખેડૂતના ઘરે જ ઉપલબ્ધ હોય છે.

**વિજ્ઞાન શું કહે છે?**

શું તમે જાણો છો કે આપણા પાકો જમીનમાંથી ફક્ત ૧.૫ થી ૨% ખનીજ તત્વો જ લે છે? બાકીના ૯૮% થી ૯૮.૫% તત્વો હવા, સૂર્યપ્રકાશ અને પાણી દ્વારા કુદરતી રીતે મળે છે. વનસ્પતિનું લીલું પાન એ ખોરાક બનાવવાનું 'કુદરતી કારખાનું' છે. આ પાન પ્રકાશસંશ્લેષણની ક્રિયા દ્વારા હવામાંથી કાર્બન ડાયોક્સાઈડ, જમીનમાંથી ભેજ અને આકાશમાંથી સૌર ઊર્જા મેળવીને ખોરાક તૈયાર કરે છે. જ્યારે કુદરત આ બધું મફતમાં આપે છે, ત્યારે મોંઘા રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોની જરૂરિયાત જ ક્યાં રહે છે?

**જમીનનું જૈવિક સ્વાસ્થ્ય અને અળસિયાનું મહત્વ**

ઘણીવાર જમીનમાં પોષક તત્વો હોય છે પણ છોડ તેને ગ્રહણ કરી

અનુસંધાન પાના ૭ પર



# મહુવા-વાલોડ-બારડોલી ખાતે વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમૂહુર્ત

સુરત, તા.૧૭

ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે મહુવા-વાલોડ-બારડોલી તાલુકા ખાતે રૂ.૧૩.૧૫ કરોડના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમૂહુર્ત કરાયું હતું. જેમાં રૂ. ૯.૭૭ કરોડના રોડ રસ્તા, ગ્રામ પંચાયત, બ્રિજ, આંગણવાડી અને સબ સેન્ટર, રૂ.૬૨.૯૦ લાખના ૩૭ હળપતિ આવાસ તેમજ રૂ.૨.૭૫ કરોડના પંચાયત ભવનોનું લોકાર્પણ ખાતમૂહુર્ત કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે, વિવિધ વિકાસકામોના પરિણામે સ્થાનિક નાગરિકોને બહેતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ થશે. લોકોને વધુ સગવડ અને સુખાકારી મળશે. સાથોસાથ આવાસના લાભાર્થીઓને ઘરનું ઘર મળતા કાયમી છત્રછાયા મળશે.

# AM/NS Indiaએ વિશ્વસ્તરીય બ્રાન્ડેડ ઉત્પાદનો Vibrance અને Optima સાથે તેની value-added સ્ટીલ શ્રેણીનો વિસ્તાર કર્યો, જે ઘરગથ્થુ ઉપકરણ અને ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રને બળ આપશે

## OEM કંપનીઓની જરૂરિયાતાને ધ્યાને રાખીને નવા વિશ્વસ્તરીય બ્રાન્ડેડ ઉત્પાદનોને ચોકસાઈ, સુંદર દેખાવ અને ઉત્પાદનની વિશ્વસનીયતા માટે રજૂ કરાય




હજીરા-સુરત, ગુજરાત, ફેબ્રુઆરી ૧૬, ૨૦૨૬: આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India) એ આજે તેના વેલ્યુ એડેડ સ્ટીલ પોર્ટફોલિયોને વધુ મજબૂત બનાવતા AM/NS Vibrance અને AM/NS Optima નામના બે વિશ્વસ્તરીય, પ્રીમિયમ બ્રાન્ડેડ સ્ટીલ સોલ્યુશન્સ રજૂ કરી રહ્યું છે. આ બંને ઉત્પાદનો ખાસ કરીને ઘરગથ્થુ ઉપકરણ અને ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રમાં કાર્યરત Original Equipment Manufacturers (OEMs) ની વધતી ડિઝાઈન આધારિત જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યા છે.

બજારમાં હવે એવું સ્ટીલ વધુ માંગમાં છે જે સતત સમાન સપાટી ગુણવત્તા, ચોક્કસ માપદંડ અને મોટા પાયે વિશ્વસનીય કામગીરી આપે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને AM/NS India તેના વેલ્યુ એડેડ પોર્ટફોલિયોમાં એવા બ્રાન્ડેડ ઉત્પાદનો ઉમેર્યા છે, જે આયાત પરની નિર્ભરતા ઘટાડે છે અને આંતરરાષ્ટ્રીય ધોરણની પ્રીમિયમ ગુણવત્તા દેશની અંદર જ ઉપલબ્ધ બનાવે છે. આ બંને નવા કોટેડ ઉત્પાદનો હવે કંપનીની વેલ્યુ એડેડ શ્રેણીનો ભાગ છે, જેમાં Optigal®, Magnelis®, Optigal® Prime, Optigal® Pinnacle સહિતના અન્ય ઉત્પાદનોનો સમાવેશ થાય છે, જે વિવિધ ઉપયોગ માટે ગુણવત્તા, કાર્યક્ષમતા અને ટકાઉ ઉત્પાદન માટે માન્ય ગણાય છે.

શ્રી રંજન ધર, ડાયરેક્ટર અને વાઈસ પ્રેસિડેન્ટ – સેલ્સ એન્ડ માર્કેટિંગ, આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India), એ જણાવ્યું: "ચોકસાઈ સાથે ઉત્પાદન કરતી અને બ્રાન્ડની સતત ગુણવત્તા પર ધ્યાન આપતી OEM કંપનીઓ માટે કાચામાલની પસંદગી ઉત્પાદનક્ષમતા, ખર્ચ અને લાંબા ગાળાની કામગીરી પર સીધી અસર કરે છે. આ જરૂરિયાત મુજબ અમારા AM/NS Vibrance અને AM/NS Optima નો ઉમેરો અમારી બ્રાન્ડેડ સ્ટીલ શ્રેણીને વધુ મજબૂત બનાવે છે અનો OEM કંપનીઓને વધુ ઉત્પાદનક્ષમતા અને મૂલ્ય સર્જનમાં મદદ કરે છે. આ બંને કોટેડ સ્ટીલ ઉત્પાદનો અમને નવીન અને ઉચ્ચ ગુણવત્તાવાળા સ્ટીલ સોલ્યુશન્સ પ્રદાન કરતી પસંદગીની ભાગીદાર તરીકે વધુ મજબૂત બનાવે છે અને અમારા ઉદ્દેશ 'Smarter Steels, Brighter Futures' સાથે સુસંગત છે. વિશ્વસ્તરીય વેલ્યુ એડેડ સ્ટીલ હવે દેશમાં જ ઉપલબ્ધ બનતા અમે 'Make in India' અને આત્મનિર્ભરતા અભિયાનને વધુ

મજબૂત ટેકો આપી રહ્યા છીએ, સાથે જ અમારા ગ્રાહકોને દેશ અને વિદેશના સ્પર્ધાત્મક લાભ મેળવવામાં સહાય કરી રહ્યા છીએ. ઘરગથ્થુ ઉપકરણ અને ઔદ્યોગિક ઉત્પાદન ક્ષેત્રો અમારી વેલ્યુ એડેડ સ્ટીલ વૃદ્ધિના મુખ્ય આધારસ્તંભ છે, અને અમે હેતુપ્રેરિત નવીનતા દ્વારા અમારા ગ્રાહકોને વધુ આત્મનિર્ભર બનવામાં મદદ કરી રહ્યા છીએ."

**AM/NS Vibrance – પ્રીમિયમ કલર-કોટેડ સ્ટીલ**

AM/NS Vibrance ઘરગથ્થુ ઉપકરણ ઉત્પાદકો માટેનું પ્રીમિયમ કલર-કોટેડ સ્ટીલ સોલ્યુશન છે, જેમાં મજબૂતી, ચોકસાઈ અને ઉત્તમ સપાટી દેખાવનો સંયોજન છે. આજે ઉપકરણો માત્ર ઉપયોગી સાધન નહીં પરંતુ ઘર અને વ્યાવસાયિક સ્થળોના ડિઝાઈનનો મહત્વપૂર્ણ ભાગ બની રહ્યા છે. તેથી ઉત્પાદકોને એવું મટીરિયલ જોઈએ છે જેમાં એકસરખો રંગ, નિયંત્રિત ચમક, સુંદર ફિનિશ, ટકાઉપણું અને સરળ ઉત્પાદન પ્રક્રિયા શક્ય બને. AM/NS Vibrance અદ્યતન કોટિંગ ટેક્નોલોજી સાથે ચોકસાઈથી તૈયાર કરાયેલા સ્ટીલ પર આધારિત છે, જે ઉત્પાદનથી અંતિમ ઉપયોગ સુધી વિશ્વસનીય કામગીરી સુનિશ્ચિત કરે છે. રેફ્રિજરેટર, વોશિંગ મશીન, માઈક્રોવેવ ઓવન અને વોટર ડિસ્પેન્સર સહિત વિવિધ ઉપકરણોમાં તેનો ઉપયોગ થઈ શકે છે.

**AM/NS Optima – ટ્રુ ઝીરો-સ્પેન્ગલ ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલ**

AM/NS Optima ભારતના સૌથી પ્રીમિયમ True Zero-Spangle Galvanised Steel ઉત્પાદનોમાંનું એક છે. પરંપરાગત ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલની સરખામણીમાં તે વધુ સમાન અને નિયંત્રિત સપાટીની ગુણવત્તા આપે છે, જેથી ઉત્પાદકો વધુ સ્વચ્છ અને એકસરખું ફિનિશ મેળવી શકે.

ચોકસાઈથી તૈયાર કરાયેલા સમાન જાડાઈ ધરાવતા સ્ટીલ અને નિયંત્રિત સપાટી ગુણવત્તાને કારણે AM/NS Optima સરળતાથી વાળી શકાય છે, એક દૃષ્ટિએ સમાન દેખાવ આપે છે અને મોટા પાયે ઉત્પાદન દરમિયાન પણ સતત વિશ્વસનીય કામગીરી કરે છે. તે ઉત્પાદકોને ખૂબ જ નાજુક અને ચોક્કસ સપાટી આવશ્યકતાઓ પૂર્ણ કરવામાં મદદ કરે છે. એસીના આઉટડોર યુનિટ્સ, પેનલ્સ અને ક્લીનરૂમ તૈયાર કરવા સહિત વિવિધ ઉપયોગ માટે તે યોગ્ય છે.

ભારતનો કન્ઝ્યુમર માર્કેટ નાણાંકીય વર્ષ ૨૦૨૭ સુધી વિશ્વમાં ચોથો સૌથી મોટો બનવાની ધારણા છે અને તે ઝડપથી પ્રીમિયમ શ્રેણીની તરફ આગળ વધી રહ્યો છે. ગ્રાહકો હવે સુંદર ફિનિશ અને ડિઝાઈન આધારિત ઉપકરણોની વધતી માંગ દર્શાવી રહ્યા છે.

ભારતમાં કોટેડ ની વાર્ષિક માંગ હાલમાં અંદાજે ૧૧.૧ મિલિયન ટન છે અને આવનારા વર્ષોમાં

તેમાં ૮ થી ૧૦ ટકા વાર્ષિક વૃદ્ધિ થવાની સંભાવના છે. ખાસ કરીને ઘરગથ્થુ ઉપકરણ ક્ષેત્રમાં કોટેડ સ્ટીલનો ઉપયોગ દર વર્ષે લગભગ ૧૦ ટકા વધી રહ્યો છે, જે વધતી આવક, ઝડપી શહેરીકરણ, પ્રીમિયમ ઉત્પાદનો તરફ ઝોક અને PLI યોજના જેવી રાષ્ટ્રીય પહેલોથી પ્રોત્સાહિત છે.

ઔદ્યોગિક ક્ષેત્રમાં કોટેડ સ્ટીલની માંગ વર્ષ ૨૦૩૦ સુધી ૮ થી ૧૨ ટકા વાર્ષિક વૃદ્ધિ સાથે વધવાની ધારણા છે, જેને PLI, આત્મનિર્ભરતા પહેલો અને ઓટોમોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ તથા ઈજનેરી ક્ષેત્રના વિસ્તરણનો આધાર છે.

આ રીતે ઘરગથ્થુ ઉપકરણ અને ઔદ્યોગિક બંને ક્ષેત્રો ભારતની લાંબા ગાળાની ઉત્પાદન વૃદ્ધિમાં કોટેડ સ્ટીલના વ્યૂહાત્મક મહત્વને મજબૂત બનાવે છે અને દેશની ઉત્પાદન ક્ષમતાને આગળ ધપાવવામાં ઉચ્ચ ગુણવત્તાવાળા વેલ્યુ એડેડ સ્ટીલની અગત્યની ભૂમિકા દર્શાવે છે.







# છકભાંગા જાદુમાં બ્રાઇડલ વિસ્મય

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- ફેશન અને બ્રાઈડલ જગતનું એક અનોખું આયોજન તાજેતરમાં શહેરમાં ખાસ ધ્યાન ખેંચી રહ્યું છે. ઈન્ડસ્ટ્રીની જાણીતી મોડેલ તેમજ 'બોધુઘર'ની કર્ણધાર રેશમી સિંહ અને ખ્યાતનામા ફોટોગ્રાફર અર્પિતા બેનર્જી દ્વારા સંયુક્ત પ્રયાસથી એક અલગ પ્રકારનું હાઈ-કોન્સેપ્ટ બ્રાઈડલ શૂટ આયોજન કરવામાં આવ્યું. બંગાળી, તમિલ અને મુસ્લિમ કન્યાની પરંપરાને એક જ મંચ પર લાવી સંપૂર્ણ રીતે ભિન્ન અંદાજમાં રજૂ કરવામાં આવી આ રચના. દરેક ફ્રેમમાં સર્જનાત્મકતાનો સ્પર્શ અને એક રહસ્યમય જાદુઈ માહોલ હતો, જે પરંપરાગત ધારા બહાર જઈ કન્યાના રૂપને નવી રીતે વ્યાખ્યાયિત કરે છે. પરંપરા અને આધુનિકતાના સમન્વયથી આ રૂઢિભંગ શૂટ પહેલેથી જ ફેશન જગતમાં ચર્ચાનો વિષય બન્યું છે.

મોડેલ્સમાં રિમ્પા નાથ, સુસ્મિતા રાય, ઋત્વિકા રાય, કિરણ સરાફ, મેધા દત્ત, પાઉલી પાલ અને પ્રીતિ સિંહ હાજર રહ્યા હતા. મેકઅપ આર્ટિસ્ટ્સમાં સાનિયા ખાતૂન, મોનિકા રાય, સ્વાતી બેનર્જી, સાહિલી સહા અને સંધ્યા હાલદાર ઉપસ્થિત રહ્યા હતા. વસ્ત્રોની વ્યવસ્થા મહાનંદા માઝી દ્વારા કરવામાં આવી.

એક વિશેષ કોન્સેપ્ટ શૂટમાં ઋત્વિકા રાયને એક ભયાનક માહોલમાં દર્શાવવામાં આવી. હાથમાં પ્રજ્વલિત મોમબત્તી લઈને, ઘણાં સમય પછી તે પોતાના જૂના ઘરમાં પાછી ફરે છે. ચારે તરફ નિસ્તબ્ધતા, પવનનો અવાજ અને પાછળ રહસ્યમય સંગીત વાગતું રહે છે. મોમબત્તીની કંપતી રોશનીમાં ધીમે ધીમે યાદો અને અદૃશ્ય હાજરીના સંકેતો ઉજાગર થાય છે. જાણે ભૂતકાળની છાયાઓ તેને ઘેરીને એક નવી રહસ્યમય કહાની ગૂંથી રહી હોય. આ સર્જનાત્મક આયોજન સાબિત કરે છે કે બ્રાઈડલ ફેશનમાં પણ વિચાર, કહાની અને કલાની અસીમ સંભાવનાઓ રહેલી છે.



# શંખ માત્ર પૂજાની નહિ, ઔષધીય સામગ્રી પણ છે...

શંખ આપણા ધર્મની વિવિધ વિધિઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. શંખ સામાન્ય રીતે બે પ્રકારના જોવા મળે છે. વામાવર્ત (ઘડિયાળ વિરુદ્ધ દિશાના વર્તુળો) અને દક્ષિણાવર્ત (ઘડિયાળની દિશામાં વૃત્તાકાર). દક્ષિણાવર્ત શંખ પૂજામાં ઉપયોગમાં લેવાય છે. જ્યારે વામાવર્ત શંખનો ઉપયોગ ઔષધીય હેતુઓ માટે થાય છે. શંખ અને સ્વાસ્થ્ય વચ્ચે શું છે સંબંધ? તે જાણીએ.એ વોકલ કોર્ડને મજબૂત બનાવે છે. કોસ્મિક (બ્રહ્માંડીય) ધ્વનિ ઉપરાંત, વાસ્તવિક શંખ ફૂંકવાથી ઉત્પન્ન થતા સ્પંદનો ગળાના સ્નાયુઓ માટે કુદરતી મસાજ તરીકે કાર્ય કરે છે. તે કંઠસ્થાનને ઉત્તેજિત કરે છે અને લવચિકતા વધારે છે. આમ સ્પષ્ટ ઉચ્ચારણ અને સ્વર પર વધુ સારું નિયંત્રણ મળે છે.પ્રાણાયામ અને ફેફસાંનું સ્વાસ્થ્યઃ શંખ ફૂંકવાથી ફેફસાંની ક્ષમતા વધે છે અને શ્વસનતંત્ર મજબૂત બને છે.લાળ અથવા કફ અને ગળામાં ભરાવો ઘટાડે છેઃ આ કફ અસંતુલન સાથે સંકળાયેલું છે, જેમાં શ્વસનતંત્રમાં વધુ પડતા કફનો સંચય થાય છે. શંખ ફૂંકવાથી હવાનું દબાણ નાક અને ગળાના માર્ગોને સાફ કરવામાં મદદ કરે છે, ભરાવો દૂર કરે છે અને સ્વર પ્રતિધ્વનિમાં સુધારો કરે છે.ગળાના ચક્રને (વિશુદ્ધ) સંતુલિત કરે છેઃ તે વાતચીત અને અભિવ્યક્તિને નિયંત્રિત કરવાની શક્તિમાં વધારો કરે છે. શંખ ધ્વનિના સ્પંદનો ગળા ચક્રને સંતુલિત અને ઉર્જાવાન બનાવે છે, જે આત્મવિશ્વાસ, સ્પષ્ટતા અને ભાવનાત્મક સંતુલન સાથે બોલવામાં મદદ કરે છે.બ્લડ પ્રેશર અને હૃદય સ્વાસ્થ્યઃશંખનો અવાજ સાંભળવાથી માનસિક શાંતિ મળે છે, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

સાઉન્ડ થેરાપીઃ

શંખનો અવાજ ન્યુરોલોજીકલ સિસ્ટમ પર સકારાત્મક અસર કરે છે. તે તણાવ અને હતાશા ઘટાડે છે.

રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છેઃશંખમાં સંગ્રહિત પાણી પીવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. આને શંખોદક કહેવામાં આવે છે.

આ તો થયા શંખ ધ્વનિ કે શંખ વગાડવાના લાભ. તે ઉપરાંત શંખની ભસ્મ પણ ઉત્તમ ઔષધીય ગુણો ધરાવે છે.

શંખ ભસ્મ ખોરાક પચાવવામાં મદદ કરે છે, ભારેપણું દૂર કરે છે. તે પાચનશક્તિ વધારે છે અને પેટનું ફૂલવું ઘટાડે છે. નિયમિત ઉપયોગથી લાંબા ગાળાની અપચાની સમસ્યાઓમાં રાહત મળે છે.

શંખ ભસ્મ પાણી અને પોષક તત્ત્વોના શોષણમાં સુધારો કરે છે અને સ્વસ્થ પાચનને ટેકો આપે છે. તે વારંવાર થતી ઊલટી અને ડિહાઈડ્રેશન તરફ દોરી જતી ઉણપ ઘટાડે છે. તે ઊર્જા સ્તરને પુનઃસ્થાપિત કરે છે અને શરીરને હાઈડ્રેટ રાખે છે.

શંખ ભસ્મ પેટના વધારાના એસિડને તટસ્થ કરે છે, બળતરા, ખાટા ઓડકાર અને ભોજન પછીની બેચેની ઘટાડે છે. તે પાચનતંત્રને ઠંડું પાડે છે અને કઠોર રસાયણો વિના એસિડ સંતુલનને ટેકો આપે છે. જે લોકો નિયમિતપણે એસિડ રિફ્લક્સ અથવા હાર્ટબર્નની સમસ્યાઓથી પીડાય છે તેમના માટે આદર્શ છે.

શંખ ભસ્મ શરીરમાંથી ઝેરી તત્ત્વોને સાફ કરે છે, જે લોહીને શુદ્ધ કરવામાં મદદ કરે છે અને ખીલ ઘટાડે છે. તે આંતરિક ગરમીને ઠંડી કરે છે જે ઘણીવાર ત્વચા પર ફોલ્લીઓનું કારણ બને છે. નિયમિત ઉપયોગથી, ત્વચા સ્વચ્છ, મુલાયમ અને ખીલ મુક્ત બને છે.

શંખ ભસ્મ પિત્ત કાર્ય અને પાચનમાં સુધારો કરે છે, જે યકૃતના કાર્યને ટેકો આપે છે. તે યકૃતને ડિટોક્સિફાઈ કરે છે અને અપચો, એસિડિટી અને સોજો જેવા લક્ષણોમાં રાહત આપે છે.

શંખ ભસ્મ પાચનક્રિયાને વેગ આપીને અને આંતરડાને સાફ કરીને શરીરમાંથી હાનિકારક ઝેરી તત્ત્વોને બહાર કાઢે છે. આ શરીરમાંથી કચરો સાફ કરવામાં મદદ કરે છે અને શરીરને સ્વસ્થ, તાજગીભર્યું અને વધુ ઊર્જાવાન બનાવે છે.

નબળા હાડકાં માટેઃ

શંખ ભસ્મમાં કુદરતી કેલ્શિયમ અને ખનિજો હોય છે જે હાડકાં અને દાંતને મજબૂત બનાવે છે. તે કેલ્શિયમ શોષણમાં મદદ કરે છે અને હાડકાની ઘનતાને ટેકો આપે છે,

# ત્યાગમૂતી માતા રમાઈ આંબેડકરજી ની ૧૨૮ મી જન્મ જયંતી ઉજવણી પ્રસંગે ઉત્રાણ ખાતે અગિયાર મો મહીલા જાગૃતિ સમ્મેલન / સાંસ્કૃતિક- સન્માન કાર્યક્રમ યોજાયો

સુરત , ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ, સમતા સેવા ફેડરેશન, ઉત્રાણ, અમરોલી,કોસાડ વિભાગ સુરત શહેર દ્વારા ભારત રત્ન ડો બાબા સાહેબ આંબેડકર જી ના જીવન સંગીની ની ૧૨૮ મી જન્મ જયંતી મહોત્સવ ઉજવણી ના ભાગરુપે ઉત્રાણ કોમયુનીટી હોલ ખાતે ૧૧ મો મહીલા જાગૃતિ સમ્મેલન/સાંસ્કૃતિક, સન્માન કાર્યક્રમ સમતા સેવા ફેડરેશન ગુજરાત અધ્યક્ષ, રીપ્બલીકન મહીલા ફંટ અગ્રણી સામાજીક કાર્યકર આશાતાઇ મંગલે ના અધ્યક્ષપદે તેમજ સુરત મહાનગર પાલીકા ના નગરસેવક રાજેન્દ્રભાઇ પટેલ ઉત્રાણ ગામ માજી સરપંચ આપ્પાસાહેબ કાશીનાથ સીરસાઠ તેમજ વડોદરા ના સામાજીક કાર્યકર ડો તરલીકા બેન રાજ,શિક્ષણ સમિતી ઉપાધ્યક્ષ, માજી નગરસેવક સ્વાતિબેન સોસા, વિશ્ર્વ શાંતિદુત મહાબોધી બુદ્ધ વિહાર સંસ્થાપક અધ્યક્ષ દર્દી સેવા સમિતી અધ્યક્ષ સુભાષભાઇ ઝાડે માજી નગરસેવક સુરેશ ભાઇ સોનવણે,ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ સુરત શહેર ના માર્ગદર્શક આર, કે સોનવણેદાદા લોકજન શકિત પાટી ગુજરાત ઉપાધ્યક્ષ નાગમલ પ્રભાકર, ભીમહોત્સવ સમિતી અધ્યક્ષ સતીશભાઇ ચૌહાણ, વીર મેઘ માયા ભવન ના



ઉપાધ્યક્ષ વિનયભાઇ રુપવટે બૌદ્ધ સમાજ મહીલા અગ્રણીઓ મીનાબેન ઝાડે,સપનાબેન પવાર સપનાબેન તાયડે,મંદાબેન આરાખ ,પુજા વિકાસ મંગલે, કલપના રાજુ મોરે મીયાબેન વાધમારે જ્યોતિ મીલીન્દ ઇગલે,છાયાબેન અંબાલાલ સોનવણે,શીતલબેન સોનવણે,આશાબેન પવાર, સંગીતાબેન ડી સીરસાઠ,કરુણાબેન સોનવણે,આશાબેન વાનખડે ની ઉપસ્થિતી માં કાર્યક્રમ ની શરૂઆત ભારતીય બૌદ્ધ મહા સભા ના અગ્રણી ગોવિંદભાઈ પીપળેસકર એ તમામ ઉપાસક ઉપાસીકાઓ ને ત્રિશરણ પંચશીલ ગ્રહણ કરાવી તથાગત બુદ્ધ.,ડો બાબાસાહેબ ની પ્રતિમા તેમજ માતા રમાઈ ના તેલચિત્ર ને ફૂલહાર અર્પણ કરી કાર્યક્રમ ની શરૂઆત કરી હતી આ

પ્રસંગે મહારાષ્ટ્ર શિરપુર ના નગરસેવક ગણેશભાઈ સાલવે,દોડાઈચા નગરસેવક રામભાઈ માણેક,નું શિલ્ડ પુષ્પગુચ્છ શાલ આપી સન્માનિત કર્યા હતા,સામાજીક,ધામિક,શેક્ષણીક ક્ષેત્ર પ્રગતિશીલ મહીલા,વિધાથોઓ નું જાહેર સન્માન શિલ્ડ શાલ,પંચશીલ કાપ પહેરાવી સન્માનિત કર્યા હતા કરુણા શાંતિ બુદ્ધ વિહાર, લોડ બુદ્ધ વિહાર, સિદ્ધાર્થ બુદ્ધ વિહાર, ધમ્મદિપ બુદ્ધ વિહાર, ડો આંબેડકર ગુપ અમરોલી ના ભીમ સૈનિક બાલીકાઓ એ

રમાઈ/ભીમાઈ સાંસ્કૃતિક ગીતો ની કૃત્યિ રજુ કરી હતી કાર્યક્રમ ને સફલ બનાવવા ,સમતા મહીલા મંડલ, પંચશીલ મહીલા મંડલ, વિશ્ર્વ શાંતિદુત મહાબોધી બુદ્ધ વિહાર

ઉપાસીકા સંઘ, નીલગીરી, સુરત વિવિધ સંગઠન ના ભીમ સૈનિક ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ ને સફલ બનાવવા ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ, સમતા સેવા ફેડરેશન ના અગ્રણીઓ પ્રફુલ જગદેવ, ઉદ્ધવ પી બાગલે,શશીકાંત કાપુરે,મનોહર ઠીવરે,સુખદેવ વાનખેડે,અનિલ પાનપાટીલ,શરદ સામુદે, સંધપાલ ઘુંરઘર, મનોજ સીરસાઠ, મનોહર કાપુરે,દિનેશભાઈ ગોતમ, અંબાલાલ પવાર, સંતોષ ભગત, મિલન ગોતમ, છોટાલાલ ગોતમ, રાજ કુમાર ગોતમ અન્ય ભીમસેનિક એ જેહમત ઉઠાવી હતી કાર્યક્રમ બાદ ભોજનદાન કાર્યક્રમ યોજાયો હતો

# મધ્યમ વયના પુરુષને પણ ગમે છે થોડી મોટી ઉંમરની સ્ત્રી

તાજેતરના વર્ષોમાં, આ ટ્રેન્ડ પર ઘણું સંશોધન કરવામાં આવ્યું છે કે આખરે યુવાનોને પરિપક્વ મહિલાઓ શા માટે પસંદ આવે છે? પરંતુ હવે આ મુદ્દે ઘણાં સંશોધનો બહાર આવ્યા છે કે માત્ર યુવાનો જ નહી પરંતુ આધેડ વયના પુરૂષોને પણ યુવતીઓ કરતાં તેમના કરતાં થોડી મોટી ઉંમરની મહિલાઓ વધુ પસંદ આવે છે. આખરે આની પાછળનું રહસ્ય શું છે? સંશોધનનું માનીએ તો રહસ્ય ખૂબ જ સરળ છે. હકીકતમાં, ઉંમર વધવાની ક્રિયા સ્ત્રીના વ્યક્તિત્વમાં નિખાર લાવે છે અને તેને તેના શરીર અને સમજણને લઈને વધુ સરળ બનાવે છે. સ્ત્રીઓ એવી અસુરક્ષાની ભાવના સાથે ઉછરે છે કે અમુક ઉંમર પછી તે અસુરક્ષા ઘણી હદ સુધી દૂર થઈ જાય છે અને પછી આ ભાવના તેમને માઈન્ડ ગેમ રમવા માટે પ્રોત્સાહિત કરે છે. આ જ કારણ છે કે જેમ-જેમ સ્ત્રીઓ મોટી થાય છે, તેઓને ખ્યાલ આવે છે કે તેમને વધુ પ્રયત્નો કરવાની જરૂર નથી, તેમનામાં અમુક હદ સુધી આત્મવિશ્વાસ આવી જાયછે અને પછી કોઈની સાથે વળગી રહે કે તેને છોડી દેવાના મુદ્દે નચિંત વલણ અપનાવે છે, જે તેમના માટે પ્રેરણાદાયક અને ઉત્તેજક છે.આવી આત્મવિશ્વાસુ સ્ત્રીઓ પુરુષોને વધુ આકર્ષક લાગે છે કારણ કે તેઓ ક્રોધાવેશ જૂથની યુવતીઓ કરતાં વધુ વ્યવહારુ અને સાહજિક હોય છે. માત્ર વિજાતીય આકર્ષણના સંદર્ભમાં જ નહી, થોડી મોટી ઉંમરની સ્ત્રીઓ તેમના પાર્ટનરને ઈમોશનલ સપોર્ટ પણ કરે છે. પુરુષોમાં સામાન્ય રીતે એવો અહંકાર હોય છે કે તેઓ તેમનાથી નાની ઉંમરના પુરૂષો અને સ્ત્રીઓ બંને પાસેથી ઈમોશનલ સપોર્ટ મેળવવામાં અચકાતા હોય છે, જ્યારે સ્ત્રી ઉંમરમાં થોડી મોટી હોય, તો પુરુષ તેના પાસેથી ભાવનાત્મક ટેકો મેળવવામાં બિલકુલ અચકાતા નથી. કારણ કે તેમના હ્રદયમાં ક્યાંક ને ક્યાંક માતાની છબી હાજર હોય છે અને દરેક પુરુષ ઈચ્છે છે કે તેની પત્ની કે ગર્લફ્રેન્ડ તેની માતા જેવી હોય. આ પણ સંબંધોનો એક પ્રકારનો 'ઈડિપસ કોમ્પ્લેક્સ' છે. વાસ્તવમાં, નાની ઉંમરની યુવતીઓ પુરુષોને નિઃસ્વાર્થપણે પ્રેમ નથી કરી શકતી અથવા પુરુષો એ સમજી શકતા નથી કે એક નાની ઉંમરની યુવતી તેમને નિઃસ્વાર્થપણે પ્રેમ કરી શકે છે. પરંતુ થોડી મોટી ઉંમરની સ્ત્રીઓ સામાન્ય રીતે પુરુષોને નિઃસ્વાર્થપણે પ્રેમ કરે છે અથવા પુરુષોને મનોવૈજ્ઞાનિક રૂપે એવો અનુભવ થાય છે. કારણ કે મોટી ઉંમરની સ્ત્રીઓ પુરુષોની તે રીતે કાળજી લે છે જે રીતે તેમની માતાઓ તેમની સંભાળ રાખે છે. તેથી, માત્ર યુવાનો જ નહી પરંતુ આધેડ વયના પુરૂષો પણ તેમના કરતાં પુખ્ત અથવા મોટી ઉંમરની સ્ત્રીઓ તરફ વધુ આકર્ષિત થાય છે.મોટી ઉંમરની સ્ત્રીઓ તેમના સંબંધો પ્રત્યે પ્રમાણિક હોય છે. તેમના જીવનના અનુભવોના આધારે, તેઓ સંબંધોનું મહત્વ સમજે છે, તેથી જ તેઓ છોકરીઓની જેમ નાની નાની બાબતો પર ના તો ગુસ્સે થાય છે કે ન તો શોર્ટ ટેમ્પર હોય છે કારણ કે તેઓ જાણે છે કે જીવન માત્ર પ્રેમની એ ક્ષણો સુધી સીમિત નથી પરંતુ જીવનનો વ્યાપ ઘણો મોટો છે. જે મહિલાઓના મોડા લગ્ન થાય છે, તેમણે તેમના જીવનમાં તમામ સંઘર્ષોનો સામનો જાતે જ કર્યો હોય છે, તેથી તેઓ આત્મવિશ્વાસથી ભરેલી હોય છે. તેઓ તેમના પુરૂષ ભાગીદાર પર નાની નાની વાત માટે બોજ નથી બનતી. આવી મહિલાઓ ઘરના અને બહારના બંને કામમાં તેમના પુરુષ સાથીઓને મદદ કરે છે. આવી મહિલાઓ મોટા ભાગના નિર્ણયો જાતે જ લે છે, આ વાત પણ તેમને વધુ આકર્ષક બનાવે છે. પ્રેમની બાબતમાં પણ તેઓ ઉતાવળ બતાવતા નથી.

તંત્રી લેખ...

મંગળવાર, તા. ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬

## બાંગલાદેશમાં તાહિરનું રાજ, ભારત સામે પડકારો છે ખાસ

બાંગલાદેશની ચૂંટણી પછી સર્જાયેલાં સમીકરણોને પગલે ભારત સામે પડકારોનો ખડકલો થયો છે. બાંગલાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ના તારિક રહમાન વડાપ્રધાન બનશે અને પાકિસ્તાન તરફી જમાત-એ-ઈસ્લામીને અત્યાર સુધીની સર્વોચ્ચ બેઠકો મળી હોવા છતાં તે સત્તામાં આવી નથી, એ ભારત માટે રાહતરૂપ છે. જો કે, કેટલાક પડકારો હજી પણ યથાવત્ છે. સૌથી પહેલી શિરોવેદના શેખ હસીનાને ભારતમાં અપાયેલા આશ્રયની છે. બાંગલાદેશે છેલ્લા ૧૮-૧૯ મહિનામાં અનેકવાર હસીનાના પ્રત્યાર્પણની માંગ કરી છે, જે ભારતે કાને ધરી નથી. હવે હસીનાને સ્વદેશ પાછા લાવવાનું દબાણ તારિકની સરકાર પર હશે. આથી, ભારત સાથેના સારા સંબંધોના બદલામાં તેઓ હસીનાની માંગ કરશે, જે ભારત પૂરી કરી શકે એમ નથી. વળી, બીએનપી સરકાર આ દિશામાં કોઈ હિલચાલ નહીં કરે તો જમાત તેનો મુદ્દો બનાવશે. દક્ષિણ એશિયામાં બાંગલાદેશ ભારતનું સૌથી મોટું વેપાર ભાગીદાર છે. છેલ્લા થોડા સમયમાં રાજદ્વારી સંબંધોમાં આવેલા તણાવની અસર બંને દેશ વચ્ચેના વેપાર પર થઈ છે. ટેક્સટાઈલ ક્ષેત્રમાં લાભ મેળવવા બાંગલાદેશે અમેરિકા સાથેના વેપાર કરારમાં આપેલી છૂટછાટોની અસર ભારતના ઉદ્યોગ પર પડી છે. આ ઉપરાંત, પાકિસ્તાન સાથે વેપાર માટે દરિયાઈ માર્ગ ખુલ્લો કરી ઢાકાએ નવી દિલ્હીની સુરક્ષા ચિંતાઓ વધારી મૂકી છે. આ બધામાં મધ્યમ માર્ગ લેવાય અને વેપાર ફરી ફૂલેફાલે એ બંને દેશ માટે સારું રહેશે. બીએનપીના આ પૂર્વેના કાર્યકાળમાં ભારતનું સાર્વભૌમત્વ અને સલામતી જોખમાય એવાં કામ થયાં હતાં. આથી, ભારતે બીએનપી સાથે સંબંધો સુધારવા સાથે જમાતના નેતાઓ સાથે પણ પાછલા બારણે વાતચીત શરૂ કરી હતી. અમેરિકાએ પણ જમાતના નેતાઓને સાધવાનો પ્રયાસ કર્યો હતો. ભારત માટે આમ છતાં સુરક્ષા સંબંધી પડકારો સદંતર દૂર થયા નથી. ચીનને બાંગલાદેશમાં મોટા ભાઈની ભૂમિકા લેતું અટકાવવા ભારતે બાંગલાદેશમાં કેટલાક માળખાકીય પ્રોજેક્ટ્સ તથા કનેક્ટિવિટી અને નેટવર્ક પ્રકલ્પો હાથ ધર્યા હતા. આસામ, મેઘાલય અને ત્રિપુરાને સીલહટ અને ઢાકા સાથે જોડવા માટેના પ્રોજેક્ટ્સ અત્યારે અટકી પડયા છે. જો કે, આ શરૂ કરવાનો નિર્ણય સો ગાળણે ગાળીને લેવાનો રહેશે, કેમ કે, હજી પણ બાંગલાદેશની ગલીઓમાં ભારતવિરોધી લાગણી છે અને જ્યાં સુધી એ થાળે પડતી નથી, ત્યાં સુધી આ દિશામાં આગળ વધતાં પહેલાં સાવચેતી રાખવાનું ભારત પસંદ કરશે. બાંગલાદેશીઓ પ્રત્યે ભારતમાં ગેરકાયદે ઘૂસી આવનારાઓ તરીકેનો અભિગમ છે. જો કે, અનેક બાંગલાદેશી નાગરિકો સત્તાવાર રીતે પર્યટન અને તબીબી સારવાર તથા વેપાર-ધંધા માટે ભારત આવે છે. મુંબઈના નવા મેયર રીતુ તાવડેએ શહેરમાંથી ગેરકાયદે બાંગલાદેશીઓને વીણવાની કવાયતને પ્રાથમિકતા ગણાવી હતી, તો આસામના મુખ્યપ્રધાન હેમંતા બિસ્વા શર્માએ બાંગલાદેશી અને રાહિંગ્યાઓ સામે શરૂ કરેલી ઝુંબેશ જેવી લાગણી દેશનાં અન્ય રાજ્યોમાં પણ છે. ભારતીય ક્રિકેટ બોર્ડના આદેશને કારણે આઈપીએલની કોલકાતા નાઈટ રાઈડર્સ ટીમમાંથી બાંગલાદેશી બોલર મુસ્તફિઝુર રહમાનની હકાલપટ્ટી વિવાદનું કારણ બની હતી. ભારતે આવી બાબતોમાં ધ્યાન રાખવાનું છે, ખાસ તો ચાલુ વર્ષે પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે, ત્યારે બાંગલાદેશ વિરોધી લાગણીઓ ભડકે નહીં એની તકેદારી રાખવાની રહેશે.

## પાક સામે જીત્યા, હવે વિશ્વકપ

કોલંબોમાં ટી-ટવેન્ટી વિશ્વકપની ગ્રુપ મેચમાં ભારત સામે સજ્જડ પરાજય ખમ્યા પછી પાકિસ્તાની ક્રિકેટ સદમામાં છે, તો તેના લાખો ચાહકો માતમ મનાવતાં સરકારને કોસી રહ્યા છે કે, ભારત સામેની મેચનો બહિષ્કાર પાછો ખેંચવાની કોઈ જરૂર જ નહોતી. ભારત સામે તમામ મોરચે તેજોદ્વેષથી પીડાઈ રહેલાં પાકિસ્તાનને હકીકતમાં તેની નકારાત્મકતા જ આડી આવી રહી છે. અતિ હાઈપ્રોફાઈલ મેચમાં ટોસ જીત્યા પછી પહેલાં બોલિંગ કરવાનો ખોટો નિર્ણય લીધો. કદાચ તેના કપ્તાન સલમાન આગાને અતિઆત્મવિશ્વાસ હતો કે, ગમે તેવું ટાર્ગેટ અમે પહોંચી વળીશું. ક્રિકેટ મેદાનમાં ભારત-પાકિસ્તાનની ટક્કરનો ઈતિહાસ તેણે જાણી લેવાની જરૂર હતી. અનેક પ્રસંગોએ ૫૦ ઓવરની મેચમાંય સવાસો-દોઢસોના મામૂલી લક્ષ્યને ભારતે ડિફેન્ડ કર્યું છે ને જીત મેળવી છે. એશિયા ઉપખંડની આ બે ટીમ મેદાનમાં સામસામે હોય ત્યો ભારતનો જુસ્સો સાતમા આસમાને પહોંચતો હોય છે. ૬૧ રને ભવ્ય જીત સાથે ટીમ ઈન્ડિયાએ સુપરએઈટ ગ્રુપમાં પ્રવેશ કરી લીધો છે. પાકિસ્તાન માટે પણ હજુ દરવાજો ખુલ્લો છે. સૂર્યકુમાર યાદવની ટીમની જીત માટે મહાશિવરાત્રિના દિવસે કરોડો ભારતીયોએ પ્રાર્થના કરી હતી એ ખરું, પણ નિર્ધારિત પરિણામ પ્રાપ્ત કરવા માટે લડવું પડતું હોય છે. અભિષેક શર્મા પહેલા દડામાં ખાતું ખોલાવ્યા વિના પેવેલિયનમાં પાછો ફર્યો તેમ છતાં ઈશાન કિશન અને તિલક વર્માએ બીજી વિકેટની ભાગીદારીમાં ૮૭ રનની ઝડપી ભાગીદારી કરી જે નિર્ણાયક પુરવાર થઈ. એ પછી ઝડપી બોલરો, સ્પિનરોએ કમાલ કરી, આપણા ફિલ્ડરોએ દરેક તકને ઝડપી લઈને પાક બેટધરોને એક પછી એક પેવેલિયન ભેગા કરી દીધા. સિંહાલી સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખૂબ મોટું છે. સ્લો ટર્ફને લીધે સિક્સર મારવી જોખમભર્યું બની રહે છે. પાકિસ્તાને રણનીતિ જુદી બનાવી હતી. છ સ્પિનર પાસે બોલિંગ કરાવીને ભારતના નૈસર્ગિક ફટકાબાજોને બાંધી રાખવામાં સફળતા જરૂર મેળવી, પણ બંને ટીમ વચ્ચે ઈશાન કિશનના તોફાની ૭૭ રન મોટો તફાવત હતો. આ મેચનાં પરિણામ પછી બંને ટીમે આત્મમંથનની જરૂર છે. પાકિસ્તાને સુપરએઈટમાં ક્વોલીફાય થવા નામીબિયા સામે જીતવું પડશે. ભારતનું હવે પછીનું લક્ષ્ય વિશ્વકપ જ હોવાનું. અતિઆત્મવિશ્વાસમાં આવ્યા વિના એ માટેની રણનીતિ અમલમાં મૂકવી રહી. સુપરએઈટ રાઉન્ડ છઠ્ઠા કોઠા જેવો છે. વેસ્ટ ઈન્ડિઝ, શ્રીલંકા, દ. આફ્રિકા, ઓસ્ટ્રેલિયા એ બધી ધરખમ ટીમો છે. ફાઈનલ કે વર્લ્ડકપ જીતનું સપનું જોવા પહેલાં એમાંથી સાંગોપાંગ-મજબૂતાઈ સાથે પાર ઊતરવાનું છે. સૂર્યસેનાનું ઉત્કૃષ્ટ ફોર્મ જોતાં મુશ્કેલ ન લાગવું જોઈએ.

**જમાતે ૨૦૧૧માં વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયા બનાવીને ચૂંટણીમાં ઝંપલાવ્યું પણ સફળતા મળી નથી**

# જમાતની સત્તા હોત તો બાંગ્લાદેશ પાકિસ્તાનમાં ભળી ગયું હોત

**આ અંદાજ મેળવવા જમાતનો ઈતિહાસ જાણવો જરૂરી છે.જમાત-એ-ઈસ્લામીની શરૂઆત એક ઈસ્લામિક ચળવળ તરીકે થઈ હતી.**

બાંગ્લાદેશમાં તારિક અનવરની સરકારની મંગળવારે શપથવિધિ થવાની છે ત્યારે બીજી તરફ તારિકની બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (બીએનપી)ની મુખ્ય હરીફ જમાત-એ-ઈસ્લામીએ ૩૨ બેઠકો પર ફરી મતગણતરીની માગ કરી છે. આ તમામ બેઠકો પર જમાત જીતી જાય તો પણ કોઈ ફરક પડવાનો નથી પણ જમાત ચૂંટણીમાં ગયેલી આબરૂ બચાવવા માટે આ હવાતિયાં કરી રહી છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ બંનેની આર્મી, જાસૂસી સંસ્થાઓ અને કટ્ટરવાદીઓના ટેકા છતાં જીતી ના શકેલી જમાત પોતે ચૂંટણીમાં ગરબડના કારણે હારી ગઈ એવું સ્થાપિત કરવા ફાંફાં મારી રહી છે. જમાતનાં આ હવાતિયાંથી ભારત સરકાર ખુશ છે ને લોકો પણ ખુશ છે કેમ કે જમાતે ભારત વિરુદ્ધ ઝેર ઓકવામાં કોઈ કસર છોડી નહોતી. સત્તામાં આવશે તો ભારત વિરોધી વલણ અપનાવવાની જાહેરાત જમાતે કરી હતી. આ કારણે જમાતની હારથી ભારતીયો ખુશ થાય એ સ્વાભાવિક છે પણ જમાતનો ઈતિહાસ મોટા ભાગનાં ભારતીયોને ખબર નથી તેથી જમાત સત્તામાં આવે તો ભારતને કેવું નુકસાન કરી શકે તેનો અંદાજ નથી. આ અંદાજ મેળવવા જમાતનો ઈતિહાસ જાણવો જરૂરી છે.જમાત-એ-ઈસ્લામીની શરૂઆત એક ઈસ્લામિક ચળવળ તરીકે થઈ હતી. ૧૯૪૧માં બ્રિટિશ ભારતમાં પત્રકાર સૈયદ અબુલ અલા મૌદુદીએ મુસ્લિમ બ્રધરહુડથી પ્રેરિત થઈને જમાતની સ્થાપના કરી હતી. જમાતનો ઉદ્દેશ ભારતીય ઉપખંડમાં ઈસ્લામના સિદ્ધાંતો પ્રમાણેનું શાસન સ્થાપવાનો છે. ભાગલા પછી, મૌદુદી પાકિસ્તાનમાં જતા રહ્યા અને જમાત જમાત-એ-ઈસ્લામી પાકિસ્તાન અને જમાત-એ-ઈસ્લામી હિંદ એમ બે બે અલગ અલગ સંગઠનોમાં વિભાજિત થઈ ગઈ. જમાત-એ-ઈસ્લામી હિંદની સ્થાપના એપ્રિલ ૧૯૪૮માં અલ્હાબાદમાં કરાઈ હતી. આઝાદ ભારતમાં અલગ સંગઠન બન્યું હોવાથી તેને સત્તાવાર રીતે જમાત-એ-ઈસ્લામી હિંદ નામ અપાયું. ભારતમાં જમાતની પહેલી બેઠકમાં ૨૪૦ સભ્યો હાજર હતા અને મૌલાના અબુલ લૈસ નદવી અમીર એટલે કે નેતા ચૂંટાયા હતા. પહેલાં જમાતનું મુખ્ય મથક લખનઊના મલીહાબાદમાં હતું. ૧૯૪૯માં રામપુર ખસેડાયું અને ૧૯૬૦માં નવી દિલ્હી ખસેડવામાં આવ્યું.જમાત-એ-ઈસ્લામી હિંદ હજુ ભારતમાં સક્રિય છે જ પણ ભારતમાં તેનો કોઈ પ્રભાવ નથી. ભારતમાં મુસ્લિમોની વસતી ૨૦ કરોડની આસપાસ છે પણ જમાતનો તેમાં કોઈ પ્રભાવ નથી. સૈયદ સદતુલ્લાહ હુસૈની જમાતના પ્રમુખ છે. હુસૈની કટ્ટરવાદી નથી ને ટીપિક મુસ્લિમ કટ્ટરવાદી નેતાઓની જેમ બકવાસ નથી કરતા. બલકે મુસ્લિમ મહિલાઓને સમાન અધિકારો સહિતના ઉદાર વિચારો ધરાવે છે પણ મુસ્લિમ સમાજના બહુમતી વર્ગને તેમના વિશે ખબર જ નથી. જમાતના સક્રિય સભ્યોની સંખ્યા ૧૨ હજારની આસપાસ છે એ જોતાં ભારતના ૦.૧ ટકા મુસ્લિમો પણ જમાતને ટેકો નથી આપતા એ સ્પષ્ટ છે. જમાતે ૨૦૧૧માં વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયા બનાવીને ચૂંટણીમાં ઝંપલાવ્યું પણ સફળતા મળી નથી. હુસૈની હિંદુઓ સાથે સંવાદ અને હળીમળીને રહેવાના તરફદાર હોવાથી ભવિષ્યમાં રાજકીય રીતે એ કદાચ કાઠું કાઢી શકે પણ અત્યારે તો જમાત-એ-ઈસ્લામી હિંદનો કોઈ પ્રભાવ નથી એ સ્વીકારવું પડે.ભારતના મુસ્લિમો સમજદાર છે તેથી ભારતને મુસ્લિમ રાષ્ટ્ર બનાવવા જેવા શેખચલ્લીના વિચારોને પોષતાં જમાત જેવાં સંગઠનો કે મુસ્લિમ લીગ જેવા પક્ષોની વાતોમાં નથી આવી જતાં પણ પાકિસ્તાનમાં અલગ સ્થિતિ છે. પાકિસ્તાન મુસ્લિમો માટે અલગ રાષ્ટ્રના વિચાર સાથે જ સ્થપાયેલું તેથી સ્થાપના વખતથી જ જમાત-એ-ઈસ્લામીનો પ્રભાવ રહ્યો. પાકિસ્તાનમાં કટ્ટરવાદનો પ્રભાવ વધારવામાં જમાતનું યોગદાન મોટું છે.જમાત આખા ભારતીય ઉપખંડને મુસ્લિમ રાષ્ટ્ર બનાવવાનાં સપનાં જોતી તેથી બાંગ્લાદેશની આઝાદીની લડાઈ વખતે જમાત પાકિસ્તાન સરકારને પડખે હતી. બંગાળીઓને પોતાની સંસ્કૃતિ, પોતાની ભાષા, પોતાના વારસાનું બહુ ગૌરવ છે જયારે જમાત તો ઈસ્લામને સર્વોપરિ માને છે તેથી જમાત અને બાંગ્લાભાષીએ પહેલેથી સામસામે હતા. મોટા ભાગના બંગાળીઓ પોતાની સંસ્કૃતિને ધર્મથી પર માનતા હોવાથી કટ્ટરવાદીઓ સાથે તેમના સંઘર્ષનો આરંભ થયો અને શેખ મુજીબુર રહેમાને બંગાળીઓના સંઘર્ષની આગેવાની લીધી ત્યારે જમાતે ખુલ્લેઆમ તેમની સામે મોરચો માંડેલો.પશ્ચિમ પાકિસ્તાન (હાલનું પાકિસ્તાન)માં પંજાબી અને સિંધીઓની સત્તા હતી તેથી શાસકો બંગાળીઓના વિરોધને લશ્કરી તાકાતની મદદથી કચડવા મથ્યા કરતા હતા ને જમાતે તેમાં સાથ આપ્યો. ભારત પૂર્વ પાકિસ્તાનના ક્રાન્તિકારીઓને મદદ કરતું હતું તેથી બંગાળી લોકોના આક્રોશને ડામવો પાકિસ્તાનની સરકાર માટે અશક્ય બની ગયો હતો. ભૂરાંટા થયેલા પાકિસ્તાનના લશ્કરી સરમુખત્યાર યાહ્યાખાને બંગાળીઓની લડતને કચડી નાંખવા અત્યાચારો કરવા માંડ્યા. મુજીબુર રહેમાને પણ લોકોને પૂરી તાકાતથી લડી લેવાનું એલાન કરતાં બંગાળીઓ રસ્તા પર ઉતર્યા ને બાંગ્લાદેશમાં પ્રચંડ આંદોલન ઊભું થયું.આ આંદોલનને કચડી નાંખવા ૨૫ માર્ચ, ૧૯૭૧ના રોજ પાકિસ્તાનના લશ્કરી સરમુખત્યાર યાહ્યાખાને લશ્કરને છૂટો દોર આપી દીધો. યાહ્યા ખાને બાંગ્લા પ્રજાના વિરોધને કચડી નાખવા લશ્કરને જે યોગ્ય લાગે તે કરવાની છૂટ આપી એટલે ટિક્કાખાને રઝાકાર નામે એક બિનસત્તાવાર સશ સંગઠન ઊભું કર્યું. જમાત સહિતનાં કટ્ટરવાદી સંગઠનોના કાર્યકરોની ભરતી કરીને તેમને હથિયાર અપાયાં અને બાંગ્લાભાષીઓ પર તૂટી પડવા છૂટો દોર અપાતાં બાંગ્લા પ્રજા પર બેફામ અત્યાચાર શરૂ થયા.બાંગ્લાદેશની આઝાદીની ચળવળના સૌથી મોટા નેતા બંગબંધુ શેખ મુજીબુર રહેમાનની ધરપકડ કરવામાં આવી મુજીબુરના સમર્થકોને ખતમ કરવા ઓપરેશન સર્ચલાઈટ શરૂ કરાયું તેમાં જમાત કેન્દ્રસ્થાને હતી. જમાતને હિંદુઓ સામે ખુન્નસ કાઢવા પાકિસ્તાન આર્મીએ છૂટ આપી તેનો લાભ લઈને ઓપરેશન સર્ચલાઈટ દરમિયાન ૩૦ લાખ બંગાળીઓની હત્યા કરાઈ હતી અને એક લાખથી વધુ ીઓ પર બળાત્કાર ગુજારાયા હતા એવું કહેવાય છે. તેમાંથી મોટા ભાગનાં હિંદુ હતાં. જમાતના મોટા મોટા નેતા આ અત્યાચારોમાં સામેલ હતા.જમાતે બાંગ્લાદેશની આઝાદીની લડાઈ વખતે પાકિસ્તાન આર્મીને સાથ આપતાં બાંગ્લાદેશના સર્જન પછી જમાત પર પ્રતિબંધ મૂકી દેવાયેલો કે જે ૧૯૭૮માં ઊઠ્યો પછી પહેલી વાર જમાત ચૂંટણી લડી શકી. નવા રાષ્ટ્રના સર્જન સાથે બાંગ્લાદેશમાં નવી જમાત અસ્તિત્વમાં આવી પણ તેનો પાકિસ્તાન પ્રેમ અને હિંદુઓ માટેની નફરત ના ગઈ તેથી બાંગ્લાદેશમાં પણ જમાતે કટ્ટરવાદને પોષવાનું જ કામ કર્યું છે. શેખ હસીના સત્તામાં આવ્યાં પછી ૨૦૧૩માં તેમણે ફરી જમાત પર પ્રતિબંધ મૂકી દીધેલો પણ હસીનાએ ભાગવું પડ્યું પછી આ પ્રતિબંધ ૨૦૨૪માં હટી ગયો તેથી આ વખતે જમાત ચૂંટણી લડી શકી. બાંગ્લાદેશમાં જમાતની સરકાર રચાઈ હોત તો બાંગ્લાદેશ ફરી પાકિસ્તાનમાં ભળી ગયું હોત એવું મનાય છે. જમાતનો ઈતિહાસ ભારત વિરોધી હોવાથી ભારત સામે બાંગ્લાદેશ વધારે આક્રમક બન્યું હોત ને ભારત સામે આતંકવાદનો વધુ એક મોરચો બાંગ્લાદેશની ધરતી પરથી ખૂલી ગયો હોત. ભારતમાં બાબરી ધ્વંસ પછી જમાતના નેતાઓ અને વિદ્યાર્થી સંગઠનોએ બાંગ્લાદેશમાં હિંદુ વિરોધી રમખાણો ભડકાવીને મોટા પાયે હિંદુઓની હત્યાઓ કરી હતી. જમાત એ પછી પણ સતત હિંદુઓને ટાર્ગેટ કર્યા કરે છે તેથી સત્તામાં આવી હોત તો હિંદુઓ પર સત્તાવાર રીતે જ અત્યાચારો શરૂ થઈ ગયા હોત.

**સગર્ભાવસ્થામાં લો પોટેશિયમ લેવલથી માતા-બાળકને નુકસાન**

# લો પોટેશિયમ લેવલથી ભારે નુકસાન

- નિવૃત્ત થયા પછી પણ જવાબદારી છૂટતી નથી. આ મંજૂરી મળ્યા પછી પણ સંરક્ષણ પ્રધાનના ખાતાં પાસેથી આખરી - ફાઇનલ મંજૂરી લેવી જરૂરી છે. જનરલ નરવણેનું પુસ્તક આવી મંજૂરીમાં અટક્યું છે. ૨૦૨૪માં ૩૫ પુસ્તકને મંજૂરી મળી, પણ નરવણેનું પુસ્તક અટકાવાયું છે.

લોહીમાં પોટેશિયમના નબળા સ્તરને હાઈપોકેલેમિયા કહેવામાં આવે છે. માંસપેશિઓ અને નસોની કામગીરી માટે તેમજ ભોજનમાંથી એનર્જી રિલિઝ કરવામાં પોટેશિયમ મદદરૂપ સાબિત થાય છે. આ હાર્ટ માટે પણ જરૂરી હોય છે. તે બ્લડપ્રેશરને નિયંત્રિત કરવામાં મદદરૂપ બને છે. જો ગર્ભાવસ્થામાં પોટેશિયમની કમી થઈ જાય છે તો તેના કારણે માતા અને શિશુને આરોગ્યને લઈને કેટલીક તકલીફ પડે છે. સગર્ભાવસ્થામાં પોટેશિયમની કમી કેમ થાય છે તેની વાત આજે અમે કરવા જઈ રહ્યા છીએ. જાકાર નિષ્ણાંતો અને તબીબો કહે છે કે રક્તવાહિનીઓમાં પોટેશિયમનુ સામાન્ય સ્તર ૩.૫થી પાંચ મિલી મોલ્સ હોય છે. બીજી બાજુ ગર્ભાવસ્થાના પ્રથમ ત્રિમાસિક ગાળામાં પોટેશિયમનુ સ્તર ૩.૬થી પાંચ, સગર્ભાવસ્થાના બીજા તબક્કામાં ૩.૩ અને ૫ તેમજ ગર્ભાવસ્થાના ત્રીજા તબક્કામાં ૩.૩તી ૫.૧ હોય તે જરૂરી છે. જ્યારે પોટેશિયમ લેવલ આના કરતા ઘટી જાય છે ત્યારે હાઈપોકેલેમિયાની સ્થિતી સર્જાઈ જાય છે. સગર્ભાવસ્થા દરમિયાન મહિલામાં લો પોટેશિયમ લેવલના કારણે કેટલીક સ્થિતી સર્જાઈ જાય છે. હાઈપોકેલેમિક પિરિઓડિક પેરાલિસીસની સ્થિતી ઘાતક હોય છે. આના કારણે પગ, હાથ અને




આંખની માંસપેશિઓમાં ક્યારેય ક્યારેય નબળાઈ આવી જાય છે.કાર્ડિએક ડિસ્રિથમિયા હેઠળ હાર્ટના ધબકારા વધી જાય છે. જેના કારણે કાર્ડિએક અરેસ્ટ આવી શકે છે. સગર્ભાવસ્થા દરમિયાન લો પોટેશિયમ લેવલના કારણે હાઈ બ્લડપ્રેશરની સ્થિતી સર્જાઈ શકે છે. લો પોટેશિયમના કારણે સગર્ભા મહિલાઓમાં શરીરમાં પોટેશિયમનુ સ્તર ઘટી શકે છે. દરમિયાન એક સંબંધિત નવા અભ્યાસમાં કેટલીક નવી વિગત સપાટી પર આવી છે. અમેરિકામાં તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સગર્ભા અવસ્થામાં મહિલાઓના પગના કદમાં હમેશ માટે વધારો થાય છે. યુનિવર્સિટી ઓફ લોવાના સંશોધકો દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવાયું છે કે સગર્ભા અવસ્થા વેળા મહિલાઓના પગની લંબાઈ અને પહોંળાઈમાં આંશિક રીતે વધારો થાય છે. મોટી સંખ્યામાં મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસ બાદ સંશોધકો એવા તારણ ઉપર પહોંચ્યા છે કે સગર્ભા અવસ્થા વેળા મહિલાઓના પગના કદમાં વધારો થાય છે. જો કે આ તારણોથી કેટલીક મહિલાઓ સંતુષ્ટ નથી. કારણ કે આમા કોઈ કારણ આના માટે આપવામાં આવ્યા નથી. બાળકને જન્મ આપવામાં આવ્યા બાદ આ ફેરફારો સ્પષ્ટપણે જોવા મળે છે. અભ્યાસના ભાગરૂપે ૨૯ મહિલાઓને આવરી લેવામાં આવી હતી અને તેમના ફેરફાર ઉપર નજર રાખવામાં આવી રહી હતી. આ પૈકી મોટાભાગની મહિલાઓ પ્રથમ વખત માતા બનનાર હતી. જ્યારે ૧૭ ટકા બીજી વખત અને ત્રણ ટકા ત્રીજી વખત માતા બનનાર મહિલાઓ હતી. સરેરાશ મહિલાઓની લંબાઈ અને પહોંળાઈમાં વધારો જોવા મળ્યો છે અને આ વધારો ૦.૧થી ૦.૪ ઈંચ સુધીનો થયો છે. એકંદરે ૬૦થી ૭૦ ટકા મહિલાઓ બાળકના જન્મ બાદ તેમના પગના કદમાં વધારો થયો છે તેવો અનુભવ કર્યો છે. ૧૧ ટકા મહિલાઓએ તેમના સુઝના કદમાં ફેરફાર થયો હોવાની કબૂલાત કરી છે. આવનાર દિવસોમાં અભ્યાસના તારણોને લઈને વધુ અભ્યાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જે મહિલાઓએ બેથી ત્રણ બાળકોને જન્મ આપ્યા છે તે મહિલાઓમાં આવા કોઈ ફેરફાર જોવા મળ્યા નથી તેમ પણ જાણવા મળ્યું છે. અભ્યાસના તારણો અમેરિકન જર્નલ ઓફ ફિઝિકલ મેડીસીનમાં પ્રકાશિત કરવામાં આવનાર છે. લો પોટેશિયમ લેવલને ટાળવા માટે તમામ પ્રયાસ સગર્ભા અવસ્થા દરમિયાન કરવામાં આવે તે જરૂરી છે. આના માટે તબીબોની પણ સલાહ લેવી જોઈએ. કેટલીક સમસ્યાને આના કારણે પહેલાથી જ ટાળી શકાય છે.

**શુ કરવામાં આવે : ૫-૨-૧-૦ની ફોર્મ્યુલા પર કામ કરવાની જરૂર**

# બાળક સ્થુળ છે તો ખાસ ફોર્મ્યુલા

**૬-૧૫ વર્ષ સુધી સામાન્ય રીતે એકથી દોઢ કિલો વજન વધે તે જરૂરી છે : ૩૦ ટકા બાળકો સ્થુળતાથી ગ્રસ્ત હોય છે જે જંક ફુડ ખાય છે**

બાળકોમાં વજન વધવા માટેની સમસ્યા સામાન્ય રીતે ૧૦ વર્ષથી લઈને ૧૫ વર્ષની વય સુધી શરૂ થાય છે. આવા બાળકોમાં મોટા થતા કેટલીક ખાસ પ્રકારની બિમારી થવાનો ખતરો રહે છે. જેમાં હાર્ટ સંબંધિત બિમારીનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ડાયાબિટીસ, પીસીઓડી અને બાર્મોનલ સંબંધી પરેશાની આવવા લાગી જાય છે. આ તમામ તકલીફને કેટલીક કાળઝી રાખીને રોકી શકાય છે. બાળકોમાં સ્થુળતા વધવા માટે જે કારણ મુખ્ય રીતે રહેલા છે તેમાં ખેલકુદને લઈને રસ ઓછો હોવાની બાબત પણ સામેલ છે. સાથે સાથે જે બાળકો મોટા ભાગે જંક ફુડનો ઉપયોગ વધારે કરે છે તેમનામાં પણ આ સમસ્યા સામાન્ય રીતે જોવા મળે છે. આવા બાળકોમાં ૧૦ વર્ષથી લઈને ૧૫ વર્ષની વય સુધી બોડી ફેટ વધવા લાગી જાય છે. મોટા ભાગના બાળકો મોબાઈલ, ટીવી અને વિડિયો ગેમની સાથે તેમનો સમય ગાળે છે. જેના કારણે શારરિક ગતિવિધી તઈ શકતી નથી. આના કારણે બાળકોની લંબાઈ વધવાની પ્રક્રિયા સમય કરતા પહેલા રોકાઈ જાય છે. ફેટી બાળકોના શારરિક અને માનસિક વિકાસની પ્રક્રિયા યોગ્ય રીતે થઈ શકતી નથી. આવા બાળકો સીઢી ચઢતા પણ થાકી જાય છે. ખુબ વહેલી તકે થાકી જાય છે. યુવતિઓમાં સમય કરતા પહેલા પિરિયડનો ગાળો શરૂ થઈ જાય છે. ઓવરીમાં તકલીફ થાય છે. જેના કારણે પીસીઓડીની સમસ્યા ઉભી થાય છે. આવા બાળકો વધારે ભાવુક અને બિમારીથી ગ્રસ્ત બની જાય છે. સ્થુળતાથી ગ્રસ્ત રહેલા બાળકોને ફિટ કરવા માટે કેટલીક ફોર્મ્યુલા રહેલી છે. જેના પર કામ કરવામાં આવે તે ફાયદો થાય છે. આના માટે માતાપિતાને બાળકો માટે ફાઈવ ટુ જીરો ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. પાંચમાં સિઝનની શાકભાજી અને ફળ નિયમિત રીતે ખાવામાં આવે તો ફાયદો થાય છે. બે કલાકથી વધારે ટીવી અને મોબાઈલ ચલાવવા માટેની મંજુરી આપવી જોઈએ નહીં. એક કલાકથી વધારે સમય સુધી દરરોજ કસરત કરવામાં આવે તે જરૂરી છે. કોઈ પણ પ્રકારના સોફ્ટ ડ્રિન્ક બાળકોને પીવા માટે ન આપવામાં આવે તે જરૂરી છે. માત્ર બાળકો માટે જ નહીં બલ્કે તમામ વયના લોકો માટે સ્થુળતા ખતરનાક છે અને અનેક બિમારીને આમંત્રણ આપે છે.તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સ્તનપાન વધુ કરનાર નવજાત શિશુમાં બાળપણમાં સ્થૂળતાનો ખતરો ઘટી જાય છે. જ્યારે બીજી બાજુ ડાયાબિટીશનો શિકાર થયેલી માતાઓના બાળકોને બાળપણમાં સ્થૂળતાનો ખતરો વધારે રહે છે. અભ્યાસ મુજબ




ઓછામાં ઓછા છ મહિના સુધી સ્તનપાન કરનાર શિશુમાં આ ખતરો ઘટી જાય છે. ઈપીડેમિયોલોજીસ્ટ ટેસાક્રૂમે કહ્યું છે કે વ્યાપક અભ્યાસ બાદ આ મુજબના તારણ સપાટી પર આવ્યા છે. અભ્યાસવેળા સંશોધકોએ ડાયાબિટીશનો શિકાર થયેલી માતાઓના ૯૪ બાળકો અને ડાયાબિટીશનો શિકાર નહીં થયેલી ૩૯૯ મહિલાઓના બાળકો ઉપર નજર રાખ્યા બાદ આ તારણ ઉપર પહોંચ્યા છે. સંશોધકોનું કહેવું છે કે બાળકોમાં સ્થૂળતાનો ખતરો વધી જાય છે પરંતુ શિશુના ગાળામાં સ્તનપાન કરવામાં આ ખતરો ઓછો રહે છે. ડાયાબિટીક સગર્ભા અવસ્થાના કારણે પોષણ વધી જતાં સ્થૂળતાનો ખતરો બાળકમાં રહે છે. અહેવાલ મુજબ સગર્ભા અવસ્થા દરમિયાન ડાયાબિટીશનો શિકાર થયેલી મહિલાઓને ખૂબ જ સંભાળ લેવાની જરૂર પડે છે. સ્તનપાન નવજાત શિશુને માત્ર ઘણી બિમારીથી રક્ષણ આપે તેમ નથી બલ્કે અન્ય ખતરા પણ ટાળી દે છે. બાળપણમાં સ્થૂળતાનું જોખમ અનેકગણું ઘટી જાય છે. આ મહિલા સંશોધકનું કહેવું છે કે નવી શોધથી નવજાત શિશુને વધુ પ્રમાણમાં મહિલાઓ સ્તનપાન કરાવવા આગળ આવશે અને ગેરમાન્યતા ધરાવતી મહિલાઓને પ્રત્સાહન મળશે. સગર્ભા અવસ્થા દરમિયાન ડાયાબિટીકનો શિકાર બનેલી મહિલાઓ માટે પણ આ તારણો ઉપયોગી સાબિત થશે. ઈન્ટરનેશનલ જનરલ ઓફ ઓબેસિટીના નવા અભ્યાસમાં આ સંશોધનના તારણો પ્રકાશિત કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં જાણવામાં આવ્યું છે કે, જે રીતે મહિલાઓમાં સ્થૂળતા ઘણી બિમારીઓને આમંત્રણ આપે છે તેવી જ રીતે ઓછુ વજન પણ ઘણી બિમારીઓને આમંત્રમ આપે છે. આનો મતલબ એ થયો કે, સ્થૂળતા અને વધારે પડતુ ઓછુ વજન બંને ખતરનાક છે. જેથી મહિલાઓને પોતાના વજન બોડી માસ ઈન્ડેક્સ (બીએમઆઈ)મુજબ રાખવા તબીબો સલાહ આપે છે. બોડી માસ ઈન્ડેક્સમાં જણાવવામાં આવ્યું છે કે, ૪ ફુટ ૧૦ ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન આદર્શ રીતે ૪૯-૫૪ કિલો, પાંચ ફુટની મહિલાઓનું વજન ૫૧-૫૭ કિલોગ્રામ હોવું જોઈએ. આવી જ રીતે મહિલાઓમાં પાંચ ફુટ એક ઈંચની લંબાઈ ધરાવતી મહિલાઓનું વજન ૫૨-૫૮ હોવું જોઈએ.



# રણબીર કપૂરનો રણકાર : 'બ્રહ્માસ્ત્ર ૨' ધાર્યા કરતાં વહેલી આવી શકે છે

## ઇન્સ્ટાગ્રામ લાઇવમાં રણબીરે ધુરંધરને તેની હાલની ગમતી ફિલ્મ ગણાવી

રણબીર કપૂરે વેલેન્ટાઇન ડે પર પોતાનાં ચાહકો સાથે ઈન્સ્ટાગ્રામ લાઈવ કરીને વાતચીત કરી હતી, જેમાં તેણે પોતાની આવનારી ફિલ્મો સહિતના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. પોતાના વેન્ચર એઆરકેએસના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર જઈને રણબીર કપૂરે ચાહકો સાથે વાત કરવા માટે ટૂંકું લાઈવ સેશન કર્યું હતું. રણબીરે ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ લાઈવ કર્યું અને તેની આસપાસ ચાલી રહેલી વિવિધ બાબતો વિશે ચર્ચા કરી હતી. જેમાં તેના પ્રશંસકોએ તેને અનેક પ્રશ્નો પૂછ્યા હતા, તેને તેની ભૂતકાળની અને આવનારી ફિલ્મોની સિક્વલ વિશે પણ પૂછવામાં આવ્યું હતું. 'બ્રહ્માસ્ત્ર'ની સિક્વલ વિશે રણબીર કપૂરે કહ્યું, ''બ્રહ્માસ્ત્ર ૨ બની રહી છે અને અમે આ ફિલ્મ ખુબ જલ્દી શરૂ કરવા જઈ રહ્યા છીએ, તમે વિચારો તેનાં કરતાં પણ વહેલી.''

પરંતુ જ્યારે તેની સૌથી લોકપ્રિય રોમેન્ટિક ડ્રામામાંથી એક યે જવાની હે દિવાનીની સિક્વલ અંગે શક્યતા વિશે પૂછાયું, ત્યારે રણબીરે સ્પષ્ટ કરી દીધું કે એવી કોઈ યોજના નથી. ૨૦૧૩ની આ હિટ ફિલ્મના સંદર્ભે ચાલી રહેલી ચાહકોની માંગને સંબોધતા તેણે સમજાવ્યું કે તે પહેલેથી પૂર્ણ લાગતી વાર્તાને આગળ વધારવાને બદલે નવી મજા પડે એવી તકો શોધવાનું પસંદ કરે છે.

રણબીર કપૂરે તેની બે સૌથી ચર્ચિત ફિલ્મોને લઈને સ્થિતિ સ્પષ્ટ કરી, ફેન્ટસી ફ્રેન્ચાઇઝી 'બ્રહ્માસ્ત્ર પાર્ટ ટુઃ દેવ'ના ભવિષ્ય અંગે સ્પષ્ટતા આપી અને 'યે જવાની હૈ દીવાની'ની સિક્વલ અંગેની અટકળોને મજબૂત રીતે નકારી કાઢી હતી. તેની આ મહત્ત્વાકાંક્ષી સુપરહીરો સાગાના આગામી ભાગ વિશે વાત કરતાં રણબીરે ચાહકોને ઉત્સાહજનક અપડેટ આપી હતી. તેણે કહ્યું કે આ પ્રોજેક્ટ સક્રિય રીતે આગળ વધી રહ્યો છે અને પ્રોડક્શન ઘણા લોકોની અપેક્ષા કરતાં વહેલું શરૂ થઈ શકે છે. જ્યારે રણબીરે રનવીર સિંહ અભિનિત 'ધુરંધર'ના પણ વખાણ કર્યા હતા. તેણે આ ફિલ્મની ખુલીને સરાહના કરી હતી. સાથે જ તેણે એક ઈન્ટરવ્યુમાં વેલેન્ટાઇન ડે પર પોતાનાં અને આલિયાના સંબંધ વિશે પણ વાત કરી હતી. રણબીર કપૂર પ્રેમમાં વિશ્વાસ રાખે છે અને આ વેલેન્ટાઇન ડે પર તેણે આ પ્રેમ દુનિયા સાથે વહેંચવાનો નિર્ણય લીધો હતો. લાઈવની એક કોમેન્ટમાં એક ચાહકે રણબીરની હાલની મનપસંદ ફિલ્મ વિશે પૂછ્યું. સ્ટારે જણાવ્યું કે આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મથી તે ખૂબ પ્રભાવિત થયો છે. રણબીરે કહ્યું, ''હાલની મારી ફેવરિટ ફિલ્મ 'ધુરંધર'

છે. મને ફિલ્મ ખૂબ ગમી. સમગ્ર કાસ્ટ અને ક્રૂએ કમાલ કરી અને સિનેમામાં ખરેખર ફિલ્મ જોવાની ઘણી મજા આવી.'' સાથે જ તેણે એક મેગેઝીનના ઈન્ટરવ્યુમાં પણ સવારે ઊઠ્યા પછી નિયમિતપણે કરાતી પાંચ આદતો વિશે વાત કરી.

જેમાં એક સાચા બોલિવૂડ રોમેન્ટિક હીરોની જેમ, તેણે સૌપ્રથમ જે વાત કરી તે અભિનેત્રી આલિયા ભટ્ટ વિશે હતી. તેણે કહ્યું, ''હું સવારે ઊઠીને મારી પત્નીને કિસ કરું છું. હું મારી દીકરી રાહાના રૂમમાં દોડી જાઉં છું, થોડી ક્ષણો તેની સાથે ચોરી લેવાનો પ્રયત્ન કરું છું, પરંતુ તે સામાન્ય રીતે સવારે ઘણી અકળાયેલી હોય છે.'' તે પછી તે કોફી પીવે છે, પોતાના દિવસનું આયોજન કરે છે અને નાસ્તો કરે છે. આલિયા ભટ્ટ અને રણબીર કપૂર ૨૦૧૮માં 'બ્રહ્માસ્ત્ર'ના સેટ પર મળ્યા પછી ડેટિંગ શરૂ કર્યું હતું. બંનેએ ૧૪ એપ્રિલ, ૨૦૨૨માં લગ્ન કર્યાં અને નવેમ્બર ૨૦૨૨માં પોતાની દીકરી રાહાનું સ્વાગત કર્યું હતું.

# દીપિકા પાદુકોણ 'ધ વ્હાઇટ લોટસ'ની સીઝન-૪માં જોડાઈ હોવાના અહેવાલ

## ચોથી સીઝનનું શૂટ ફ્રાન્સમાં શેટો દી લા મેસાર્દિયર, સેંટ ટ્રોપેઝમાં થશે

દીપિકા પાદુકોણનાં નામની 'ધ વ્હાઇટ લોટસ' સાથે જોડાવા અંગે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. તાજેતરના અહેવાલો અનુસાર, તે આ લોકપ્રિય સિરીઝની આવનારી ચોથી સીઝનમાં જોડાઈ શકે છે.

ડેકન ક્રોનિકલના અહેવાલ મુજબ, દીપિકા એમી એવોર્ડ વિજેતા ડાર્ક કોમેડી એન્થોલોજીની સીઝન ૪માં જોવા મળી શકે છે. રિપોર્ટ મુજબ તે હેલેના બોનહામ કાર્ટર અને ક્રિસ મેસીના સહિતના કલાકારો સાથે સ્ક્રીન શેર કરશે. આ અહેવાલો મુજબ નવી સીઝનનું શૂટિંગ ફ્રાન્સમાં થશે અને સેંટ ટ્રોપેઝ ખાતે આવેલ શેટો દી લા મેસાર્દિયર હોટેલને મુખ્ય લોકેશન તરીકે પસંદ કરવામાં આવી છે.જો કે, સ્ટુડિયો અથવા નિર્માતાઓ તરફથી કે પછી દીપિકા તરફથી તેમાં દીપિકાના જોડાવા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. હાલ તેની હાજરી અંગે અનુમાનના આધારે ચર્ચા ચાલી રહી છે.દીપિકાનું નામ આ પહેલાં પણ આ સિરીઝ સાથે જોડાયું છે. ૨૦૨૪માં આવેલા અહેવાલો મુજબ તેની સીઝન ૩માં બ્લેકપિંકની લિસા સાથે જોડાવાની ચર્ચા હતી. પરંતુ ગર્ભાવસ્થાના કારણે તેણે પ્રોજેક્ટ છોડ્યો હોવાનો દાવો થયો હતો. તે અહેવાલો અંગે આગળ કોઈ ખાતરી નહોતી થઈ, છતાં હોલિવૂડમાં સ્ટ્રીમિંગ ડેબ્યુ અંગે ભારે ચર્ચા હતી.

હવે, સીઝન ૪ સાથે તેના કાસ્ટિંગ અંગે ફરી અટકળો શરૂ થઈ છે. 'ધ વ્હાઇટ લોટસ'ના સર્જક માઈક વ્હાઇટ છે. આ સિરીઝ વૈભવી રિસોર્ટ લોકેશનની આસપાસ ફરે છે, જેમાં પૈસો, વૈભવ અને માનવીય સંબંધો પર કટાક્ષ માટે જાણીતી છે. દરેક સીઝનમાં નવા પાત્રો જોડાય છે અને ક્યારેક જાણીતા ચહેરાઓ પણ પાછા ફરતા જોવા મળે છે.

સીઝન ૧ હવાઈના ટાપુઓ પર આકાર લેતી હતી, સીઝન ૨ ઈટાલીમાં અને સીઝન ૩ની કથા થાઈલેન્ડમાં દર્શાવાઈ હતી. જોકે એચબીઓએ સીઝન ૪ અંગે સત્તાવાર વિગતો જાહેર કરી નથી, અનેક અહેવાલો સૂચવે છે કે વાર્તા સેંટ-ટ્રોપેઝ સ્થિત શેટો દી લા મેસાર્દિયર ખાતે અને ફ્રેન્ચ રિવિયેરા તેમજ પેરિસના ભાગોમાં આકાર થશે. ચોથી સીઝનનું પ્રોડક્શન સ્પ્રિંગ સીઝનમાં શરૂ થવાની અપેક્ષા છે. અહેવાલો મુજબ કાસ્ટમાં હેલેના બોનહામ કાર્ટર, સ્ટીવ કુગન, કાલેબ જોન્ટી એડવર્ડ્સ, મરિસા લોંગ, એલેક્ઝાન્ડર લડવિગ, ક્રિસ મેસીના, એ જે મિશેલ્કા અને સાન્ડ્રા બર્નહાર્ડ જેવા કલાકારો સામેલ થઈ શકે છે. આ સિરીઝ ૨૦૨૬ના અંતમાં અથવા ૨૦૨૭ની શરૂઆતમાં રિલીઝ થવાની શક્યતા છે. કથાવસ્તુ અંગેની વિગતો હજી ગુપ્ત રાખવામાં આવી છે.

જો દીપિકાની બોલિવૂડ ફિલ્મની વાત કરવામાં આવે તો દીપિકા હવે શાહરુખ સાથે સિદ્ધાર્થ આનંદે ડિરેક્ટ કરેલી કિંગમાં જોવા મળશે.

**ડેકન ક્રોનિકલના અહેવાલ મુજબ, દીપિકા એમી એવોર્ડ વિજેતા ડાર્ક કોમેડી એન્થોલોજીની સીઝન ૪માં જોવા મળી શકે છે. રિપોર્ટ મુજબ તે હેલેના બોનહામ કાર્ટર અને ક્રિસ મેસીના સહિતના કલાકારો સાથે સ્ક્રીન શેર કરશે.**



# બોલીવૂડના ઝાકમઝોળવાળાં લગ્નોથી તદ્દન વિપરીત કૃતિકા કામરા અને ગૌરવ કપૂર સાદગીની સાથે સ્ટાઇલીશ રીતે લગ્ન કરશે



મુંબઈની હવામાં પ્રેમ ઘૂળાયો છે — અને હવે આ સત્તાવાર પણ બની ગયું છે. લોકપ્રિય અભિનેત્રી કૃતિકા કામરાઅને ટીવી કોમેન્ટેટર ગૌરવ કપુરઆવતા મહિને લગ્ન કરવા જઈ રહ્યા છે. ખાસ વાત એ છે કે આ કોઈ ભવ્ય, ચમકદમકથી ભરેલા બોલીવૂડ સ્ટાઈલનો લગ્ન સમારંભ નહીં હોય. રિપોર્ટ મુજબ, આ કપલ એક ઈન્ટિમેટ, ચિક અને મિનિમલિસ્ટિક(ઓછામા ઓછી વસ્તુઓથી) સમારંભ પસંદ કરે છે, જે સાદગીપૂર્ણ હોવા છતાં અત્યંત સ્ટાઈલિશ પણ હોય!મોટા ડેસ્ટિનેશન વેડિંગને બદલે કૃતિકાઅને ગૌરવ માર્ચ ૨૦૨૬માં મુંબઈમાં આધુનિક અંદાજમાં લગ્ન ઉજવવાની યોજના બનાવી રહ્યા છે. રિપોર્ટ્સ મુજબ, ડેકોરથી લઈને ગેસ્ટ લિસ્ટ સુધીની દરેક નાની વિગતોમાં બંને વ્યક્તિગત રીતે સામેલ છે, જેથી તેમના લગ્ન દિવસમાં તેમની વ્યક્તિગતતા અને પ્રેમકથા પ્રતિબિંબિત થાય.તેમનો અભિગમ સ્પષ્ટ છે — પોતાના સંબંધને ભવ્ય પ્રદર્શન નહીં, પરંતુ હૃદયસ્પર્શી ઉજવણીમાં ફેરવવો. નજીકના પરિવારજનો અને મિત્રો આ સમારંભમાં હાજરી આપશે, જેને કારણે આ કાર્યક્રમ ઉષ્માભર્યો અને નજીકનો રહેશે.હાલમાં બંને મુંબઈમાં સાથે જોવા મળ્યા હતા. લક્ઝરી કારમાંથી કેઝ્યુઅલ અને આરામદાયક વસ્ત્રોમાં બહાર આવતા તેઓએ પાપારાઝી માટે પોઝ આપ્યા અને પછી હળવી સ્મિત સાથે વિદાય લીધી.ડિસેમ્બર ૨૦૨૫માં સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા તેમણે પોતાના સંબંધની નાજુક રીતે પુષ્ટિ કરી ત્યારથી જ ચાહકો આ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા.કૃતિકા કમરા ટેલિવિઝન દિવસોથી જ ઘરઘરનું નામ બની ગઈ હતી. તેણે લોકપ્રિય શો જેમ કે કીતની મોહબ્બતે (૨૦૦૯-૨૦૧૧), કુછ તો લોગ કહેંગે (૨૦૧૧-૨૦૧૩) અને રિપોર્ટર (૨૦૧૫)માં અભિનય કર્યો હતો.ર્ષો સાથે તેમની સ્ક્રીન પ્રેઝન્સ વધુ મજબૂત બનતી ગઈ છે. તેમણે નિર્દેશક અનુભવ સિંહાની ફિલ્મભીડ(૨૦૨૩)માં પણ કામ કર્યું છે. ઉપરાંત, તેઓ લોકપ્રિય સીરિઝ તાંડવ(૨૦૨૧) અને બમ્બઈ મેરી જાન (૨૦૨૩)માં પણ દેખાઈ ચૂક્યા છે.બીજી તરફ, ગૌરવ કપૂર પણ કેમેરાથી અજાણ નથી. તેમણે ક્રિકેટ શો એક્સટ્રા ઈનિંગ્સ્ ૨૦ અને ક્રિકબઝ લાઈવહોસ્ટ કર્યા છે. ઉપરાંત, તેમનો યુટ્યુબ શો બ્રેકફાસ્ટ વીથ ધ ચેમ્પિયનખૂબ લોકપ્રિય રહ્યો છે.તેમની સુઘડ પ્રેઝન્ટેશન સ્ટાઈલ અને આકર્ષક વ્યક્તિત્વને કારણે તેઓ ભારતીય ટેલિવિઝન જગતમાં ખાસ સ્થાન ધરાવે છે.

# રણવીર સિંહે ફરહાન અખ્તરને ૪૦ કરોડ પરત કરવાની ઘસીને ના પાડી દીધી

જાવેદ અખ્તરના પુત્ર, અભિનેતા અને ફિલ્મ પ્રોડ્યુસર ફરહાન અખ્તર અને રિતેશ સિધવાણીની એક્સલ એન્ટરટેઈનમેન્ટદ્વારા રણવીરને ડોન-૩છોડવાથી આશરે ?૪૦ કરોડનું નુકસાન થયું હતું જેથી તેઓએ આ રણવીરસિંઘને આ રકમ પરત કરવા વિનંતી કરી હતી, પરંતુ રણવીરસિંઘે આ રકમ પાછી આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો, જેના પગલે વિવાદ વધુ લંબાયો છે. ડોન-૩માંથી રણવીરના બહાર નીકળી જવાથી કંપનીને ભારે નુકસાન થયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.જો કે આ મામલે રણવીર સિંહે આરકમ પરત ચૂકવાનો ઈન્કાર કરતા દલીલ કરી હતી કે તેણે ડોન-૩ માટે પ્રોડ્યુસરો પાસેથી એડવાન્સ પેટે એક રૂપિયો પણ લીધો નહોતો,તેથી તેમને કોઈપણ પ્રકારની રકમ પરત કરવાની રહેતી નથી. તેમણે ઉદાહરણ આપ્યું હતું કે એક અન્ય પ્રોજેક્ટ (ભંસાલીનું BaijuBawra) માટે પણ તેઓએ લાંબા સમય સુધી તૈયારી કરી હતી પરંતુ તે પ્રોજેક્ટ રદ થઈ ગયો હતો અને તે સમયે પણ તેણે ફિલ્મના નિર્માતા ભણસાલીને કોઇ રકમ પરત કરી નહોતી.બંને પક્ષો વચ્ચે પ્રોડ્યુસર ગિલ્ડ ઓફ ઈન્ડિયાદ્વારા મધ્યસ્થતા માટે મિટિંગો પણ થઈ છે, પરંતુ હજુ સુધી સ્પષ્ટ સમાધાન થઇ શક્યું નથી.

રણવીર સિંહે આ મુદ્દે કહ્યું છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં આ પ્રકારની ઘટના બનવી સાહજિક છે, અને ઘણા પ્રોડ્યુસરો અને એક્ટરો વચ્ચે આ પ્રકારનો વિવાદ થતો રહે છે, આ કિ પહેલી ઘટના નથી.અત્યાર સુધીની સ્થિતિ એવી છે કે બંને પક્ષો વચ્ચે મતભેદ ચાલુ જ છે અને સમાધાન માટે કાયદેસર પગલાં અથવા મધ્યસ્થતા બંને તરફથી આગળ વધી શકે છે.




# મહાશિવરાત્રિ પર સંજય લીલા ભણસાલી અને કેતન મહેતાની 'જય સોમનાથ'નું પોસ્ટર લોન્ચ

ભારતીય સિનેમાના બે પ્રતિભાશાળી સર્જનાત્મક દિગ્દર્શકો સંજય લીલા ભણસાલી અને કેતન મહેતા ભારતના આધ્યાત્મિક ઈતિહાસની એક મહત્વપૂર્ણ ગાથા રજૂ કરવા માટે એકસાથે આવી રહ્યા છે. ભણસાલીએ 'જય સોમનાથ' નામની ભારતીય સંસ્કૃતિ પર આધારિત એક મહત્વની ફિલ્મની જાહેરાત કરી છે, જે પ્રખ્યાત દિગ્દર્શક કેતન મહેતા સાથે મળીને બનાવવામાં આવી રહી છે. ભારતીય સિનેમાના બે પ્રભાવશાળી સર્જનાત્મક મેકર્સ વચ્ચેની આ ભાગીદારી રસપ્રદ માનવામાં આવી રહી છે.

'જય સોમનાથ'ની કથા ઈસ. ૧૦૨૫–૧૦૨૬ની છે, જ્યારે મહોમ્મદ ગઝનીએ ગુજરાતના સોમનાથ મંદિર પર આક્રમણ કરીને તેને લૂંટી લીધું હતું. આ ઘટના ભારતીય ઈતિહાસનો એક મહત્વનો અધ્યાય માનવામાં આવે છે. આ વર્ષે ગઝનીના આક્રમણ અને મંદિરના વિનાશને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થાય છે, તેમજ તેની પુનઃસ્થાપનાની ગાથાને પણ યાદ કરવામાં આવી રહી છે.


સોમનાથ ભારતની અખંડ આત્માશક્તિ અને ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથાનું પ્રતિક છે. આ ફિલ્મનો હેતુ ઈતિહાસના અધ્યાયના ઊંડા ભાવનાત્મક અને સાંસ્કૃતિક મહત્વને ધ્યાનમાં રાખીને, ભારતીય ઈતિહાસની મહત્વની ઘટનાને ફરી જીવંત બનાવી દર્શકોના દિલને સ્પર્શવાનો છે.

ફિલ્મ માટે એક ભવ્ય વિશ્વનું નિર્માણ અને ભવ્ય કથાવસ્તુ માટે જાણીતા સંજય લીલા ભણસાલી તથા ઐતિહાસિક અને સામાજિક વિષયો પર આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા મેળવનારા કેતન મહેતા બંને મળીને આ પ્રોજેક્ટમાં ઐતિહાસિક ઊંડાણ અને સિનેમેટિક વૈભવ લાવી રહ્યા છે. બંને નિર્માતા ગુજરાત સાથે જોડાયેલા હોવાથી ફિલ્મમાં પ્રામાણિકતા અને ભાવનાત્મક ઊંડાણ પણ જોવા મળશે તેવી અપેક્ષા છે.

'જય સોમનાથ' ભણસાલી પ્રોડક્શન્સ અને માયા મૂવીઝના બેનર હેઠળ નિર્માણ પામશે, જેમાં કેતન મહેતા લેખક અને દિગ્દર્શક તરીકે કામગીરી સંભાળશે. ફિલ્મ ૨૦૨૭માં રિલીઝ થવાની છે.

'જય સોમનાથ' માટે કેતન મહેતા સાથે જોડાવા અંગે સંજય લીલા ભણસાલીએ જણાવ્યું, ''હું હંમેશા કેતન મહેતાની ફિલ્મોનો મોટો પ્રશંસક રહ્યો છું. તેમની 'મિર્ચ મસાલા' મારી હંમેશાની ટોપ ૧૦ મનગમતી ભારતીય ફિલ્મોમાંની એક છે. અમે લાંબા સમયથી સાથે કામ કરવાનું વિચારી રહ્યા હતા. આ પ્રોજેક્ટ કંઈક ખાસ બનાવવા માટે શ્રેષ્ઠ તક લાગી.''

મહાશિવરાત્રી નિમિત્તે આ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી, કારણ કે ફિલ્મ ગુજરાત અને ભારતના સૌથી પવિત્ર તીર્થસ્થળોમાંના એકની કથા પર આધારિત છે. ભણસાલીના સોશિયલ મીડિયા પેજ પર તેનું પહેલું મોશન પોસ્ટર લોંચ કરવામાં આવ્યું છે અને તેની રિલીઝના વર્ષની જાહેરાત કરવામાં આવી છે.




# 'લૈલા મજનૂ'નાં મેકર્સ ફરી સાથે આવ્યાં : 'હીર રાંઝા' નામની સિક્વલની જાહેરાત

'લૈલા મજનૂ'ની કલ્ટ સફળતા બાદ ઈમ્તિયાઝ અલી અને એકતા કપૂર ફરી એકવાર સાથે આવ્યા છે. બંને પ્રભાવશાળી સર્જનાત્મક શક્તિ ધરાવતી આ જોડી ફરી સાથે મળીને 'હીર રાંઝા' નામે ફ્રેન્ચાઇઝીના બીજા ભાગની જાહેરાત કરવામાં આવી છે. આ ફિલ્મ 'લૈલા મજનૂ'ની પ્રેમકથાને આગળ વધારશે અને દર્શકો સાથેનો તેનો ઊંડો ભાવનાત્મક સંબંધ પણ આગળ વધારશે.

પરંપરાગત પ્રેમકથાના મૂળમાં રહેલી હોવા છતાં, 'હીર રાંઝા'ને આજના સમયને અનુરૂપ રજૂ કરવામાં આવશે. નવી પેઢી માટે પ્રેમને નવી રીતે રજૂ કરતી આ ફિલ્મ કાવ્યાત્મક અને ભાવનાત્મક રીતે બનાવવામાં આવશે. આ ફિલ્મનું નામ જાહેર થતાં જ 'લૈલા મજનૂ'ના ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. 'હીર રાંઝા'નું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થવાનું છે અને ફિલ્મનું દિગ્દર્શન સાજિદ અલી કરશે. જાહેરાત અંગે વાત કરતાં એકતા કપૂરે જણાવ્યું, ''ઈમ્તિયાઝ અને સાજિદ પ્રેમને સચ્ચાઈ અને ઊંડાણ સાથે રજૂ કરવાની ક્ષમતા ધરાવે છે. 'લૈલા મજનૂ'ને સમય જતાં તેનો પ્રેક્ષકવર્ગ મળ્યો અને તે કલ્ટ ક્લાસિક બની. 'હીર રાંઝા' પણ એવી પ્રેમકથા હશે જે સમય અને લાગણીઓને પાર જઈને દર્શકોના દિલમાં સ્થાન બનાવશે. અમે આશા રાખીએ છીએ કે અમારી વાર્તા વિદેશોમાં વસતા ભારતીયો સહિત વૈશ્વિક દર્શકોના દિલને સ્પર્શવામાં સફળ રહેશે.''

જ્યારે ઈમ્તિયાઝ અલીએ કહ્યું, '''હીર રાંઝા'નું પોતાનું અલગ જગત અને તાલ છે — તે આ પેઢીની પ્રેમની ભાષા બોલે છે અને સાથે સાથે પરંપરાગત મૂલ્યોની પણ વાત કરે છે. એકતા સાથે ફરી કામ કરવું એ જાણે એક સહિયારી ભાવનાત્મક ભાષાને સ્વાભાવિક આગળ વધારવા જેવું છે.'' ઈમ્તિયાઝ અલી દ્વારા પ્રસ્તુત, સાજિદ અલી દ્વારા દિગ્દર્શિત અને શોભા કપૂર, એકતા કપૂર તથા પ્રીતિ અલી દ્વારા નિર્મિત 'હીર રાંઝા' એક પ્રતિકાત્મક રોમેન્ટિક ફ્રેન્ચાઈઝીને આગળ વધારતી ફિલ્મ છે. વેલેન્ટાઇન ડે નિમિત્તે કરવામાં આવેલી આ જાહેરાત સદાબહાર પ્રેમકથાઓના ચાહકો માટે મહત્વની સાબિત થઈ છે.

# ટીર૦ વર્લ્ડ કપમાં યુએઈ સામે અફઘાનિસ્તાનનો ૫ વિકેટે વિજય

**યુએઈ ૧૬૦/૯, અફઘાનિસ્તાન ૧૬૨/૫ (૧૯.૨ઓવર)**



ટી-૨૦ વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાને અઝમતુલ્લાહ ઓમરઝઈના ઓલરાઉન્ડ પ્રદર્શનની મદદથી યુએઈનેં છઈને ૫ વિકેટથી પરાજય આપ્યો હતો. આ ટુર્નામેન્ટમાં અફઘાનિસ્તાનનો પહેલો વિજય છે. પહેલાં બેટિંગ કરતાં છઈએ નવ વિકેટના ભોગે ૧૬૦ રન બનાવ્યા હતા. જેના જવાબમાં અફઘાનિસ્તાને છેલ્લી ઓવર સુધી ચાલેલી મેચમાં ૫ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી. અફઘાનિસ્તાનની જીત સાથે, દક્ષિણ આફ્રિકા સુપર ૮માં પહોંચનારી ત્રીજી ટીમ બની ગઈ છે. પ્રથમ બેટિંગ કરકવા ઉતરેલી યુએઈની ટીમે ૧૩ રનમાં બે બે વિકેટ ગુમાવ્યા બાદ સોહેબ ખાનના ૪૮ બોલમાં ૬૦ રન અને આલિશાન શરાફુના ૪૦ રનની મદદથી ટીમનો સ્કોર ૯૭ રને પહોંચાડ્યો હતો. જોકે, શરાફુ આઉટ થયા બાદ યુએઈની નિયમિત અંતરે વિકેટો પડતાં ટીમ ૨૦ ઓવરના અંતે નવ વિકેટ ગુમાવી ૧૬૦ રન બનાવી શકી હતી.

અફઘાનિસ્તાન તરફથી અઝમતુલ્લાહ ઓમરઝઈએ ૧૫ રન આપી ૪ વિકેટ ઝડપી હતી જ્યારે મુઝીબ ઉર રહેમાને બે અને એક વિકેટ રશીદ ખાનને મળી હતી. જ્યારે બે ખેલાડી રન આઉટ થયા હતા. ૧૬૧ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી અફઘાનિસ્તાનની ટીમ તરફથી ઈબ્રાહિમ ઝાદરાને ૫૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી જ્યારે અઝમતુલ્લાહ ઓમરઝાઈએ ૨૧ બોલમાં અણનમ ૪૦ રન ફટકારી ??ટીમને વિજય અપાવ્યો હતો. દરવિસ રસૂલીએ ૩૩ રન બનાવ્યા હતા જ્યારે યુએઈ તરફથી મોહમ્મદ અરફાન અને જુનૈદ સિદ્દીકીએ બે-બે વિકેટ લીધી હતી.

# ઓસ્ટ્રેલિયાને ૮ વિકેટે હરાવી શ્રીલંકાનો સુપર-૮માં પ્રવેશ

**ટીર૦ વર્લ્ડકપ : શ્રીલંકા સામે હારતાં ઓસ્ટ્રેલિયા પર લીગ રાઉન્ડમાં બહાર થવાનો ખતરો : ઓસ્ટ્રેલિયા ૧૮૧/૧૦, શ્રીલંકા ૧૮૪/૨, પથુમ નિશંકાના ૫૨ બોલમાં અણનમ ૧૦૦ રન**






શ્રીલંકાએ ઓપનર પથુમ નિશંકાની તોફાની સદી અને કુસલ મેન્ડિસની અર્ધી સદીની મદદથી ઓસ્ટ્રેલિયાને ૮ વિકેટે પરાજય આપી સુપર ૮ સ્થાન મેળવી લીધું છે. ઓસ્ટ્રેલિયાએ પ્રથમ બેટિંગ કરતાં નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૦ વિકેટ ગુમાવી ૧૮૧ રન બનાવ્યા હતા. જેના જવાબમાં શ્રીલંકાની ટીમે ઓપનર પથુમ નિશંકાના અણનમ ૧૦૦ રન અને કુસલ મેન્ડિસના ૫૧ રનની મદદથી ૧૮ ઓવરમાં ૧૮૨ રનનો લક્ષ્યાંક મેળવી લીધો હતો. ઓસ્ટ્રેલિયાની આ સતત બીજી હાર છે. આ અગાઉની મેચમાં ઝિમ્બાબ્વે સામે પણ પરાજય થયો હતો. હવે ઓસ્ટ્રેલિયાને ઓમાન સામે રમવાનું છે. આ મેચ જીતે તો પણ તેણે આજે મંગળવારે ઝિમ્બાબ્વે અને આયરલેન્ડ વચ્ચેની મેચ પર મદાર રાખવો પડશે. જો આ મેચ ઝિમ્બાબ્વે જીતી જાય તો તે છ પોઈન્ટ સાથે સુપર ૮માં ક્વોલિફાઈ કરી લેશે અને ઓસ્ટ્રેલિયા ગ્રુપ સ્ટેજમાંથી જ બહાર થઈ જશે. ઓસ્ટ્રેલિયાને અંતિમ આઠમાં પહોંચવા માટે ઝિમ્બાબ્વે પોતાની બાકીની બંને મેચ હારી જાય અને ઓસ્ટ્રેલિયા ઓમાન સામે ઊંચા રનરેટથી મેચ જીતી પોતાનો રનરેટ સુધારે તો અંતિમ આઠમાં પહોંચવાની શક્યતા છે. ઝિમ્બાબ્વેને પોતાની છેલ્લી બે મેચ આયરલેન્ડ અને શ્રીલંકા સામે રમવાની છે. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયન ટીમના ઓપનર મિચેલ માર્શ અને ટ્રેવિસ હેડે ટીમને તોફાની શરૂઆત અપાવી હતી.

દરમિયાન મેચની ત્રીજી જ ઓવરમાં શ્રીલંકાના ઝડપી બોલર મથીશા પથિરાનાના સ્નાયુઓ ખેંચાઈ જતાં બહાર જતો રહ્યો હતો. ઓસ્ટ્રેલિયન ઓપનરોએ પાવર પ્લેનો ભરપુર ફાયદો ઉઠાવતાં વિના વિકેટે ૬૦ રને સ્કોર પહોંચાડી દીધો હતો. માર્શ અને હેડ બંનેએ આ દરમિયાન પોતાની અર્ધી સદી પૂર્ણ કરી ટીમનો સ્કોર ૧૦૦ રનની પાર પહોંચાડી દીધો હતો. સ્પિનર દશુન હેમંથાએ નવમી ઓવરમાં પ્રથમ સફળતા અપાવતાં ટ્રેવિસ હેડને કામિંદુ મેન્ડિસના હાથે કેચ કરાવી પેવેલિયન મોકલ્યો હતો. ત્રીજા નંબરે આવેલા કેમરૂન ગ્રીન માત્ર ૩ રન બનાવી આઉટ થયો હતો જ્યારે મિચેલ માર્શ પણ ૨૭ બોલમાં ૫૪ રન બનાવી હેમંથાની ઓવરમાં એલબીડબલ્યુ થયો હતો. ટીમ ડેવિડ પણ માત્ર ૭ રન બનાવી આઉટ થતાં ૧૩૦ રનના સ્કોરે ચોથી વિકેટ ગુમાવી દીધી હતી. મેક્સવેલ અને જોશ ઈંગ્લિશે ટીમને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો. બંને વચ્ચે પાંચમી વિકેટ માટે ૩૦ રનની ભાગીદારી નોંધાઈ હતી. અંતિમ ઓવરોમાં બંને ઘાતક સાબિત થાય તે પહેલાં મેક્સવેલને હેમંથાએ અને જોશ ઈંગ્લિશને ચમીરાએ આઉટ કરી ઓસ્ટ્રેલિયાને બેકફૂટ પર ધકેલી દીધું હતું. જોશ ઈંગ્લિશ ૧૭૪ રનના સ્કોરે આઉટ થયા બાદ બાકીની ચાર વિકેટ ચાર રનમાં ગુમાવી દીધી હતી. શ્રીલંકા તરફથી દશુન હેમંથાએ ૪ ઓવરમાં ૩૭ રન આપી ૩ વિકેટ ઝડપી હતી જ્યારે દુશમંથા ચમીરાએ ૪ ઓવરમાં ૩૮ રન આપી બે વિકેટ મેળવી હતી.

૧૮૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકાની ટીમે ઓપનર કુશલ પરેરાની વિકેટ બીજી ઓવરમાં જ ગુમાવી દીધી હતી. જોકે, પથુમ નિશંકા અને કુસલ મેન્ડિસે ઓસ્ટ્રેલિયાન બોલરોને હંફાવતાં ૭ ઓવરમાં ટીમનો સ્કોર ૬૧ રને પહોંચાડી દીધો હતો. બંનેએ ઓસ્ટ્રેલિયન બોલરોને મચક આપ્યા વિના ટીમનો સ્કોર ૧૦૦ રનની પાર પહોંચાડ્યો હતો. ૧૦૫ રનના સ્કોરે મેન્ડિસ અંગત ૫૧ રન બનાવી આઉટ થયા બાદ પથુમ નિશંકા અને પવન રથ્નાયકેએ ત્રીજી વિકેટ માટે અણનમ ૭૯ રનની ભાગીદારી નોંધાવી ટીમને ૧૮મી ઓવરમાં વિજય અપાવ્યો હતો.

# ગ્રાઉન્ડ પર થયેલ રકઝક બાદ સૂર્યકુમાર અને કુલદીપ યાદવનો રમૂજી વિડિયો વાયરલ



ભારતીય ટીમે રવિવારે પાકિસ્તાનને હરાવીને ટીર૦ વિશ્વકપમાં સુપર ૮માં જગ્યા બનાવી લીધી છે. ભારતે કોલંબોમાં રમાયેલી મેચમાં પાકિસ્તાનને ૬૧ રને પરાસ્ત કર્યું હતું. ટીર૦ વિશ્વકપમાં ભારતની આ પાકિસ્તાન સામે ૮મી જીત છે.

પાકિસ્તાન ઓલઆઉટ થયા બાદ હાર્દિક પંડયા અને સૂર્યકુમાર યાદવ અને કુલદીપ યાદવ વચ્ચે ગુસ્સાભર્યા ઈશારાઓમાં વાતચીત થઈ હતી. એવું લાગતું હતું કે હાર્દિક અને સૂર્યકુમાર યાદવ કુલદીપ યાદવે જે કેચ છોડ્યો તેનાથી નારાજ હતા.

જો કે તિલક વર્મા અને રીંકુ સિંહે મામલો સંભાળી લીધો હતો અને ખેલાડીઓ વચ્ચે વધુ રકઝક થાય તે પહેલા જ મામલો શાંત કરી દીધો હતો. આ દરમિયાન કુલદીપ યાદવે સૂર્યકુમાર સાથે હાથ મળાવ્યો હતો પણ ગળે મળવા જતાં તે નીકળી ગયો હતો જેથી કેપ્ટન સૂર્યા ગુસ્સે થયો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ વાઈરલ થયો છે.

જે બાદ આ ઘટનાને ટાંકીને સૂર્યકુમાર યાદવે ફરી કુલદીપ સાથે હોટલમાં એ જ પ્રકારનો વીડિયો બનાવી શેર કર્યો છે જેને ચાહકો ખૂબ પસંદ કરી રહ્યા છે. સૂર્યકુમારે રમૂજી અંદાજમાં વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે હવે તો 'ગુસ્સો છોડી દે ભાઈ', વીડિયોમાં પાછળ હેરાફેરીના બાબૂરાવનો ડાયલોગ્સ ચાલી રહ્યો છે.

આ વીડિયોથી સૂર્યાએ લોકોને સંદેશો આપ્યો છે કે મેચ દરમિયાન થયેલી થોડી ઘણી રકઝક બાદ ટીમ ઈન્ડિયામાં માહોલ પહેલા જેવો જ શાંત છે બધા એકબીજા સાથે હળીમળીને રહી રહ્યા છે અને મસ્તી પણ કરી રહ્યા છે.

આ પહેલાના જ બોલ પર વિકેટ કીપર ઈશાન કિશન પણ કેચ પકડવામાં નિષ્ફળ રહ્યો હતો. પાક ખેલાડીને સતત બે જીવનદાન મળતા હાર્દિક પંડ્યાને ગુસ્સો આવ્યો હતો. મેચ પૂરી થયા બાદ જ્યારે ખેલાડીઓ ડ્રેસિંગ રૂમ તરફ પાછા ફરી રહ્યા હતા, ત્યારે હાર્દિક અત્યંત આક્રમક અંદાજમાં કુલદીપને કંઈક કહી રહ્યો હતો. કેપ્ટન સૂર્યા પણ આ ફિલ્ડિંગથી ખુશ નહોતો અને તેણે પણ કુલદીપના ક્લાસ લીધા હતા.

# હીરામણિ હાયર સેકન્ડરી સ્કૂલનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ

**તાલુકાથી લઈ આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવનારા સ્કૂલના ૬૮૬ વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરાયા**




હીરામણિ હાયર સેકન્ડરી સ્કૂલનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ સોમવારે હીરામણિ રંગમંચ, હોસ્ટેલ કેમ્પસમાં યોજાયો હતો, જેમાં તાજેતરમાં ભારતની અન્ડર-૧૯ ક્રિકેટ ટીમ વર્લ્ડ ચેમ્પિયન બની, તેના ખેલાડી અને હીરામણિ સ્કૂલનો વિદ્યાર્થી એવા વેદાંત ત્રિવેદીને સંસ્થા તરફથી શાલ, રૂ. ૧૧,૦૦૦ રોકડ પુરસ્કાર તથા મોમેન્ટો આપી વિશેષ સન્માન કરાયું હતું. આ સમારોહમાં રમત-ગમત, કલાક્ષેત્રે તેમજ વર્ષ દરમિયાન યોજાતી વિવિધ સ્પર્ધાઓમાં તાલુકા, જિલ્લા, રાજ્ય તથા રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિશિષ્ટ સિદ્ધિઓ મેળવનારા ૬૮૬ વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો આપી પુરસ્કૃત કરવામાં આવ્યાં હતાં. કુલ ૧૩ ટ્રોફી, ૩૧૭ ગોલ્ડ મેડલ, ૩૦૪ સિલ્વર મેડલ અને ૫૮ બ્રોન્ઝ મેડલ એનાયત કરાયા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે 'નવગુજરાત સમય', 'અમદાવાદ મિરર'ના ગ્રૂપ એડિટર અજય ઉમટ અને સંસ્થાના પ્રમુખ




નરહરિ અમીન ઉપસ્થિત રહ્યા હતા.

આ સમારોહમાં સી.બી.સી. દ્વારા આયોજિત ૫માંથી ૪ વિવિધ સ્કૂલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન થનાર હીરામણિ સ્કૂલની ચારેય ટીમોને સંસ્થા તરફથી રૂ. ૭,૫૦૦ રોકડ પુરસ્કાર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં મણિકાકા ઈન્ટર સ્કૂલ ટૂર્નામેન્ટ અન્ડર-૧૪ (મલ્ટી-ડે) હીરામણિ સ્કૂલ ચેમ્પિયન, એ.ડી.સી. બેન્ક ઈન્ટર સ્કૂલ ટૂર્નામેન્ટ અન્ડર-૧૯ (વન-ડે) હીરામણિ સ્કૂલ ચેમ્પિયન, દિવાન બલ્લુભાઈ ઈન્ટર સ્કૂલ ટૂર્નામેન્ટ અન્ડર-૧૯ (મલ્ટી-ડે) હીરામણિ સ્કૂલ ચેમ્પિયન અને ધીરુભાઈ અંબાણી ઈન્ટર સ્કૂલ ટૂર્નામેન્ટ અન્ડર-૧૬ (મલ્ટી-ડે) હીરામણિ સ્કૂલ ચેમ્પિયન બની હતી. આ ઉપરાંત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી દ્વારા આયોજિત વોલીબોલ યોદ્ધા ૩ અન્ડર-૧૭ ટૂર્નામેન્ટમાં હીરામણિ ટીમ ચેમ્પિયન બનતાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી મેડલ, ટ્રોફી અને રૂ. ૨૫,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે મુખ્ય મહેમાન અજય ઉમટે જણાવ્યું હતું કે, આજના ઈનામ વિતરણ સમારોહના અનુભવથી લાગે છે નરહરિ અમીન માત્ર ક્રિકેટ નહીં પણ ઓલિમ્પિક માટે વિદ્યાર્થીઓને તૈયાર કરી રહ્યા છે. માત્ર મોટા મેદાનથી નહી પણ સારું અને સાચું શિક્ષણ આપીને તેમણે એક નવી ઈકો સિસ્ટમ ઊભી કરી છે.

# T20 વર્લ્ડકપમાં નેપાળ, ઓમાન અને નામીબિયાની સફર સમાપ્ત : પાકિસ્તાન પર જોખમ



આ વર્ષે ક્રિકેટ ટીર૦ વર્લ્ડકપમાં મોટા ઉલટફેર જોવા મળી રહ્યા છે. ઑસ્ટ્રેલિયાએ ગઈકાલે વધુ એક મેચમાં હારનો સામનો કરવો પડ્યો છે. આ સાથે જ આ ટીમ પર હવે ટુર્નામેન્ટથી બહાર થવાનો ખતરો વધી ગયો છે.જો હવે મંગળવારે ઝિમ્બાબ્વે આયર્લેન્ડને મ્હાત આપે તો ઑસ્ટ્રેલિયાની સફર અહીં જ પૂર્ણ થઈ જશે. જો ઝિમ્બાબ્વે આગામી બે મેચ હારે તો જ ઑસ્ટ્રેલિયા આગળ જઈ શકશે. ટુર્નામેન્ટમાં લીગ સ્ટેજમાં જ નેપાળ, ઓમાન અને નામીબિયાની સફર સમાપ્ત થઈ ગઈ છે. ભારત સામે પરાજય બાદ પાકિસ્તાનની સ્થિતિ પણ સારી નથી. તે ગ્રુપ-અમાં ત્રીજા સ્થાન પર છે. જો હવે છેલ્લી લીગ મેચમાં પણ જીત ન મળી તો પાકિસ્તાન પણ ટુર્નામેન્ટથી બહાર થઈ શકે છે.

બીજી તરફ નેધરલેન્ડનો ભારત સાથે મુકાબલો થવાનો છે. એવામાં જો આ મેચમાં ભારતનો વિજય થયો તો નેધરલેન્ડ પણ સુપર-૮ની રેસમાંથી લગભગ બહાર જ થઈ જશે. ગ્રુપ-બીમાં આયર્લેન્ડ ત્રણમાંથી એક જ મેચ જીતી શકી છે.જ્યારે સ્કોટલેન્ડને હજુ સુધી એક પણ જીત હાંસલ થઈ નથી. પાછલા ટીર૦ વર્લ્ડકપમાં સેમિફાઈનલ સુધી પહોંચનારી અફઘાનિસ્તાનની ટીમ પણ આ વર્ષે નિરાશાજનક દેખાવ કરી રહી છે.

# યુએઈ સામેની મેચમાં રશીદ ખાને વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો

**રશીદ ખાન ટીર૦ ક્રિકેટમાં ૭૦૦ વિકેટ ઝડપનાર વિશ્વનો પ્રથમ બોલર બન્યો**

અફઘાનિસ્તાનના કેપ્ટન રશીદ ખાને યુએઈ સામેની ટી-૨૦ મેચમાં મુહંમદ અરફાની વિકેટ ઝડપવાની સાથે વર્લ્ડ ટી-૨૦ ક્રિકેટમાં ૭૦૦મી વિકેટ પોતાના નામે કરી હતી. આ સાથે રાશિદ ખાન્ ૨૦ ફોર્મેટમાં ૭૦૦ વિકેટ લેનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો છે. વિશ્વના અન્ય કોઈ ખેલાડીએ આ સિદ્ધિ હાંસલ કરી નથી. તેની નજીક પણ કોઈ નથી.

વિશ્વમાં રમાતી વિવિધ લીગ મેચો તેમજ અફઘાનિસ્તાન તરફથી રમતાં રશીદ ખાને આ સિદ્ધિ નોંધાવી છે. ટીર૦ ફોર્મેટમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં વેસ્ટ ઈન્ડિઝના ડ્વેન બ્રાવો ૬૩૧ વિકેટ સાથે બીજા ક્રમે છે.

રશીદ ખાને ફેબ્રુઆરી ૨૦૨૫માં ૬૩૨મી વિકેટ ઝડપી ડ્વેન બ્રાવોને પાછળ છોડી દીધો હતો. રાશિદ ખાને ૫૧૮ ટીર૦ મેચોમાં ૭૦૦ વિકેટ લીધી છે. તેણે યુએઈ સામે એક જ વિકેટ લઈને આ સિદ્ધિ મેળવી હતી. રાશિદ ખાને મોહમ્મદ અરફાનને આઉટ કર્યો હતો.



# ટીર૦ વર્લ્ડકપમાં ભારત સામે પરાજય બાદ પાકિસ્તાનના રાજકારણમાં પણ ડખા! નકવી પર ભડક્યા મુનિર




ભારત સામે પાકિસ્તાનની હાર બાદ ત્યાં હોબાળો મચી ગયો છે. જે ખેલાડીઓ ફેવરિટ હતા, હવે તેમની ટીકા થઈ રહી છે. સૌથી મોટો વિવાદ સરકારમાં સર્જાયો છે, જ્યાં હારને કારણે આર્મી ચીફ આસિમ મુનીર અને ઝમ ચીફ મોહસિન નકવી સામસામે આવી ગયા છે. આ હાર હવે માત્ર રમત પૂરતી મર્યાદિત ન રહેતા સત્તાના ગલિયારાઓમાં મોટી તિરાડમાં ફેરવાઈ ગઈ છે.

આ વિવાદનું મૂળ માત્ર ભારત સામેની હાર નથી, પરંતુ મોહસિન નકવીએ PSLની પ્રેસ કોન્ફરન્સમાં આપેલું તે નિવેદન છે જેણે અસલી આગ લગાડી છે. ICCની ધમકી સામે પડકાર ફેંકતી વખતે નકવીએ બિનજરૂરી રીતે જનરલ મુનીરનું નામ વચ્ચે લાવવાની ભૂલ કરી હતી. તેમણે જાહેરમાં એવું કહી દીધું હતું કે, 'પાકિસ્તાન સરકાર કોઈનાથી ડરતી નથી અને ફીલ્ડ માર્શલ સૈયદ આસિમ મુનીર પણ ક્યારેય પીછેહઠ કરતા નથી.'

નકવીના આ વિવાદાસ્પદ નિવેદનથી રાવલપિંડી સ્થિત સેનાના મુખ્યાલયમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સેનાના સૂત્રો મુજબ, જનરલ મુનીરની નારાજગીનું મુખ્ય કારણ એ છે કે, જે બાબત માત્ર ક્રિકેટ અને વહીવટ પૂરતી સીમિત હતી, તેમાં તેમને બિનજરૂરી રીતે ઢસેડવામાં આવ્યા. પાકિસ્તાની રાજનીતિમાં સેના પ્રમુખની મંજૂરી વિના તેમનું નામ વાપરવું એ ગંભીર મર્યાદા ભંગ ગણાય છે.

ભારત સામેની હારે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. પાકિસ્તાની સેના, જનતા અને રાજકારણીઓ માટે ભારત સામેની મેચ માત્ર રમત નહી પણ 'ઈજ્જતનો સવાલ' હોય છે, જેમાં હારનો સ્વીકાર યુદ્ધમાં હાર સમાન ગણાય છે. જનરલ મુનીરે વડાપ્રધાનના આર્મી સેક્રેટરી મારફતે પોતાની ગંભીર નારાજગી વ્યક્ત કરી છે, જેમાં ટીમની નબળી તૈયારીઓ અને નકવીના બિનજરૂરી નિવેદનોને જવાબદાર ઠેરવ્યા છે.

પૂર્વ બોલર શોએબ અખ્તરે લાઈવ ટીવી પર મોહસિન નકવીને 'અસમર્થ' અને 'અજ્ઞાની' ગણાવતા કહ્યું કે, જે વ્યક્તિને ક્રિકેટની કંઈ ખબર નથી તેને અધ્યક્ષ બનાવવો એ મોટો ગુનો છે. અખ્તરે નકવીના નેતૃત્વ હેઠળ પાકિસ્તાન ક્રિકેટની બરબાદી થવાની ભીતિ વ્યક્ત કરી છે.ભારત સામેની હાર અને સેના પ્રમુખની નારાજગી બાદ ઈસ્લામાબાદમાં નકવીના ભવિષ્ય અંગે અટકળો તેજ થઈ છે. ચર્ચા છે કે, વડાપ્રધાન શહેબાઝ શરીફ ટૂંક સમયમાં પીસીબીના અધ્યક્ષ પદેથી નકવીની રજા કરી શકે છે.

# બોર્ડમાં ૧૦૦ ટકા પરિણામ બદલ ગુરૂકૃપા શાળાનું સન્માન કરાયું



સુરત, તા.૧૭

અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમમાં શાળાનું બોર્ડમાં૧૦૦% પરિણામ મેળવવા બદલ સુરત જિલ્લા કલેકટર પારધી સાહેબ અને સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી રાજેશ ગઢીયા સાહેબની ઉપસ્થિતિમાંઆચાર્યશ્રી વંદના પટેલને એવોર્ડ આપી સન્માનિત કરાયા. સુરત શહેર અને જિલ્લાની બોર્ડમાં ૧૦૦% પરિણામ મેળવનાર શાળાઓને જિલ્લાશિક્ષણ અધિકારી કચેરી દ્વારા ડૉ.ભગીરથસિંહ પરમાર સાહેબના નેતૃત્વમાં એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. સતત ત્રીજા વર્ષે મોરાભાગળ સ્થિત ગુરૂકૃપા વિદ્યાલયને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માં ધો.૧૦ અને ૧૨ નાં વિદ્યાર્થીઓને બોર્ડમાં ૧૦૦% પરિણામ લાવવા બદલ જિલ્લા કલેકટર અને ગ્રામીણ વિસ્તારના પોલીસ અધિક્ષકદ્વારા શાળાને અનોખી કાર્યશૈલી અને ૧૦૦% પરિણામ મેળવવાબદલ સંસ્કાર ભારતી વિદ્યાલય, પાલનપુર પાટિયા ખાતે વંદના પટેલનેસન્માનિત કરવામાં આવ્યા હતા. આ સિધ્ધિ બદલ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. નૈલેષ પટેલ દ્વારા શાળાના શિક્ષકો, સુપરવાઈઝર તથા આચાર્યને અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી. શાળાના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ.વિજય પટેલે વર્ષ ૨૦૨૫-૨૬ માં સુસજજ રહી ૧૦૦% પરિણામ લાવવાની પહેલ કરી ફરીથી વિદ્યાર્થી અને શિક્ષકોને સફળ થવાશુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે ૧૦૦% પરિણામ બદલ રાંદેર અને અડાજણ સહિત સુરત વિસ્તારના શિક્ષણ જગતમાંથી ગુરૂકૃપા વિદ્યાલયને અભિનંદન અપાયા હતા.

# મહાર પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ધરમપુર ટીમ ચેમ્પીયન




## દક્ષિણ ગુજરાત લેવલની ટુર્નામેન્ટમાં ધોધડકુવાની ટીમ રનર્સઅપ

સુરત, તા.૧૭

સિન્ડિકેટ ક્રિકેટ કલબ ના સર્વશ્રી અરુણ ગાયકવાડ, યોગેશ જાદવ ને અંકિત દોલાસ્કર આયોજિત દક્ષિણ ગુજરાત ના સુરતઃ વલસાડ નવસારી નાં વિવિધ તાલુકાની મહાર સમાજ પ્રેરિત" મહાર પ્રીમિયર લીગ" ક્રિકેટ ટુર્નામેન્ટ. વાંકલ (ધરમપુર) ખાતે શ્રી વિનય રૂપવતે સૂરત ની અધ્યક્ષપદે તથા શ્રી અનિલ ગાયકવાડ ( કાકડકોપર) નાં વરદહસ્તે ઉદ્ઘાટિક ટેનિસ ટૂર્નામેન્ટમાં ધરમપુર ની ટીમ વિજેતા બની હતી. કેપ્ટન યોગેશ ભાલે જયારે મેન ઓફ ધ મેચ ન મેન ઓફ ધ ટુર્નામેન્ટ યુવા ક્રિકેટર પરેશ ગાગુરદે, અજય ગાયકવાડે ઓલ રાઉન્ડર તરિકે દેખાવ કર્યો હતો.સમગ્ર ટુર્નામેન્ટને લાઈવ યુટ્યુબ પર પ્રસારિત કરવામાં આવી હતી. મહાર સમાજ ના વિવિધ આગેવાનો સર્વશ્રી પરેશ મોહિતે, હીરાભાઈ ગાંગોડે, હીરાભાઈ આહિરકર, શ્રી કિશન જાદવ, જગદીશ જાદવ, રાજેશ ગાયકવાડ ધરમપુર,રાજન પવાર,સંજય કટારકર અશોક ગાયકવાડ, રાજુભાઈ ગાંગોદે ને ઉમેશ મોહિતે ઉપસ્થિત રહ્યા હતા. જયારે ક્રિકેટરો સહિતનાં તમામ વ્યવસ્થા મા સરપંચશ્રી હરેશ ગાંગોદે / જીજ્ઞેશ ઈનામ, વાઘીયા પરીવાર દ્વારા બોલ બેટ ને ટ્રોફી, સુરેશ ગાયકવાડ ડી જે, હેતલબેન દ્વારા લાઇવ પ્રસારણ, ઋચિત દ્વારા અપાયાર ને કોમેટેટર સહિત કૈલાશબેન, સુરેશભાઈ, નિરંજનભાઈ વિગેરે રોકડ રકમ થકી ટુર્નામેન્ટ ને સફળ બનાવવા આવી હતી.

# ભરૂચ જીઆઈડીસી પોલીસ મથક પાસે ખોદાયેલા ખાડામાં ગાય પડી

## જીસીબીની મદદથી ખાડામાંથી બહાર કઢાઈ

અંકલેશ્વર, તા.૧૭

જીઆઈડીસી પોલીસ સ્ટેશન નજીક ખોદાયેલા ખાડામાં ગાય પડી, જીસીબીની મદદથી બચાવ કામગીર ભરૂચના જીઆઇડીસી વિસ્તારમાં પોલીસ સ્ટેશન નજીક ખોદવામાં આવેલા ખાડામાં એક ગાય અચાનક પડી જતાં હડકંપ મચી ગયો હતો. સ્થળ પર હાજર લોકોએ તાત્કાલિક સંબંધિત તંત્રને જાણ કરતાં બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

માહિતી મુજબ ડીજીવીસીએલ કંપની દ્વારા વિજ લાઇન સંબંધિત કામ માટે ખાડો ખોદવામાં આવ્યો હતો. ખાડો પૂરતા સુરક્ષા બંદોબસ્ત વિના ખુલ્લો રાખવામાં આવતા ગાય તેમાં પડી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ નોટિફાઇડ વિસ્તારમાંથી તંત્રના કર્મચારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જીસીબી મશીનની મદદથી સાવચેતી પૂર્વક ગાયને બહાર કાઢવામાં આવી હતી. સદભાગ્યે ગાયને કોઈ ગંભીર ઈજા પહોંચી ન હતી. આ ઘટનાને પગલે સ્થાનિકોએ ખુલ્લા ખાડા તાત્કાલિક પૂરવા અને યોગ્ય સુરક્ષા વ્યવસ્થા કરવા તંત્ર સમક્ષ માંગણી કરી છે.




**એશિયા બુક ઓફ રેકોર્ડ્સ અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ્સ દ્વારા માન્યતા પ્રાપ્ત થવા બદલ તાલ ગ્રુપ અને રંગિની ફેસ્ટ માટે ગર્વની ક્ષણ છે. આ આર્ટ ફેસ્ટિવલને ભવ્ય સફળતા અપાવનાર તમામ અદ્ભુત કલાકારો, વિદ્યાર્થીઓ, સ્વયંસેવકો અને સમર્થકોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવાયું છે કે ભારતીય સંસ્કૃતિ પ્રત્યેના તમારા સમર્પણ, જુસ્સા અને પ્રેમને કારણે આ સિદ્ધિ શક્ય બની છે.**

# પવિત્ર રમઝાન માસમાં મોડી રાત સુધી ખાણીપીણીની દુકાનો શરૂ રાખવા માંગ

સુરત, તા.૧૭

આગામી ગુરુવારથી શરૂ થતા પવિત્ર રમઝાન માસને ધ્યાનમાં રાખીને ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના મહામંત્રી ફૈઝલ રંગૂની દ્વારા સુરત પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. વિસ્તૃત રજૂઆત કરતા મહામંત્રી ફૈઝલ રંગુનીએ જણાવ્યું હતું કે સુરતની વર્ષો જૂની પરંપરા મુજબ રાંદેર, ચોકબજાર, ઝાંપાબજાર અને લિંબાયત જેવા મુસ્લિમ બહુલ વિસ્તારોમાં રમઝાન દરમિયાન રાત્રે ખાણી-પીણીના બજારો ભરાય છે. આ બજારોમાં તમામ ધર્મના લોકો અને ફૂડ બ્લોગરો મોટી સંખ્યામાં ઉમટી પડે છે. નાગરિકોને અગવડ ન પડે અને બજારો મોડી રાતથી વહેલી સવાર સુધી સુરક્ષિત રીતે કાર્યરત રહે તે માટે જરૂરી પોલીસ બંદોબસ્ત ફાળવવા અને ખાસ નોટિફિકેશન બહાર પાડવા વિનંતી કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી શહેરની ભાઈચારાની સંસ્કૃતિ અને વેપારને વેગ મળશે તેવી આશા વ્યક્ત કરાઈ છે. આપના લઘુમતી વિંગના મહામંત્રી મઝહર સૈયદએ પણ પોલીસ કમિશનરને લેખિતમાં રજૂઆત કરી હતી કે, પવિત્ર રમઝાન માસ નિમિત્તે કોસાડ, રાંદેર અને ચોકબજાર જેવા વિસ્તારોમાં લોકોની આસ્થા અને 'સહેરી'ની સુવિધાને ધ્યાને રાખી જનહિતમાં આ નિર્ણય લેવા વિનંતી કરાઈ છે.





**સકલ હિન્દુ સમાજ દ્વારા ગાયત્રી મંદિર મોરા ભાગળ ખાતે હિન્દુ સંમેલન યોજવામાં આવ્યું હતું. હિન્દુ સંમેલન પૂર્વે ગાયત્રી મંદિરથી વિશ્વકર્મા મંદિર સુધીની શાભાયાત્રા પણ યોજવામા આવી હતી.**

# સુરત જિલ્લા ભાજપના મહામંત્રી અંકુર દેસાઈનો આજે જન્મદિવસ



સુરત, તા.૧૭

કડોદરા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને હાલમાં જિલ્લા ભાજપ ના મહામંત્રી તરીકે કાર્યરત ભાજપના નગરસેવક અંકુર દેસાઈ નો આજે જન્મદિવસ છે તારીખ ૧૭ ૨ ૧૯૭૬ ના રોજ જન્મેલા અંકુર દેસાઈ ઝળહળતી રાજકીય કારકિર્દી સાથે આજે સફળતમ જીવન યાત્રાના ૫૦ વર્ષ પૂર્ણ કરી ૫૧ માં વર્ષ માં મંગલ પ્રવેશ કરી રહ્યા છે પિતા દિલીપભાઈ દેસાઈ ના નકશેકદમ પર આગળ વધી ભાજપની સંગઠન પાંખ માં મહત્વનું યોગદાન આપ્યા બાદ તેઓ વોર્ડ નંબર બેમાંથી ચૂંટણી લડ્યા હતા અને સમગ્ર નગરમાં સૌથી વધુ બહુ મતિ થી ચૂંટાઈ નગરસેવક બન્યા હતા નગરસેવક બન્યા બાદ તેઓ તેઓએ કડોદરા નગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટી ના કુશલ સભ્ય તરીકે કમિટીના ચેરમેનપદે પ્રશંસનીય સેવા આપી હતી જેની કદર કરી પાટી એ તેમને મહામંત્રી બનાવ્યા છે.

અગાઉ કડોદરા નગરપાલિકાના ચેરમેનપદે ઉત્કૃષ્ટ સેવા આપી ચૂકેલા અંકુર દેસાઈ સમસ્ત દેસાઈ સમાજ ના ઉત્કર્ષ માં સમાજો પયોગી પ્રવૃત્તિ ને હરહંમેશ વરેલા છે હાલમાં તેઓ કડોદરા અકલામુખી હનુમાન મંદિર ના પ્રમુખ પદે સક્રિય સેવા આપી રહ્યા છે તેઓ આજે જન્મદિવસ નિમિત્તે હનુમાનજી મંદિર દર્શન સ્વદેશી મેલા ખાતમુહૂર્ત મુખ્યમંત્રી જ્ઞાન સાધના શિષ્યવૃત્તિ પરીક્ષા ના ક્લાસીસ નું ઉદ્ઘાટન હેલ્થ ચેકઅપ કેમ્પ અખ નિદાન કેમ્પ ગંગાસ્વરૂપ બહેનોને સાડી વિતરણ સફાઈ કરમી મિત્રો સાથે સમુહ ભોજન સગર્ભા બહેનો ધાત્રી બહેનો કિશોરીઓ તથા કુ પોષિત બાળકોને કીટ વિતરણ ટીબી પેશન્ટ ને કીટ વિતરણ ના કાર્ય કરનાર છે જીવનના આગામી વર્ષોમાં તેઓ અપાર સફળતા અને લોકપ્રિયતા હાંસલ કરે તેવી જન્મદિને ભાજપ પરિવાર હાર્દિક શુભકામનાઓ પાઠવી છે તેમનો મોબાઈલ નંબર ૯૭૨૭૧૬૬૭૭૭ છે.

# તા.૧૯મીએ અઠવા ઝોનના વિવિધ વિસ્તારોમાં પાણી પુરવઠો મળશે નહીં

## તા.૨૦મીએ નિયત સમય મુજબ પાણી પુરૂ પાડવામાં આવશે

સુરત, તા.૧૭

સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં સરથાણા જળ વિતરણ મથક થી ખટોદરા જળ વિતરણ મથક થઈ અલથાણ, વેસુ, ડુમસ જળવિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકી ભરતી ૧૦૧૬ મી.મી. વ્યાસની એમ.એસ. રાઈઝીંગ લાઈનમાં અલથાણ જળવિતરણ મથક ખાતે વાલ્વ બદલવાની કામગીરી તા.૧૯/૦૨/૨૦૨૬ નાં રોજ સવારે ૦૯:૦૦ થી રાત્રીના કામગીરી પુર્ણ થાય ત્યા સુધી હાથ ધરવામાં આવનાર હોવાથી સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોનના વિવિધ જળવિતરણ મથકની અંડરગ્રાઉન્ડ ટાંકીઓ ભરી શકાય તેમ નથી. જેના કારણે સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોનના જળવિતરણ મથકો ધ્વારા સીધા બુસ્ટીંગ તેમજ ઓવરહેડ ટાંકીઓ ધ્વારા અપાતો નિયમિત પાણી પુરવઠો નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૧૯/૦૨/૨૦૨૬ ના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી. જેની જાહેર જનતાએ તકેદારીપૂર્વક નોંધ લઈ જરૂરીયાત મુજબનો પાણી પુરવઠો અગાઉથી મેળવી સંગ્રહ કરી તેનો બચત પૂર્વક ઉપયોગ કરવા વિનંતી. નાગરીકોને પડનાર અગવડ બદલ આથી દિલગીરી વ્યકત કરવામાં આવે છે તથા નાગરીકોને સહકાર આપવા વિનંતી છે.

સાઉથ-વેસ્ટ (અઠવા) ઝોન મુજબ પાણી પુરવઠાને અસર થનાર વિસ્તારોની વિગત નીચે મુજબ છે.

નીચે દર્શાવેલ વિસ્તારોમાં તા.૧૯/૦૨/૨૦૨૬ના રોજ પાણી પુરવઠો આપી શકાય તેમ નથી. જેમાં વેસુ-૧ જળ વિતરણ મથકથી G.D.Goenka કેનાલ રોડ સુધીનો રત્નરાજ, હેગડેવાર, રોયલ પેરાડાઈઝ, સુર્યા હેરીટેજ, Eco Garden, ESR-૭ નો ભરથાણા તથા કેનાલ રોડ વેસુ વિગેરે વિસ્તાર, ઓવરહેડ ટાંકી ઈજીઈ-૮ ના નેટવર્કનો સુમન શૈલ, વેસુ ગામતળ, શોમેશ્વરા ચોકડી, સુડાભવન, કૃષ્ણધામ, દેવદર્શન, સિધ્ધી રો હાઉસ, વેસુ ગામતળ, રત્ન જયોતિ, સોહમ હાઈટસ, ગૌતમ બુદ્ધ નગર અને સદર સોસાયટીઓનો આજુબાજુનો વિસ્તાર, સુમન સાગર, હાઈ ટેક એવન્યુ, L&T બેચરલ હોસ્ટેલ, નંદીની-૩, વાસ્તુગ્રામ ચોકડી, ESR-૫ અને ESR-૬ નો વેસુ, રૂંઢ, મગદલ્લાનો અને તેની આજુબાજુનો વિસ્તાર, વેસુ-૨ જળ વિતરણ મથકઃ- સાંજનો સપ્લાયઃ- ઓવરહેડ ટાંકી ESR-6A ના નેટવર્કના શ્યામ પેલેસ, શૃંગાર રેસીડેન્સી, નંદની-૧, ૨, નંદનવન-૩, સંગાથ રેસીડેન્સી, સ્ટાર ગેલેક્ષી, એલ એન્ડ ટી કોલોની, ઓ.એન.જી.સી. ફેઈઝ-૨, ફોઈનીક્ષા, ફલોરન્સ, ક્રિસ્ટલ પેલેસની આજુબાજુનો વિસ્તાર, ડુમસ જળ વિતરણ મથક :- સવારનો સપ્લાયઃ- ઓવરહેડ ટાંકી ઈજીઈ-૧૫ ના નેટવર્કનો ગવીયર, ડુમસ, કાદી ફળીયા, સુલતાનાબાદ, ભીમપોર ગામ તળ વિસ્તાર તથા સેટેલાઈટ બંગલો, અવધ ઉટોપીયા, એરપોર્ટ અને તેની આજુબાજુનો વિસ્તાર, ઓવરહેડ ટાંકી ઈજીઈ-૧૨ ના નેટવર્કનો અવધ કોપરસ્ટોન, અવધ કેરોલીના, વીકેન્ડ એડ્રેસ, મેરીઓન રેસીડેન્સી, અગ્રવાલ પ્રગતિ ટ્રસ્ટ, અને તેની આજુબાજુનો વિસ્તાર, અલથાણ તથા ભીમરાડ જળવિતરણ મથકઃ- બપોરનો સપ્લાયઃ- ટી.પી. ૪૩ (ભિમરાડ),ટી.પી. ૪૨ (ભિમરાડ-સુડા) અને ડ્રીમ સીટી ખજોદ, ભિમરાડ ગામ, સરસાણા ગામનો વિસ્તાર તેમજ ટી.પી.૩૬ (અલથાણ), ટી.પી. ૩૭ (અલથાણ દક્ષિણ) નો વિસ્તારનો સમાવેશ થાય છે.

**આવતી કાલે**
**પહેલા પાનાનું ચાલુ**

સરકાર દ્વારા આ પ્રકારની યોજનાઓ જાહેર કરાઇ હતી તેમાં વેપારી વર્ગને કોઇ મોટો લાભ નહી હોવાથી યોગ્ય પ્રતિસાદ મળ્યો ન હતો અને સરકારને પણ તેમાં જે કાંઇ હેતુ હતો તે સિધ્ધ થયો નથી આથી જ તે હવે રાજ્ય સરકાર દ્વારા નવી યોજના અંગે આવતીકાલના બજેટમાં કોઇ મહત્વ પૂર્ણ જાહેરાત કરાય તેવી શક્યતા છે.

રાજ્ય સરકારએ જો કે અગાઉ જ રીયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રો માટે જે સુવિધા સર્જી છે તે જોતા બજેટમાં સ્ટેમ્પ ડ્યુટી કે અન્ય કોઇ ફેરફારની શક્યતા નહીવત છે અને તેથી બજેટ એ ઇઝ ડુઇંગ પર વધુ મહત્વ આપશે તે નિશ્ચિત છે.

**યુએસે બાન કરેલા**
**પહેલા પાનાનું ચાલુ**

પહોંચાડ્યું હતું. સ્ટેલર રૂબી ઈરાનના ધ્વજ હેઠળ નોંધાયેલું રહ્યું છે. જ્યારે, અસ્ફાલ્ટ સ્ટાર મુખ્યત્વે ચીનની આસપાસના દરિયાઈ માર્ગો પર સક્રિય રહ્યું છે.

અમેરિકાના ટ્રેઝરી વિભાગના ઓફિસ ઓફ ફોરેન એસેટ્સ કંટ્રોલ (OFAC) એ ગયા વર્ષે ગ્લોબલ પીસ, ચિલ ૧ અને ગ્લોરી સ્ટાર ૧ નામના જહાજો પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમના IMO નંબર મુંબઈમાં જપ્ત કરાયેલા જહાજો સાથે મેળ ખાય છે. આ કારણોસર, આ જહાજો પ્રતિબંધોનું ઉલ્લંઘન કરીને તેલ વેપારમાં સામેલ હોવાની આશંકા છે.

**બાંગ્લાદેશમાં નવા**
**પહેલા પાનાનું ચાલુ**

મિસરી પણ સામેલ થશે. સમારોહમાં કુલ લગભગ ૧,૨૦૦ મહેમાનો સામેલ થશે.

મ્નના નેતૃત્વ હેઠળના ગઠબંધને ૩૦૦ સભ્યોની જાતીય સંસદમાં ૨૧૨ બેઠકો જીતીને બે-તૃતીયાંશ બહુમતી મેળવી છે.

તેમણે ચૂંટણી પ્રચાર દરમિયાન અર્થતંત્રને સ્થિર કરવા, મોંઘવારી પર કાબૂ મેળવવા અને કાયદો અને વ્યવસ્થાને મજબૂત કરવાને પોતાની પ્રાથમિકતા ગણાવી હતી.

આજના સમારોહ સાથે વચગાળાના વહીવટથી નવી ચૂંટાયેલી સરકારને કાર્યકારી અધિકારોનું ઔપચારિક હસ્તાંતરણ પૂર્ણ થઈ જશે.

**ગીગ વર્કર્સના પ્રતિનિધિ**
**પહેલા પાનાનું ચાલુ**

માનવું છે કે પોલિસી એવી હોવી જોઈએ કે લોકો પોતાની મરજીથી ગીગ વર્ક પસંદ કરે, ન કે મજબૂરીમાં.

સર્વેમાં એવા પ્લેટફોર્મ્સની પણ ટીકા કરવામાં આવી છે જે એલ્ગોરિધમ દ્વારા કામનું વિતરણ કરે છે. આ એલ્ગોરિધમ જ નક્કી કરે છે કે કોને કેટલું કામ મળશે, પરફોર્મન્સ કેવું છે અને કમાણી કેટલી થશે. આ નિયંત્રણને કારણે વર્કર્સ પર કામનું દબાણ વધી રહ્યું છે. તેઓ થાક અને તણાવનો શિકાર બની રહ્યા છે.દેશમાં ગીગ વર્કફોર્સ ખૂબ ઝડપથી વધી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૧માં ગીગ વર્કર્સની સંખ્યા ૭૭ લાખ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૫૫% વધીને ૧.૨ કરોડ પહોંચી ગઈ છે. હાલમાં કુલ વર્કફોર્સમાં તેમનો હિસ્સો ૨%થી વધુ છે. અંદાજ છે કે વર્ષ ૨૦૨૯-૩૦ સુધીમાં બિન-કૃષિ ક્ષેત્રની કુલ નોકરીઓમાં ગીગ વર્કનો હિસ્સો ૬.૭% થઈ જશે.

**દેશની જીડીપી વધતા**
**પહેલા પાનાનું ચાલુ**

વધવા લાગ્યું. માર્ચ ૨૦૨૧માં તે વધીને રૂ.૨૮.૫ લાખ કરોડ નોંધાયું હતું. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાના રિપોર્ટ મુજબ જે રીતે જીએસટી નોટીસ નાના વેપારીઓને મળવા લાગી. તેમાં તેઓ રોકડ વ્યવહાર પર વધ્યો છે.

લગભગ ૧૮૦૦૦ જેટલી જીએસટી નોટીસ મળતા જ અન્ય નાના વ્યાપારીઓ પણ સાવધ થઈ ગયા અને કયુઆર કોડ છુપાવીને રોકડનો વ્યવહાર કરવા આગ્રહ રાખવા લાગ્યા છે.

તો એટીએમ વ્યવહારોમાં પણ વધુ રોકડ ઉપડવા લાગી છે. ખાસ કરીને કર્ણાટક, આંધ્રપ્રદેશમાં આ ટ્રેન્ડ જોવા મળ્યો છે. બેન્કોનો ધીમો થાપણ વૃદ્ધિદર- વ્યાજના દર નીચા જતા લોકોને રોકડમાં બચત રાખવાની વૃતિ વધી છે. તો સોના-ચાંદીના ભાવમાં જે વધારો થયો તેનાથી લોકોએ ઘરમાં રહેલા સોના-ચાંદીનું વેચાણ કર્યુ જે પણ રોકડ વધી છે. જો કે તેમ છતા ડીજીટલ પેમેન્ટમાં તો વધારો થઈ જ રહ્યો છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ડેટા મુજબ યુપીઆઈ મારફત ૭૦-૮૦% ડીજીટલ વ્યવહારો થાય છે. છેલ્લા આંકડા મુજબ ૨૧૬૩ કરોડ વ્યવહારોમાં રૂા.૨૮ લાખ કરોડના વ્યવહારો થયા છે. રોકડમાં રૂા.૫૦૦ની નોટોનું પ્રમાણ ૪-૪% વધ્યુ છે તો નાના ચલણનું પ્રમાણ ઘટયું છે. રૂા.૨૦ની નોટોનું ચલણમાં પ્રમાણ ૩૬.૫૧% માંથી વધીને ૩૨.૪% થયુ છે.

**જીનીવામાં ઈરાન**
**પહેલા પાનાનું ચાલુ**

કમાન્ડે કડક નિવેદન બહાર પાડ્યું હતું. તેણે કહ્યું હતું કે ઈરાનને આંતરરાષ્ટ્રીય હવાઈ અને દરિયાઈ ક્ષેત્રમાં વ્યાવસાયિક રીતે કામ કરવાનો અધિકાર છે, પરંતુ તેણે અમેરિકી યુદ્ધ જહાજો કે વેપારી જહાજોને પરેશાન ન કરવા જોઈએ.

**મુખ્યમંત્રી માન દાખલ છે**
**પહેલા પાનાનું ચાલુ**

પછી સોમવારે ડિસ્ચાર્જ થઈને મોગામાં AAP સરકારની નશા વિરોધી રેલીમાં ભાગ લેવા ગયા. ત્યાં શ્વાસ લેવામાં તકલીફ થતાં સોમવારે સાંજે લગભગ ૫ વાગ્યે ફરી અહી દાખલ કરવામાં આવ્યા હતા.

મોહાલીની સ્કૂલ અને ફોર્ટિસ હોસ્પિટલને સવારે ૧૧ વાગ્યે બોમ્બથી ઉડાવીશું. પંજાબ હવે ખાલિસ્તાન બનીને રહેશે. સ્કૂલોની સાથે ફોર્ટિસ હોસ્પિટલને ભગવંત માન માટે ઉડાવવામાં આવશે. લોકો પોતાના બાળકોને બચાવો અને આજે મોહાલીની સ્કૂલો બંધ રાખો.

ભગવંત માનની લાશ ફોર્ટિસમાંથી કાઢીશું. માનને પોલોનિયમથી સંક્રમિત કરવામાં આવ્યા છે. જો તેઓ જીવતા બચી જશે તો બેઅંત (પૂર્વ CM બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયા હતા)ની જેવો હાલ કરીશું. ખાલિસ્તાન રેફરન્ડમનો બદલો લેવામાં આવશે. ખોટા પોલીસ એન્કાઉન્ટરનો બદલો ગેંગસ્ટર લેશે.

**અમેરિકામાં હાઈસ્કૂલની**
**પહેલા પાનાનું ચાલુ**

મેચના લાઈવ સ્ટ્રીમમાં દેખાયું કે જેમ જ એક ટીમ ડિફેન્સમાંથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે અચાનક ગોળીઓનો અવાજ ગુંજી ઊઠ્યો. ખેલાડીઓ બેન્ચ પાછળ છુપાવવા લાગ્યા. રેફરીએ તરત જ સીટી વગાડીને મેચ રોકી અને આઇસ રિંકમાંથી બહાર નીકળી ગયા. થોડી જ સેકન્ડમાં બંને ટીમો રિંગ છોડીને બોર્ડ ઉપરથી કૂદતાં બીજી બાજુના એક્ઝિટ તરફ ભાગી. પોલીસની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી. ઘટના બાદ વિસ્તારમાં ભારે પોલીસ બળ તહેનાત રહ્યું. સોમવાર સાંજ સુધી એરેનાની આસપાસના રસ્તાઓ પર પોલીસ પેટ્રોલિંગ ચાલુ રહ્યું.

**અટોદરા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

હતું.અને કાર્યક્રમ દરમિયાન ડાયરા નાં દાતાશ્રી પ.પૂ રમણબાપુ સ્મરણાર્થ લલીતાબેન રમણભાઈ ચૌહાણ,મહાપ્રસાદી નાં દાતા શ્રી દિપેશભાઈ પટેલ માજી તાલુકા પંચાયત સભ્ય ખલીપોરગામ અને તમામ દાતાશ્રીઓ તેમજ કાર્યક્રમને સફળ બનાવવામાં મદદરૂપ થનાર તમામનો અટોદરા ગામ તરફથી રમણ બાપુના પરિવાર તરફથી સન્માન કરી આભાર માનવામાં આવ્યો હતો.અને અટોદરા ભીડભંજન મહાદેવ મંદિર ખાતે યુવાન,કર્મનિષ્ઠ, ઉત્સાહી,સતત કાર્યશીલ,એવા નવનિયુક્ત સુરત જીલ્લા ભાજપ એસ સી મોરચા ના પ્રમુખ પ્રવિણ મકવાણા નું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું

**સમાજ પર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

અને ''ઔદ્યોગિકીકરણ અને સ્થાનિક સમુદાયો'' જેવા મહત્વપૂર્ણ વિષયો પર કી પેપર્સ અને સંશોધન પેપરો રજૂ થયા હતા. સમાપન પ્રસંગે સરદાર પટેલ યુનિવર્સિટીના નિવૃત પ્રોફેસર ડો. જયપ્રકાશ ત્રિવેદીએ ઔદ્યોગિકીકરણ અને સામાજિક પરિવર્તન વિષય પર પોતાના વિચારો થકી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અંતે આભારવિધિ અને પ્રમાણપત્ર વિતરણ સાથે સેમિનાર સફળતાપૂર્વક પૂર્ણ થયો. સદર સેમીનારમાં પ્રોફેસરો, સંશોધકો અને વિદ્યાર્થીઓ મળી લગભગ ૨૫૦થી વધુ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સેમીનારનું સંચાલન વિભાગના અધ્યાપક ડૉ. મોસમ ત્રિવેદીએ કર્યું હતું તથા આભારવિધિ ડૉ.બહાદુરસિંહ વસાવાએ કરી હતી.

**સુ.મ.વ અઠવા**
**પેજ-૨ પાનાનું ચાલુ**

આપી. પ્રમુખ ભારતીબેન દૂધવાળા એ સ્વાગત પ્રવચન કર્યું, અમીશાબેન ગાંધી અને અનિષા પટેલ સભાનું સંચાલન કર્યું.મિતાબેન ગાંધી એ વ્યવસ્થા સંભાળી અને મીતાબેન ગાંધી આભારવિધિ કરી સભાનું સમાપન કર્યું હતું.

**પ્રેમના આકર્ષણ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

હતી.સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફે યુવતીને ઘર જેવું વાતાવરણ પૂરું પાડી સતત કાઉન્સેલિંગ કર્યું. તેને કારકિર્દી અને શિક્ષણનું મહત્વ સમજાવ્યું. આ ઉંમર પ્રેમની નહીં, પણ શિક્ષણ અને કારકિર્દી ઘડવાની છે એવી સમજ આપી. સેન્ટર દ્વારા જ્યારે પ્રેમી યુવકનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેણે યુવતી સાથે લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. યુવકની હકીકત સામે આવતા અને સ્ટાફની યોગ્ય સમજણ બાદ યુવતીને પોતાની ભૂલ સમજાઈ હતી. તે ઉચ્ચ અભ્યાસ કરવા અને માતા-પિતા પાસે પરત જવા રાજી થઈ હતી. મહિલા અને બાળ અધિકારીશ્રી આર. એન. ગામિત તથા દહેજ પ્રતિબંધક સંરક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ બે મહિનાના લાંબા ગાળા બાદ દીકરીનું પરિવાર સાથે સુખદ પુનઃમિલન કરાવવામાં આવ્યું હતું. દીકરીને હેમખેમ પરત મેળવતા પરિવારે સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

**પ્રકૃતિના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

શકતો નથી. આનું કારણ જમીનના જૈવિક સ્વાસ્થ્યની ઊણપ છે. પ્રાકૃતિક ખેતી જમીનમાં 'વાપ્સા' અને 'હ્યુમસ'નું નિર્માણ કરે છે. જમીનની નીચેની પ્રતમાં જમા થયેલા પોષક તત્વોને ઉપરની સપાટીએ લાવવાનું મહાન કાર્ય આપણા દેશી અળસિયાં કરે છે. આ અળસિયાઓ વિઘટન અને કેશાકર્ષણ શક્તિ દ્વારા પોષક તત્વોને ખેંચી લાવી મૂળને ઉપલબ્ધ કરાવવાનું કાર્ય કરી જમીનને જીવંત બનાવે છે.

**દેશી ગાય પ્રાકૃતિક ખેતીનો મજબૂત આધાર**

પ્રાકૃતિક કૃષિ માટે સૌથી મહત્વનું તત્વ દેશી ગાયનું છાણ છે. દેશી ગાયના એક ગ્રામ છાણમાં ૩૦૦ થી ૫૦૦ કરોડ ઉપયોગી સૂક્ષ્મ જીવાણુઓ હોય છે, જે જમીનને ભોજન ઉપલબ્ધ કરાવે છે. એક ગાયનું એક દિવસનું છાણ એક એકર જમીનને એક મહિના માટે પોષણ આપવા સક્ષમ છે. એટલે કે, માત્ર એક ગાય દ્વારા ૩૦ એકર સુધીની ખેતીને એક મહિનામાં પોષણ પૂરું પાડી શકાય છે.

આમ, પ્રાકૃતિક ખેતી એ માત્ર પદ્ધતિ નથી, પણ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવાનો માર્ગ છે. ચાલો, રાસાયણિક મુક્ત ખેતી અપનાવીએ, જમીનનું સ્વાસ્થ્ય સુધારીએ અને પ્રકૃતિના સંવર્ધન સાથે ઉત્તમ અર્થોપાર્જન તરફ આગળ વધીએ.


**છેલ્લા પાનાનું ચાલુ**
**સુરતના ૨૧**

દ્વારા લેવામાં આવશે. જેમાં ધોરણ ૧૦ના ૮૩ વિષય અને ધોરણ-૧૨ના ૧૨૦ વિષયોનો સમાવેશ થાય છે. આ અંગે વધુ માહિતી આપતા સીબીએસઈ બોર્ડના સિટી-કો ઓર્ડિનેટર રાજીવ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે સુરતમાં ઘણા સ્થળોએ મેટ્રોની કામગીરી ચાલી રહી છે, જેના કારણે તે વિસ્તારોમાં પરીક્ષા સેન્ટર ફાળવવામાં આવ્યા નથી. આ ઉપરાંત સીબીએસઈ બોર્ડની પરીક્ષાઓ માટે પાંચ સભ્યોની ફ્લાઈંગ સ્ક્વોડ પણ બનાવવામાં આવી છે. તેમજ ૨૧ સેન્ટરો પર એક્સ્ટર્નલ ઓબ્ઝર્વરની પણ નિમણૂક કરવામાં આવી છે.

**ટ્રેડ ડીલના**

અસરગ્રસ્ત થશે, જે ગુજરાતના ખેડૂતો માટે આર્થિક સંકટ સર્જી શકે છે. ભારત સરકાર ટ્રેડ ડીલની તમામ વિગતો પારદર્શક રીતે જાહેર કરી રહી નથી, જ્યારે અમેરિકાના કૃષિ મંત્રીએ ખુલ્લેઆમ નિવેદન આપ્યું છે કે અમેરિકન ખેડૂતો અને પશુપાલકો માટે વિશાળ ભારતીય બજાર ખોલવામાં આવ્યું છે. આ બાબતનો આમ આદમી પાર્ટી સખત શબ્દોમાં વિરોધ કરે છે અને આ ટ્રેડ ડીલને રદ્દ કરવાની માંગણી કરે છે.

જો આ ડીલ રદ ન થઈ તો, આમ આદમી પાર્ટી એક જવાબદાર રાષ્ટ્રીય પક્ષ તરીકે આ ટ્રેડ ડીલના સંભવિત નુકસાન અંગે જનતાને માહિતગાર કરશે અને દેશના ખેડૂતો, પશુપાલકો અને ઉદ્યોગોને બચાવવા માટે રાજ્યવ્યાપી કાર્યક્રમો અને આંદોલન કરશે. દેશના સાર્વભૌમ હિતોને ગીરવે મૂકવા જેવા કોઈપણ પગલાં સામે લોકમત ઊભું કરવામાં આવશે અને ખેડૂતોના હિતોની રક્ષા માટે મજબૂત લડત લડવામાં આવશે.



# અંકલેશ્વર પબ્લીક સ્કુલમાં ધો.૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

સુરત, તા.૧૭

વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ સામાજીક અગ્રણી જયકાંતભાઇ પટેલ જણાવ્યુંકે આ સ્કુલમાંથી આપ ઘણું બધું મેળવીને સીખીને જઇ રહ્યા છો એમાં સાથે હસ્યા,સાથે શીખ્યા,સાથે સપના જોયા અને ખુબ સારુ શિક્ષણ મેળવ્યું.હું મારી આપના ઉજવ્વળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવું છું.સંસ્થાના પ્રમુખ નાઝુ ફડવાલાએ જણાવ્યું કે સવૅ વિધ્યાથૅઓને બાળપણથી કિશોરાવસ્થા સુધી આ સ્કુલ સાથે સંબઘ રહ્યો.પ્રથમ દિવસની શરમ,મિત્રતાની મીઠી યાદો અને પરીક્ષાનો તણાવ અને સફળતાની ખુશી તમે જોઇ છે.ધોરણ ૧૦ એ આપની કારકીૅદીનું પહેલું પગથયું છે.આપ જરુર સફળ થશો. શિક્ષકા નિમીષા પટેલે વિધ્યાથૅઓને પરિક્ષાનું માગૅદશૅન અને પ્રોત્સાહાન આપી સફળતાની શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમમાં સેકન્ડરી અને હાયર સેકન્ડરીના આચાર્ય કવીતા કાલગુડે અને પ્રી-પ્રાયમરી અને પ્રાયમરી ના આચાયૅ શ્રદ્ધા પટેલ ની ઉપસ્થીતીમાં યોજાયો હતો,જેમાં સ્કુલ ના ટ્રસ્ટી સ્કુલના શિક્ષકો દ્વારા વિધ્યાથૅઓની ઉપસ્થીતીમાં કાયૅકમ યોજાયો હતો.વિદ્યાર્થીઓએ સાંસ્કૃતીક કાયૅકમ રજુ કયૉ હતો.વિધ્યાથૅઓએ પોતાના સ્કુલ અને શિક્ષકો સાથે અનુભવો રજુ કયા હતા. કાયૅકમનું સંચાલન શિક્ષકા સફરીન શેખ દ્વારા કરવામાં આવ્યું હતુ.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
મંગળવાર, તા.૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરતની ફાઈનલ મતદાર યાદી જાહેર ૧૨.૩૪ લાખ મતદારોની બાદબાકી

## સુરતમાં કુલ ૩૬,૩૯,૦૪૨ મતદારોના ફાઈનલ યાદીમાં સમાવેશ : ચોર્યાસી વિધાનસભામાં સૌથી વધુ ૧,૮૩,૫૬૧ મતદારો સર પ્રક્રિયા અંતર્ગત ઘટી ગયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૭**

આજે સુરત સહિત રાજયભરના મતદારોની ફાઈનલ યાદી જિલ્લા પ્રમાણે કલેક્ટર દ્વારા જાહેર કરવામાં આવી છે. દરમિયાન સુરત શહેર જિલ્લાની વિધાનસભા વિસ્તારની ફાઈલ યાદી સુરત કલેક્ટર ડો.સૌરભ પારઘી દ્વારા જાહેર કરાઈ છે. સર પ્રક્રીયા અંતર્ગત તૈયાર કરાયેલી મતદાર યાદીમાં કુલ ૪૮,૭૩,૫૧૨ મતદારો હતા જેમાંથી ૧૨,૩૪,૪૭૦ મતદારો ઘટીને ફાઈનલ યાદીમાં કુલ ૩૬,૩૯,૦૪૨ થયા છે. મતદારો ઘટી ગયા હોવાનું જાણવા મળ્યું છે. સુરતની ૧૬ એસેમ્બલીના મળી કુલ ૩૬,૩૯,૦૪૨ મતદારો નોંધાયા છે. ચોર્યાસી વિધાનસભાના ૧,૮૩,૫૭૧ મતદારો ઘટી ગયા હોવા છતાં ચોર્યાસી વિધાનસભા રાજ્યની સૌથી મોટી વિધાનસભા બની છે. આ અંગે સાંજે ૫ કલાકે કલેક્ટર કચેરી ખાતે પત્રકાર પરિષદનું પણ આયોજન કરાયું હોવાનું જાણવા મળ્યું છે.

સુરત કલેક્ટર ડો.સૌરભ પારઘી તેમજ મુખ્ય ચુંટણી અધિકારી દ્વારા આજે મતદારોની ફાઈલ યાદી તૈયાર કરી દેવામાં આવી છે. સર પ્રક્રીયા અંતર્ગત સુરત સહિત સમગ્ર રાજયની મતદારોની યાદી તૈયાર કરવા માટે બુથ લેવલ ઓફીસરો દ્વારા રાત દિવસ એક કરીને મહેનત કરવામાં આવી હતી. બીએલઓની કામગીરી બાદ વાંધા અરજીઓ સહિત ડોક્યુમેન્ટ સબમીટ કરવાની પ્રક્રીયા ચાલી હતી. દરમિયાન આજે સુરતની ઓલપાડ, માંગરોળ, માંડવી, કામરેજ, સુરત ઈસ્ટ, સુરત નોર્થ, વરાછા રોડ, કરંજ, લિંબાયત, ઉધના, મજુરા, કતારગામ સુરત વેસ્ટ, ચોર્યાસી તેમજ બારડોલી અને મહુવા એસેમ્બલીના મતદારોની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કુલ ૧૬ વિધાનસભા પૈકી સુરત-ચોર્યાસીમાં સૌથી વધુ ૪,૨૯,૬૯૯ મતદારો નોંધાયા છે. જ્યારે કરંજમાં ૧,૦૧,૩૩૫ મતદારો નોંધાયા છે.

### હજુ પણ વાંધા અરજીઓ એક મહિના સુધી કરી શકાશે

ચૂંટણીપંચની મંજુરી બાદ જાહેર થનારી મતદાર યાદીમાં જો કે હજુ વાંધા અરજીઓ માટે એક માસનો સમય અપાશે. રાજ્યમાં નવા મતદાર નોંધાવવા માટે સાત લાખ જેટલી અરજીઓ મળી હતી. જ્યારે ફોર્મ નં.૭ હેઠળ જે નામોની કમીનો સૌથી મોટો વિવાદ સર્જાયો હતો તેમાં ૧.૮૩ લાખ જેટલી અરજીઓમાં ચૂંટણી પંચે જે નોંધી છે તે પછી ફાઈનલ મતદાર યાદીમાં જે નામો કમી થયા છે તે અંગે પણ ખ્યાલ આવશે.

| વિધાનસભા ક્રમાંક | વિધાનસભા નામ | કુલ |
|---|---|---|
| 155 | ઓલપાડ | 367315 |
| 156 | માંગરોળ | 205457 |
| 157 | માંડવી | 228876 |
| 158 | કામરેજ | 423655 |
| 159 | સુરત પૂર્વ | 170928 |
| 160 | સુરત ઉત્તર | 118634 |
| 161 | વરાછા રોડ | 140192 |
| 162 | કરંજ | 101335 |
| 163 | લીંબાયત | 208661 |
| 164 | ઉધના | 165895 |
| 165 | મજુરા | 196581 |
| 166 | કતારગામ | 239189 |
| 167 | સુરત પશ્ચિમ | 214315 |
| 168 | ચોર્યાસી | 429699 |
| 169 | બારડોલી | 218912 |
| 170 | મહુવા | 209398 |
| | કુલ | 3639042 |

# મ્યુનિ. કમિશનરના નામનું બોગસ વોટ્સએપ એકાઉન્ટ બનાવી દેવાયું

## કમિશનર એમ.નાગરાજનના નામે વોટ્સએપ પર કોઈ મેસેજ મળે તો ધ્યાને નહીં લેવા જનતાને અપીલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૭**

સુરત મહાનગર પાલિકાના નવ નિયુક્ત કમિશનર એમ.નાગરાજનના નામનો ઉપયોગ કરીને એક બોગસ વોટ્સએપ એકાઉન્ટ બનાવાયું હોય આ એકાઉન્ટથી કમિશનરના નામે કોઈપણ મેસેજ કે કોલ કરે તો તેના પર ધ્યાન ન દેવા સુરત મહાનગર પાલિકા દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી હતી. કમિશનરના નામનું જ બોગસ એકાઉન્ટ બનાવનાર અંગે શહેરની વિશેષ પોલીસ શાખાઓ દ્વારા પણ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળી રહયું છે.

સુરત મહાનગર પાલિકાના કમિશનર તરીકે ચાર્જ સંભાળનાર એમ.નાગરાજન હાલ બજેટ ચર્ચામાં વ્યસ્ત છે ત્યારે તેમના નામે કોઈક ભેજાબાજે વોટ્સએપ એપ્લીકેશન મારફતે એકાઉન્ટ બનાવ્યું હોવાનું સામે આવ્યું છે. એમ.નાગરાજનનો ફોટો વોટ્સએપમાં મુકી તેમના નામે એકાઉન્ટ બનાવાયું હોય આ અંગે પાલિકાના અધિકારીઓના ગ્રુપમાં મેસેજ ફરતા થયા છે. કમિશનર એમ.નાગરાજનના નામે એકાઉન્ટ બનાવનારને શોધવા પોલીસને પણ જાણ કરાઈ હોવાનું સુત્રો જણાવી રહયા છે.

એમ.નાગરાજનનું એકાઉન્ટ બનાવનાર કોઈ ફ્રોડ વ્યક્તિ હોય જેથી એમ.નાગરાજનના નામે કોઈ મેસેજ કે કોલ આવે તો તેના પર ધ્યાન નહીં દેવા જાહેર જનતાને અપીલ પણ કરવામાં આવી છે.

# બાળકો ચોરી કરતી ટોળકી સક્રિય થઈ હોવાની અફવા ઉડી

## સુરતમાં આવી કોઈ ગેંગ ફરતી નથી : પોલીસનો ખુલાસો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૭**

છેલ્લા કેટલાક સમયથી સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં સોશિયલ મીડિયા દ્વારા 'બાળકો ચોરી કરનારી ગેંગ' સક્રિય હોવાની વાતો વહેતી થઈ છે. સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે સ્પષ્ટતા કરી છે કે આ વાતો તદ્દન ખોટી અને પાયાવિહોણી અફવા છે.

અસામાજિક તત્વો દ્વારા નાગરિકોને ઉશ્કેરવા માટે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા માધ્યમો પર આવી પોસ્ટ શેર કરવામાં આવી રહી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચ હાલ આવા તમામ સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર ચુસ્ત સર્વેલન્સ રાખી રહી છે. અફવા ફેલાવનારા તત્વો સામે પોલીસે કાયદેસરની તપાસ અને કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે.

નાગરિકોને ખાસ વિનંતી કરવામાં આવી છે કે, કોઈપણ પુષ્ટિ વગરના મેસેજ કે વીડિયો ફોરવર્ડ કરશો નહીં.

જો કોઈ વ્યક્તિ આવી અફવા ફેલાવતી જણાય, તો તાત્કાલિક પોલીસને જાણ કરો. શહેરમાં શાંતિ જાળવવા પોલીસને સહકાર આપો.

# સુરતના ૨૧ કેન્દ્રોમાં સીબીએસઈ બોર્ડ પરીક્ષાનો શાંતિપૂર્ણ આરંભ

## ધો.૧૦ અને ધો.૧૨ના ૧૬૪૧૫ વિદ્યાર્થીઓની પરીક્ષા



**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

મંગળવારથી સીબીએસઈ બોર્ડની લેખિત પરીક્ષાઓ શરૂ થઈ છે. સુરતના ૨૧ સેન્ટર પર કુલ ૧૬,૪૧૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યાં છે. પ્રથમ દિવસે ધો.૧૦માં ગણિત સ્ટાન્ડર્ડ અને ગણિત બેઝિક વિષયની પરીક્ષા લેવાશે. ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓની એન્ટરપ્રિનોરશિપ-બાયોટેક્નોલોજીની પરીક્ષા છે. સીબીએસઈ બોર્ડની ગત ૧ જાન્યુઆરી ૨૦૨૫થી પ્રેક્ટિકલ પરીક્ષાઓનો પ્રારંભ થયો હતો, જે ૧૪ ફેબ્રુઆરીએ શનિવારે પૂર્ણ થઈ હતી. આ સાથે જ મંગળવારે ૧૫ ફેબ્રુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ની થિયરી પરીક્ષાઓ શરૂ થવા જઈ રહી છે. સુરતમાં સીબીએસઈ સંલગ્ન ૭૭ સ્કૂલો આવેલી છે, આ પૈકી ૨૧ પરીક્ષા સેન્ટરો પર બોર્ડની પરીક્ષા યોજાઈ રહી છે. આ પરીક્ષામાં કુલ ૧૬,૪૧૫ વિદ્યાર્થીઓ નોંધાયા છે, જેમાં ધોરણ ૧૦ના ૭,૭૬૫ વિદ્યાર્થીઓ જ્યારે ધોરણ ૧૨માં ૮,૬૫૦ વિદ્યાર્થીઓ નોંધાયા છે. ધોરણ ૧૨ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૧૦ એપ્રિલના રોજ પૂર્ણ થશે. ધોરણ ૧૦ની પરીક્ષા ૧૭ ફેબ્રુઆરીના રોજ શરૂ થશે અને ૧૧ માર્ચના રોજ પૂર્ણ થશે. ધોરણ ૧૦ અને ૧૨ના મળી કુલ ૨૦૩ વિષયોની પરીક્ષા બોર્ડ

અનુસંધાન પાના ૭ પર

# ચેક રિટર્ન કેસમાં આરોપી વિનોદ બંસલને એક વર્ષની કેદ

## ગ્રે કાપડના સાટામાં અપાયેલા ચેક રિટર્ન થયા હતા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

આ કેસની વિગત અનુસાર ચંદ્રેશ કુરજીભાઈ કુકડીયા (ઉ.વ.૩૨)જેન્યા ટેક્ષટાઈલના નામે કામરેજ રોડ ડાયમંડ નગરની બાજુમાં કળથીયા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ૧૯૦, ૧૯૧માં ૬૦ ગ્રામ ગ્રે કાપડનું મેન્યુફેક્ચરનો ધંધો કરે છે.વિનોદ બંસલ (રહે.સુર્યા કોમ્પલેક્ષ, અણુવ્રતદ્વાર, સીટી લાઈટ) કોહીનુર માર્કેટમાં બંસલ ફેશનના નામે જુદા જુદા પ્રકારનું વર્ક કરીને સાડીઓ વેચાણ કરે છે.

દરમિયાન ચંદ્રેશ કુકડીયા અને વિનોદ બંસલ દલાલ પવન શર્મા મારફતે સંપર્કમાં આવ્યા હતા. ધંધાકીય સંબંધો વિકસ્યા બાદ છેલ્લા ઘણા સમયથી વિનોદ બંસલ ચંદ્રેશ કુકડીયા પાસેથી ગ્રે કાપડની ખરીદી કરતા હતા. અલગ-અલગ બીલ ચલણથી રૂ.૫ લાખનું ગ્રે કાપડ ખરીદી કરાયા બાદ તેનું પેમેન્ટ પેન્ડીંગ હતું.જેથી લેણી રકમની માંગણી કરતા વર્ષ ૨૦૧૭ના સમયગાળામાં ૧૨ ચેક વિનોદ બંસલે લખી આપ્યા હતા. જોકે આ ચેક ફંડ ઈનસફીશીયન્ટના શેરા સાથે રિટર્ન થયા હતા. જેથી ચંદ્રેશ કુકડીયાએ એડવોકેટ યોગેશ કે.જોગાણી મારફતે કોર્ટમાં કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે એડવોકેટ યોગેશ કે.જોગાણીની દલીલો અને રિટર્ન થયેલા ચેક સંબંધીત પુરાવાઓ ધ્યાને લઈ આરોપી વિનોદ બંસલને ૧ વર્ષની કેદ અને રીટર્ન થયેલા ચેકની રકમ ફરીયાદી ચંદ્રેશ કુરજીભાઈ કુકડીયાને ચુકવી દેવા હુકમ કર્યો હતો.

# ઉમરા નિર્મળનગરમાં માતા-પુત્રના આપઘાત કેસમાં પૂર્વ પતિ વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો

## પૂર્વ પતિ, સાસુ અને નણંદ માનસિક ત્રાસ ગુજારતા મહિલાએ ચાર વર્ષના દિકરા સાથે ફાંસો ખાધો હતો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૭**

ગયા સપ્તાહે ઉમરા પાસપોર્ટ ઓફિસ પાસે રહેતી યુવાન ત્યક્તાએ ફુલ જેવા ૪ વર્ષીય માસુમ પુત્રને ફાંસો લગાવી પોતે પણ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ કેસમાં મૃતક મહીલાના પરિવારે અમદાવાદ ખાતે રહેતા તેણીના પતિ અને સાસરી પક્ષ સામે આત્મહત્યા દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી હતી.પૂર્વ પતિ, સાસુ અને બે નણંદો દ્વારા મૃતકને જાતિ વિષય અપશબ્દ બોલી તેમજ ઝઘડો કરી માનસિક ત્રાસ ગુજારવામાં આવતો હતો. જેથી આ પગલું ભરવા મજબૂર બની હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ ઉમરાગામ સ્થિત પાસપોર્ટ ઓફિસ નજીક નિર્મળનગરમાં ૨૬ વર્ષીય પુનમ સંતોષ તાયડે તેના ૪ વર્ષીય પુત્ર શિવાય સાથે એકલી રહેતી હતી. પુનમ તાયડેના ૩ વર્ષ પહેલા મેરેજ બ્યુરો મારફતે અમદાવાદમાં રહેતા અને કપડાની દુકાનમાં કામ કરતા કરણ શાહ સાથે લગ્ન થયા હતા. જેના થકી પુત્ર શિવાય અવતર્યો હતો. જોકે બંને પતિ-પત્ની વચ્ચે છુટાછેડા થઈ ગયા હતા. અને હાલ પુનમ તેના પુત્ર શિવાય સાથે ઉમરાગામમાં રહેતી હતી. ગત. ૧૪ ફેબ્રુઆરીએ સવારે પુનમએ પુત્ર શિવાયને દુપટ્ટા વડે ફાંસો આપી પોતે પણ ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ મામલે ઉમરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી. પુનમના ભાઈ સોપાન તાયડેએ પૂનમના પતિ કરણ જયેશ શાહ, સાસુ કૈલાશ શાહ, નણંદ હિરલ અને ઉમંગ વિરુદ્ધ દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, પતિ સહિતના આરોપીઓ પૂનમ સાથે ઝઘડો કરી માનસિક ત્રાસ આપતા હતા તેમજ તેણીને જાતિ વિષયક આપ શબ્દો બોલી તેનું અપમાન પણ કરતા હતા જેથી પુનમ મરવા મજબૂર થઈ હતી. પૂનમના ભાઈની આ ફરિયાદ લઈ ઉમરા પોલીસે પતિ કરણ સાસુ અને બે નણંદો સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

# માર્કેટમાં મહિલાના ગળામાંથી ૩.૫૦ લાખની સોનાની માળાની ચોરી

## પાસોદરા શાકભાજી બજારમાં મહિલાની નજર ચૂકવી કિમતી માળા સેરવી લેવાઈ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૭**

પાસોદરા મહાદેવ મંદીર પાસે શાકભાજી માર્કેટમાં શાકભાજી લેવા માટે ગયેલી મહિલાના ગળામાંથી રૂ.૩.૫૦ લાખની કિંમતની સોનાની માળા ચોર ઈસમે નજર ચુકવી શેરવી લીધી હતી. શાકભાજી લેતા સમયે માળાની ચોરી કરી લેવાઈ હોય આ અંગે મહિલાને જાણ થતા તાત્કાલિક લસકાણા પોલીસ મથકે જઈ ફરીયાદ નોંધાવી હતી. પોલીસે શાકભાજી માર્કેટ તેમજ આસપાસ લાગેલા સીસીટીવી કેમેરાને આધારે તપાસ હાથ ધરી છે.

લસકાણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લસકાણા વિસ્તારમાં રહેતી એક મહિલા ગઈકાલે પાસોદરા મહાદેવ મંદીર પાસે આવેલી શાકભાજી માર્કેટમાં શાકભાજી લેવા માટે ગઈ હતી. દરમિયાન સાંજના સાડા ચાર થી સવા પાંચ વાગ્યાની આસપાસ મહિલા શાકભાજી લઈ રહી હતી તે સમયે કોઈક અજાણી મહિલા અથવા પુરૂષે મહિલાના ગળામાંથી રૂ.૩.૫૦ લાખની કિંમતની ૨૪.૬૯૦ ગ્રામ સોનાની માળ શેરવી લીધી હતી. આ મામલે ગઈકાલે લસકાણા પોલીસ મથકે ફરીયાદ નોંધાવાઈ હતી.

# ટ્રેડ ડીલના વિરોધમાં કલેક્ટર કચેરી ખાતે આપનું વિરોધ પ્રદર્શન

## અમેરિકા સાથે વેપાર કરારથી પશુપાલકો, ખેડૂતો હિરા તથા ટેક્સટાઈલ ઉદ્યોગને ફટકો પડવાનો આમ આદમી પાર્ટીનો દાવો




**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૭**

અમેરિકા ભારત વચ્ચે થયેલ ટ્રેડ ડીલ રદ કરવા બાબતે સુરત આમ આદમી પાર્ટી દ્વારા સુરત જિલ્લા કલેક્ટર મારફતે ગુજરાતના રાજ્યપાલને પાડવાયેલા આવેદન પત્રમાં જણાવાયું હતું કે, ભારત સરકાર દ્વારા કરવામાં આવેલી અમેરિકા સાથેની ટ્રેડ ડીલ દેશના સાર્વભૌમત્વ, આર્થિક નીતિ અને કૃષિ ક્ષેત્ર માટે ગંભીર પડકાર ઊભો કરે છે. આ ડીલ દ્વારા ખેતી, પશુપાલન, ટેક્સટાઈલ, હીરા ઉદ્યોગ સહિતના અનેક ક્ષેત્રોનું ભવિષ્ય જોખમમાં મૂકવામાં આવ્યું છે. ડેરી ઉત્પાદનોને ઝીરો ઈમ્પોર્ટ ડ્યુટી સાથે ભારતમાં આયાત કરવાની છૂટ આપવામાં આવે તો તે ભારતના અને આપણા ગુજરાતના પશુપાલકો માટે ઘાતક સાબિત થઈ શકે છે.

જો અમેરિકન કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદનોને ભારતના બજારમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે અને બીજી તરફ ભારતીય ઉત્પાદનો પર અમેરિકામાં ડ્યુટી લાગુ રહેશે, તો ટેક્સટાઈલ ઉદ્યોગ સહિતના ક્ષેત્રો પર ખૂબ જ ગંભીર અસર પડશે. ટેક્સટાઈલ ઉદ્યોગ ન ટકે તો કપાસની ખેતી પણ

અનુસંધાન પાના ૭ પર

# મારામારીમાં વજનીયુ માથામાં ઝીંકી દેવાતા યુવક લોહીલુહાણ

## વરાછા ઈશ્વર કૃપા શોકભાજી માર્કેટમાં બબાલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૧૭**

વરાછા ઈશ્વરકૃપા શાકભાજી માર્કેટમાં શાકભાજી વેચતા ૨૦ વર્ષિય યુવકને ત્રણ ઈસમોએ ઝઘડો કરી શાકભાજીની લારીમાંથી વજનીયુ લઈ માથામાં મારી ગંભીર ઈજા કરી હતી. આ અંગે શાકભાજીવાળા દ્વારા વરાછા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર વરાછા ઈશ્વરકૃપા શાકભાજી માર્કેટ પાસે ખાડી મહોલ્લામાં રહેતા ક્રિષ્ણા સંતોષ અસ્વર ઉ.વ.૨૦ ગઈકાલે સાંજના સમયે શાકભાજી માર્કેટમાં વેચાણ પર હતો તે સમયે ક્રિષ્ણા નવરાજ વિશ્વકર્મા સુરજ વિશ્વકર્મા અને એક અજાણ્યા ઈસમે તેની સાથે ઝઘડો કરી તેને ક્રિષ્ણા વિશ્વકર્માએ વજનીયુ હાથમાં લઈ માથાના ભાગે મારી દીધું હતું. લોહી લુહાણ થઈ ગયેલા ક્રિષ્ણા અસ્વરને હવે બીજી વખત દેખાયો તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી ત્રણેય ઈસમો ફરાર થઈ ગયા હતા.


## પશ્ચિમ રેલવે છ જોડી ખાસ ટ્રેનોની ટ્રીપ લંબાવશે

| ટ્રેન નંબર | પ્રતિ | થી | સેવાનો દિવસ | સુધી લંબાવ્યું |
|---|---|---|---|---|
| 09001 | મુંબઈ સેન્ટ્રલ | ભિવાની | દ્વિ-સાપ્તાહિક | 27/03/2026 |
| 09002 | ભિવાની | મુંબઈ સેન્ટ્રલ | દ્વિ-સાપ્તાહિક | 28/03/2026 |
| 09085 | મુંબઈ સેન્ટ્રલ | ઇન્દોર | ત્રિ-સાપ્તાહિક | 27/03/2026 |
| 09086 | ઇન્દોર | મુંબઈ સેન્ટ્રલ | ત્રિ-સાપ્તાહિક | 28/03/2026 |
| 09049 | દાદર | ભુસાવલ | સાપ્તાહિક | 27/03/2026 |
| 09050 | ભુસાવલ | દાદર | સાપ્તાહિક | 27/03/2026 |
| 09051 | દાદર | ભુસાવલ | ત્રિ-સાપ્તાહિક | 28/03/2026 |
| 09052 | ભુસાવલ | દાદર | ત્રિ-સાપ્તાહિક | 28/03/2026 |
| 09005 | બાંદ્રા ટર્મિનસ | ભિવાની | સાપ્તાહિક | 25/03/2026 |
| 09006 | ભિવાની | બાંદ્રા ટર્મિનસ | સાપ્તાહિક | 27/03/2026 |
| 09057 | સુરત | મેંગાલુરુ | દ્વિ-સાપ્તાહિક | 29/03/2026 |
| 09058 | મેંગાલુરુ | સુરત | દ્વિ-સાપ્તાહિક | 30/03/2026 |

સ્ટોપેજ, સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર 09001, 09085, 09086, 09049, 09051, 09005, 09057 માટે વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ 17/02/2026 થી બધા પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસી વેબસાઇટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેનો તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને બધી આરક્ષિત ટિકિટોની સાથે પોતાનો સાચો પરિચય પત્ર પણ સાથે રાખવો.